પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

કોઈની ફોન ગેલેરીમાં રહેવું ઘણું સરળ છે, પણ કોઈની પ્રાર્થનામાં આપણું સ્થાન હોય એ ખૂબ જ અમૂલ્ય છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૮-૩-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૯

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

### ૫૦૦૦ પાઉન્ડના બંકર બ્લાસ્ટરને બોમ્બ બાન્ડિંગ કરતું અમેરિકા

# યુધ્ધ ભયંકર તબક્કામાં પહોંચ્યુંઃ સાઉદીએ આરબ અને મુસ્લિમ દેશના વડાઓની બેઠક બોલાવી

## યુધ્ધથી સાઉદી અરેબિયા તેમજ આરબના દેશો પર આર્થિક અસર પડતા વેપાર ઠપ્પ થયા

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે તેના સૌથી વિનાશક અને ભયંકર તબક્કામાં પહોંચી ગયું છે. ઈઝરાયેલ, ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા જતા સીધા સૈન્ય સંઘર્ષને રોકવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે સાઉદી અરેબિયાએ તાકીદની બેઠક બોલાવી છે. સાઉદી શાસકોએ વિશ્વના તમામ પ્રભાવશાળી આરબ અને ઈસ્લામિક દેશોના મંત્રીઓ અને વડાઓને આ સંકટ પર ચર્ચા કરવા માટે મંત્રણાનું નિમંત્રણ આપ્યું છે.

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ ગણાતા હોર્મુઝની સામુદ્રધુની વિસ્તારમાં અમેરિકી સૈન્યએ ઈરાનની મજબૂત મિસાઈલ સાઈટ્સ પર ભીષણ હુમલો કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડએ પુષ્ટિ કરી છે કે આ ઓપરેશનમાં ૫૦૦૦ પાઉન્ડના 'બંકર બસ્ટર' (ડીપ પેનિટ્રેટર) બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ એવા આધુનિક બોમ્બ છે જે જમીનની અંદર ઊંડે સુધી ઘૂસીને કોંક્રિટના મજબૂત બંકરોને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. ઈરાને અહીં પોતાની એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો છુપાવી રાખી હતી, જે આંતરરાષ્ટ્રીય તેલ ટેન્કરો માટે મોટો ખતરો હતી.



અમેરિકાના આ પ્રહાર વચ્ચે વળતા જવાબ તરીકે ઈરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી દૂતાવાસ પર ડ્રોન અને રોકેટ વડે હુમલો કરવામાં આવ્યો છે. સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, એક ડ્રોન સીધું દૂતાવાસના પરિસરમાં અથડાયું હતું, જેના કારણે ત્યાં ભારે આગ ફાટી નીકળી હતી. એર ડિફેન્સ સિસ્ટમે અનેક પ્રોજેક્ટાઈલ્સને હવામાં તોડી પાડ્યા હતા, પરંતુ દૂતાવાસને નુકસાન પહોંચ્યું છે.

યુદ્ધ હવે આરબ દેશોના ઉંબરે આવી ગયું હોવાથી સાઉદી અરેબિયાએ આરબ અને મુસ્લિમ દેશોના વડાઓની મીટિંગ બોલાવી છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી સાઉદી અરેબિયા જેવા દેશોની આવક પર સીધી અસર પડી રહી છે. દુબઈ અને દોહા જેવા મોટા શહેરોના એરપોર્ટ્સ વારંવાર બંધ કરવા પડતા હોવાથી પર્યટન અને વેપાર ઠપ્પ થઈ ગયા છે. ચીને આ મામલે અમેરિકાને સહકાર આપવાનો ઈનકાર કર્યો છે, જેનાથી તણાવ વધુ વધ્યો છે.

### ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઈરાની સુરક્ષા ચીફ અલી લારીજાનીનું મોત

ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેના રાષ્ટ્રીય સુરક્ષા પ્રમુખ અલી લારીજાની અને વરિષ્ઠ સૈન્ય અધિકારી ગુલામરેઝા સુલેમાનીનું મોત થયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ લારીજાનીને રિવોલ્યુશનરી ગાર્ડ્સના મુખ્ય નેતા ગણાવ્યા હતા, જ્યારે રક્ષામંત્રી ઈઝરાયેલ કાત્ઝે આ બંને નેતાઓને ''ખતમ'' કર્યા હોવાની પુષ્ટિ કરી છે.આ ઘટના બાદ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને ઊંડો શોક વ્યક્ત કરતા આ નુકસાનને ''કડવું અને અસ્વસ્થ કરનારું'' ગણાવ્યું છે. તેમણે લારીજાનીના દાયકાઓના સેવા કાર્યની પ્રશંસા કરી અને આ હત્યાનો બદલો લેવાની તેમજ પ્રતિકારનો માર્ગ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે.


# કારગિલ યુધ્ધમાં ઊંઘતું ઝડપાયેલું ભારત કેવા સેટેલાઈટથી સુરક્ષિત રહી શકે?

## ભારતીય નેવિગેશન સિસ્ટમ 'NavIC' સંકટમાંઃ અંતરિક્ષમાં એટોમિક ક્લોક બંધ થતા ચિંતા વધી

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૧૯૯૯ના કારગિલ યુદ્ધ સમયે ભારતને એક કડવો પાઠ ભણવા મળ્યો હતો. જ્યારે પાકિસ્તાની ઘૂસણખોરો ભારતીય સરહદમાં ઘૂસી આવ્યા હતા, ત્યારે દુશ્મનોનું ચોક્કસ લોકેશન જાણવા માટે ભારતે અમેરિકા પાસે જીપીએસ ડેટાની મદદ માંગી હતી. જોકે, અમેરિકાએ તે સમયે આ સંવેદનશીલ માહિતી આપવાનો ઈનકાર કરી દીધો હતો. આ ઘટનાએ સાબિત કર્યું કે વિદેશી ટેકનોલોજી પર નિર્ભરતા યુદ્ધ જેવા સમયે ભારત માટે જોખમી બની શકે છે. આ જ જરૂરિયાતમાંથી જન્મ થયો ભારતની પોતાની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ **NavIC (Navigation with Indian Constellation)** નો.

ભારતની પોતાની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ **NavIC** અત્યારે મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં **IRNSS-1F** સેટેલાઈટમાં લાગેલી એટોમિક ક્લોક (પરમાણુ ઘડિયાળ) બંધ થઈ જતાં આ સિસ્ટમ પર મોટું જોખમ ઊભું થયું છે. કોઈપણ નેવિગેશન સિસ્ટમને સચોટ લોકેશન અને સમય બતાવવા માટે ઓછામાં ઓછા ૪ સેટેલાઈટ કાર્યરત હોવા જરૂરી છે.ભારતે કુલ ૧૧ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા.પરંતુ હાલમાં માત્ર ૩ સેટેલાઈટ જ મુખ્ય સેવાઓ આપી રહ્યા છે. ચોથા સેટેલાઈટની ઘડિયાળ બંધ થવાને કારણે હવે માત્ર ૨-પરિમાણીય **(2D)** માહિતી જ મળી શકશે, જે સુરક્ષા અને ચોકસાઈની દ્રષ્ટિએ અપૂરતી છે.**UPI** ટ્રાન્ઝેક્શન, રેલવે ટ્રેકિંગ (૧૦,૪૦૦+ એન્જિન) અને માછીમારોની સુરક્ષા માટે આ સિસ્ટમ કરોડરજ્જુ સમાન છે ભારત સરકારના આદેશ મુજબ ૨૦૨૫થી ભારતમાં બનતા સ્માર્ટફોન્સમાં **NavIC** સપોર્ટ હોવો ફરજિયાત છે.



નેવિગેશન સેટેલાઈટના હૃદય સમાન એટોમિક ક્લોક હોય છે. જો આ ઘડિયાળ બંધ પડે, તો સેટેલાઈટ અંતરિક્ષમાં હોવા છતાં નકામો બની જાય છે. જોકે, મે ૨૦૨૩માં લોન્ચ થયેલા **NVS-01** સેટેલાઈટમાં **ISRO** એ પ્રથમ વખત સ્વદેશી રુબિડિયમ એટોમિક ક્લોક લગાવી છે, જે એક આશાસ્પદ પગલું છે

ભારતની **NavIC** સિસ્ટમમાં અત્યારે સેટેલાઈટની સંખ્યા ઘટીને ૩ થઈ ગઈ છે. આનો અર્થ એ કે ભારતની સેના કે સામાન્ય નાગરિકો અત્યારે ચોક્કસ ઊંચાઈ અને અત્યંત સચોટ લોકેશન મેળવી શકતા નથી, જે યુદ્ધ કે મિસાઈલ ગાઈડન્સ જેવા કામોમાં જોખમી સાબિત થઈ શકે.

### નેવિગેશન સિસ્ટમમાં ૪ સેટેલાઈટનું શું છે મહત્વ?

- **પહેલો સેટેલાઈટ**એ જણાવે છે કે તમે પૃથ્વી પર એક વિશાળ ગોળાર્ધની સપાટી પર ક્યાંક છો.
- **બીજો સેટેલાઈટ** આ ગોળાર્ધ બીજા ગોળાર્ધને છેદે છે, જેનાથી તમારું લોકેશન એક રેખા અથવા વર્તુળ પર આવી જાય છે.
- **ત્રીજો સેટેલાઈટ** ત્રીજો ગોળાર્ધ જ્યારે આ બેને છેદે છે, ત્યારે પૃથ્વી પર બે ચોક્કસ બિંદુઓ મળે છે. જેમાંથી એક પૃથ્વીની સપાટી પર હોય છે અને બીજું અવકાશમાં. આ રીતે તમારું અક્ષાંશ અને રેખાંશ નક્કી થાય છે.
- **ચોથો સેટેલાઈટ** - સૌથી મહત્વનો છે નેવિગેશનમાં સૌથી મોટી મુશ્કેલી 'સમય'ની છે. સેટેલાઈટમાં કરોડો રૂપિયાની એટોમિક ક્લોક હોય છે જે નેનો-સેકન્ડનો હિસાબ રાખે છે, પણ તમારા ફોનમાં સાદી ઘડિયાળ હોય છે.જો સેટેલાઈટ અને તમારા ફોનની ઘડિયાળમાં ૧ સેકન્ડના લાખમાં ભાગ જેટલો પણ ફરક હોય, તો લોકેશનમાં કિલોમીટરોની ભૂલ આવી શકે છે. ચોથો સેટેલાઈટ તમારા ફોનની ઘડિયાળ અને સેટેલાઈટની એટોમિક ક્લોક વચ્ચેના સમયના તફાવતને સુધારે છે.

# જો જૂન મહિના સુધી યુદ્ધ ચાલ્યું તો ૪.૫૦ કરોડ લોકો ભૂખમરાનો શિકાર બનશે

## અમેરિકા-ઈઝરાયેલના હુમલાઓથી સપ્લાય ચેઈન પ્રભાવિત થતાં ખાદ્યપદાર્થો, ક્રૂડ ઓઈલ અને શિપિંગના ખર્ચમાં ધરખમ વધારો

**અબતક, નવી દિલ્હી**

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે મંગળવારે જાહેર કરેલા પોતાના નવા રિપોર્ટમાં એક ગંભીર ચેતવણી આપી છે. આ વિશ્લેષણ મુજબ, જો જૂન મહિના સુધી ઈરાન યુદ્ધ ચાલુ રહેશે તો વિશ્વભરમાં લાખો-કરોડો વધુ લોકોએ તીવ્ર ભૂખમરાનો સામનો કરવો પડશે. આ પરિસ્થિતિના કારણે વૈશ્વિક સ્તરે માનવીય સંકટ વધુ ઘેરું બની શકે છે.

ગત ૨૮ ફેબ્રુઆરીથી ઈરાન પર શરૂ થયેલા અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓના કારણે વૈશ્વિક સ્તરે મોટી અસર જોવા મળી રહી છે. આ હુમલાઓને લીધે મુખ્ય માનવીય સહાયના માર્ગો ખોરવાઈ ગયા છે. જેના પરિણામે વિશ્વના સૌથી વધુ પ્રભાવિત અને સંકટગ્રસ્ત વિસ્તારોમાં પહોંચતી જીવનરક્ષક સામગ્રીના શિપમેન્ટમાં ભારે વિલંબ થઈ રહ્યો છે.

જીનીવા ખાતે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કાર્લ સ્કાઉએ જણાવ્યું હતું કે ખાદ્યપદાર્થો, ઓઈલ અને શિપિંગના ખર્ચમાં થયેલા વધારાને

(અનુ. આઠમા પાને)

### એક દરવાજો બંધ થાય તો દસ દરવાજા ખુલે

# સિલિન્ડરની તંગીમાં ઘર-ઘર ગેસ પહોંચાડવાનું અભિયાન સરકારે તેજ કર્યું

## ઈરાન યુધ્ધના કારણે એલપીજી સપ્લાય ખોરવાતા હવે પીએનજીના વપરાશને પ્રાધાન્ય આપવાનો નિર્ણયઃ સિટી ગેસ પાઈપલાઈનની મંજૂરીઓ ઝડપી બનાવવા કેન્દ્ર સરકારે રાજ્યોને આપ્યો આદેશ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં એલપીજીના સપ્લાયને લઈને ઉભી થયેલી ચિંતાઓ વચ્ચે કેન્દ્ર સરકારે રાજ્યોને સિટી ગેસ પાઈપલાઈન નાખવા માટેની મંજૂરીઓ ફાસ્ટ-ટ્રેક કરવા જણાવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોલઆઉટ અને ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસના ઉપયોગને વેગ આપવા માટે સરકાર દ્વારા રોડ રિસ્ટોરેશન અને પરમિશન ચાર્જ માફ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

ઈરાન યુદ્ધના કારણે દેશમાં એલપીજીની આયાતને માઠી અસર પહોંચી છે, જેને પગલે સરકાર હવે ઘરગથ્થુ અને કોમર્શિયલ એમ બંને પ્રકારના એલપીજી વપરાશકારોને પીએનજી તરફ વળવા અપીલ કરી રહી છે. નોંધનીય છે કે ભારત તેના કુલ એલપીજી વપરાશના ૬૦% હિસ્સા માટે આયાત પર નિર્ભર છે. પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા આ અસાધારણ સંજોગોને ધ્યાનમાં રાખીને સિટી ગેસ કંપનીઓ, શિપર્સ અને ગ્રાહકો માટે 'ઈમ્બેલેન્સ ચાર્જ' અસ્થાયી ધોરણે માફ કરવામાં આવ્યો છે.

(અનુ. આઠમા પાને)

# રોકડની અછત નિવારવા જાન્યુઆરીથી બજારમાં રૂ.૩.૫૦ લાખ કરોડ 'રોકડ ઠાલવતી' રિઝર્વ બેન્ક

## સાત દિવસના વેરિયેબલ રેટ રેપો ઓક્શન મારફતે બેન્કિંગ સિસ્ટમમાં ૪૮,૦૧૪ કરોડ રૂપિયાની ટૂંકા ગાળાની લિક્વિડિટી ઉમેરાઈ

**અબતક, નવી દિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જાન્યુઆરીથી સરકારી સિક્યોરિટીઝની ઓપન માર્કેટ ખરીદી દ્વારા ૩.૫૦ લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સિસ્ટમમાં દાખલ કરી રહી છે. તેવામાં મંગળવારે સાત દિવસના વેરિયેબલ રેટ રેપો ઓક્શન મારફતે બેન્કિંગ સિસ્ટમમાં ૪૮,૦૧૪ કરોડ રૂપિયાની ટૂંકા ગાળાની લિક્વિડિટી (રોકડ) ઉમેરવામાં આવી છે. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા એડવાન્સ ટેક્સની ચૂકવણીને કારણે બેન્કિંગ સિસ્ટમમાં સરપ્લસ લિક્વિડિટીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયા બાદ મધ્યસ્થ બેંક દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી માહિતી મુજબ, આ ભંડોળ ૫.૨૬ ટકાના કટ-ઓફ રેટ અને વેઈટેડ એવરેજ રેટ પર સિસ્ટમમાં ઉમેરવામાં આવ્યું છે. કોર્પોરેટ ટેક્સની ચૂકવણી બાદ બેન્કિંગ સિસ્ટમની સરપ્લસ રોકડમાં મોટો ઘટાડો થયો હોવા છતાં, હરાજી હેઠળ લેવાયેલી રકમ

(અનુ. આઠમા પાને)

# નીતા એમ. અંબાણી કલિંગા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સ હ્યુમેનિટેરિયન એવોર્ડ - ૨૦૨૫થી સન્માનિત

## ૪૦,૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને મોટાં સપનાં જોવા પ્રેરિત કર્યાં




**ભુવનેશ્વર**

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીને આજે અહીં કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (KISS) કેમ્પસ ખાતે પ્રતિષ્ઠિત KISS હ્યુમેનિટેરિયન એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરાયા હતા.

શ્રીલંકાના નોબેલ પારિતોષિક વિજેતા મોહન મુનાસિંઘેએ KIIT, KISS અને KIMSના સ્થાપક ડો.અચ્યુત સામંતાની ઉપસ્થિતિમાં શ્રીમતી નીતા અંબાણીને આ એવોર્ડ એનાયત કર્યો હતો. શ્રીમતી અંબાણીની ઉત્કૃષ્ટ માનવતાવાદી પહેલો તેમજ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, હેલ્થકેર, ગ્રામીણ પરિવર્તન, મહિલા સશક્તિકરણ અને રમતગમતને પ્રોત્સાહન દ્વારા સામાજિક વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનને આ એવોર્ડ થકી બિરદાવાયું છે. આદિવાસી બાળકોને સંબોધતા પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં શ્રીમતી નીતા એમ.અંબાણીએ કહ્યું, ''આપણા દીકરાઓ જે કાંઈ કરી શકે છે, તે બધું આપણી દીકરીઓ પણ કરી શકે છે.દીકરા અને દીકરીઓ વચ્ચે કોઈ ફરક નથી.'' તેમણે પ્રશંસાના સ્વરે જણાવ્યું કે, ''હંમેશા યાદ રાખો કે તમે આજે જ્યાં છો તે તો તમારી શરૂઆત છે, તમારૂં લક્ષ્ય નથી. તમે કેટલું આગળ વધી શકો છો તે તમારા સપનાં, તમારી મહેનત અને આગળ વધવાની તમારી હિંમત જ નક્કી કરશે.'' તેમણે આદિવાસી બાળકોમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''મને સંપૂર્ણ ખાતરી છે કે ભારતનું ભવિષ્ય અત્યંત ઉજ્જ્વળ છે.'' KISS હ્યુમેનિટેરિયન એવોર્ડની શરૂઆત ૨૦૦૮માં ડો.સામંતાએ કરી હતી. આ એવોર્ડ થકી વિશ્વભરમાં માનવતાવાદી કાર્યોની ભાવનાને મૂર્તિમંત કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓને બિરદાવવામાં આવે છે. આ પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર અને ગોલ્ડ-પ્લેટેડ ટ્રોફી એનાયત કરાય છે.

છેલ્લા ઘણા વર્ષોથી, આ પુરસ્કાર વિશ્વભરના ખ્યાતનામ નેતાઓ, નોબેલ પારિતોષિક વિજેતાઓ અને વિશ્વભરના પ્રતિષ્ઠિત મહાનુભાવોને એનાયત કરવામાં આવ્યો છે. અગાઉના એવોર્ડ પ્રાપ્તિકર્તામાં રતન ટાટા, પરમપૂજ્ય દલાઈ લામા અને અનરૂદ જુગનાથનો સમાવેશ થાય છે.

KISS એ વિશ્વભરમાં આદિવાસી સમુદાય માટેની સૌથી મોટી યુનિવર્સિટી છે, જે આશરે ૮૦,૦૦૦ આદિવાસી બાળકોને કિન્ડરગાર્ટનથી લઈને અનુસ્નાતક સ્તર સુધી મફત શિક્ષણ, નિવાસ તેમજ સર્વાંગી વિકાસ પ્રદાન કરે છે.

### બાળપણથી જ સાચી દિશા મળે તો ભવિષ્ય બને ઉજાસમય

# વાલીઓનું સાચું માર્ગદર્શન: બાળકના વિકાસની મજબૂત પાયાની ઈંટ

## બાળકોના સર્વાંગી વિકાસમાં માં-બાપની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે, તેઓ બાળકને પ્રેમ, સુરક્ષા અને સંસ્કાર આપે છે, જે તેના વ્યક્તિત્વના ઘડતર માટે આધારભૂત બને છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

બાળકોના ભાવી ઘડતર અને તેના વિકાસ માટે વાલીઓએ શું કરવું જરૂરી એ આજના સમયની તાતી જરૂરિયાત છે.ઘોડિયામાંથી ઘોડે ચડવા લાયક બનતા સંતાનોને 'ગળથૂથી'માં જ સંસ્કાર આપવાની આપણી પ્રાચીન પરંપરાઓ હવે વિશ્વ ભરને સમજાય ગઈ છે.સો શિક્ષક બરાબર એક માતા ગણાય છે. બાળ કેળવણીમાં પરિવારનું જતન ખૂબ જ મહત્વનું હોવાના એક સર્વેમાં બાળકોને જવાબદાર નાગરિક બનાવવાની કેળવણીનો પાયો બાળપણમાંથી જ ચણવાની હિમાયત કરી છે. રાંકના રતન હોય કે શ્રીમંતાઈ ઉછેરાતા અમીરોના સંતાન દરેક મા બાપ પોતાના બાળકો જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરીને સફળ બને તેવી મહેચ્છા રાખતા હોય છે, આધુનિક યુગમાં શિક્ષણ અને બાળ કેળવણીનું દિવસે દિવસે ખૂબ મહત્વ વધતું જાય છે, ત્યારે દરેક માતા-પિતા પોતાના સંતાનને જીવનમાં શિક્ષણની સાથે સાથે તમામ બાબતમાં હોશિયાર બને તેવું ઈચ્છતા હોય છે. આધુનિક બાળ કેળવણીના સંશોધકો દ્વારા એવું તારણ કાઢવામાં આવ્યું છે કે બાળકોને બાળપણ થી કેળવણીના પાઠ ભણાવવા જોઈએ. જોકે ભારતીય શિક્ષણ પ્રણાલી અને ખાસ કરીને ઋષિકાળની વૈદિક શિક્ષણ પરંપરાઓમાં બાળપણની કેળવણીનું મહત્વ છે, ઈતિહાસમાં પણ શિવાજી મહારાજ જેવા રાજવીઓ અને ઋષિમુનિઓએ શૌર્ય, સખાવત, માનવતા અને મહાન બનવાની કેળવણી ઘોડિયા માંથી જ મળી હોવાનું આપણા શાસ્ત્રોમાં અને ઈતિહાસમાં જોવા મળે છે, શિવાજી મહારાજને બાળપણથી જ જીજાબાઈએ શોર્ય ભર્યા હાલરડા સંભળાવી સંભળાવીને બાળપણથી જ શૂરવીરતાનું સોમરસ પાયું હતું. આ જ રીતે ઋષિમુનિઓ તપસ્વીઓને પણ બાળપણના સંસ્કાર જીવનમાં મહાન બનાવવામાં નિમિત બન્યા હતા ..ત્યારે તાજેતરમાં આવેલા એક સર્વેમાં બાળકોની કેળવણીમાં માતા-પિતા અને વાલીઓએ બાળકો પર નાનપણથી જ ધ્યાન આપવું અને વ્યક્તિત્વ પર રોજે રોજની દરકાર કરવી.

**આજના દિવસમાં શું સારું કામ કર્યું ?:** આ માટે બાળક આખા દિવસની પ્રવૃત્તિઓનું પુથ્થકરણ કરતા શીખશે અને તેમાંથી સારું અને વધારે સારાના વર્ગીકરણથી આત્મા નિરીક્ષણ અને પરિસ્થિતિની સમીક્ષા કરવાનું કૌશલ્ય ખીલશે.

**આજે કોઈ પરાક્રમ કે બહાદુરીનું કામ કર્યું ?:** સાહસ વિના સિદ્ધિ ન હોય, આખા દિવસના પરાક્રમ અને બહાદુરીના કામના પ્રશ્નના જવાબથી બાળક સાહસવૃત્તિ'નું મહત્વ સમજાશે અને પોતે કરેલા કામમાં બહાદુરીનું કામ કયું ગણાય તે આત્મ નિરીક્ષણ કરતા શીખશે સાહસ અને હિંમતના કાર્યોની બાળપણથી જ ઓળખ મળશે.



**આજે કોની સાથે રમ્યો કે નવા મિત્રો બનાવ્યા ?:** આના માટે બાળકને આખા દિવસની રમતનું સ્મરણ થશે અને કોની કોની સાથે મળવાનું થયું, તેમાં કોને મિત્ર બનાવવા? તે અંગે વિચાર મંથન અને મિત્રતાનું મહત્વ સમજાશે.

**તારા સહઅધ્યાયી સાથે સારો વ્યવહારો રાખ્યો ?:** આના ઉત્તરમાં બાળકને મિત્રો સાથેનો પોતાનો વ્યવહાર સમજવાની સુઝ મળશે અને વ્યવહારમાં સાનુકૂળતા અને મૈત્રી કેમ જળવાઈ તેની ચીવટની દૂરંદેશી આવશે.

**આજે એવું શું ઈચ્છતો હતો જે આવતીકાલે તું બદલીશ:** પરિવર્તન સંસારનો નિયમ છે, આજનું પરિવર્તન ભવિષ્ય નિખારે છે, બાળક આજના બદલાવ માટે સમજતો થાય એટલે જીવન સફળ બને. આજના દિવસે કંઈક પરિવર્તન કરવાની ધગસ મેળવે અને બાળક જીવનમાં બદલાવ માટે તૈયાર થશે અને આવતીકાલે પણ નવું કરવાની જિજ્ઞાસા કેળવશે

**આજે તને કંઈ વસ્તુએ આનંદિત કર્યો કે દુઃખી બનાવ્યો ?:** જીવનમાં દરેક માટે સુખ દુઃખની વ્યાખ્યા સમજવી અનિવાર્ય છે, આખા દિવસના રાજીપા અને દુઃખ માટે બાળકને આખા દિવસની લાગણીના ઉતાર ચડાવ અને અન્યના વ્યવહારનું પોસ્ટમોર્ટમ કરવું પડશે ,કોણે કેવો વ્યવહાર કર્યો?. અને તેનાથી ખુશી મળી અને તેનાથી દુઃખ થયું તેની સમજણ બાળકમાં આવશે

**કાલ માટે તારા વિચારો શું છે ?:** આજને કાલનો આધાર ગણવામાં આવે છે, કાલ માટેના કામની અગત્યતા બાળકને સમજાવતા આ વાતથી આવતીકાલના આયોજન માટે બાળક જાગૃત થશે અને આજના કામો આવતીકાલ માટે કયા કયા અને કેવી રીતે મહત્વના છે તે સૂઝ બાળકમાં આવશે.

**આજના દિવસમાં પડકારરૂપ શું કામ કર્યું ?:** બાળકને તમામ પરિસ્થિતિનું વિવરણ કરી દરેક કાર્ય સમજવું પડશે. જેનાથી સામાન્ય અને પડકાર જનક પરિસ્થિતિનો ભેદ સમજવાની કોઠાસુજ આવશે .પડકારો સમજાઈ જાય એટલે તેનો ઉકેલ શોધતા પણ આવડી જાય.

**આજના દિવસે શું નવું શીખવાનો આનંદ મેળવ્યો:** બાળકને આખા દિવસની પ્રવૃત્તિમાંથી નવું શું શીખવા મળ્યું તેનું જ્ઞાન મળશે અને રમત રમતમાં કામનું શું? અમથું રમવાનું શું ?અને મસ્તી કોને કહેવાય ?તેની સમજ આવતા જીવનની ગંભીરતા નાનપણથી જ સમજાશે.

**આજે નકકી કર્યું તે જ થયું ?:** જીવનમાં આયોજનનું મહત્વ સમજાય જાય એટલે કે સારો આરંભ અડધી સફળતા અપાવી દે છે. આયોજન કરવું અને તે મુજબ અમલ થાય તેના પ્રયાસો જ જીવનની સફળતાની ચાવી છે. બાળક દિવસના આયોજનની સમીક્ષા કરતો થઈ જાય અને બાળપણથી જ આયોજનબધ્ધ જીવનનો આગ્રહી બનશે. બાળક ભવિષ્યનું શિલ્પ છે, તેથી વાલીઓએ સંસ્કારથી આવતીકાલ ઘડવી. વાલીઓના માર્ગદર્શનથી જ બાળકનું ઉજ્જવળ ભવિષ્ય ખીલે છે.

> **માતા-પિતા બાળકને શિક્ષણ, શિસ્ત, નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારી શીખવે છે, સાથે જ તેઓ બાળકના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરે છે.**

> **માતા-પિતાના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી બાળક આત્મવિશ્વાસી, જવાબદાર અને સંવેદનશીલ વ્યક્તિ તરીકે વિકસે છે, જે સમાજમાં સકારાત્મક યોગદાન આપી શકે છે**

# કેરિંગથી માનવતા, શેરિંગથી સહકાર અને ડેરિંગથી પ્રગતિ-આ ત્રિવેણી વિદ્યાર્થી જીવનને અર્થપૂર્ણ બનાવે છે

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

વિદ્યાર્થી જીવન એ માનવ જીવનનો એવો સુવર્ણ સમય છે, જ્યાં વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાય છે, મૂલ્યો વિકસે છે અને ભવિષ્યના પાયા રચાય છે. આ ઘડતર માત્ર પુસ્તકીય જ્ઞાનથી પૂરું થતું નથી, પરંતુ જીવનમૂલ્યોના સંસ્કારોથી સમૃદ્ધ બને છે. આવા મૂલ્યોમાં કેરિંગ (સંભાળ અને લાગણી), શેરિંગ (વહેંચણી અને સહભાગિતા) અને ડેરિંગ (સાહસ અને જોખમ લેવાની હિંમત)-આ ત્રણ ગુણો વિદ્યાર્થી જીવનને પૂર્ણતા આપે છે. આ ત્રણેય ગુણો વિદ્યાર્થીને માત્ર સફળ વિદ્યાર્થી નહીં, પરંતુ સારો માનવી પણ બનાવે છે.



**કેરિંગ : લાગણીસભર માનવતા તરફનું પગથિયું:** કેરિંગ એટલે કાળજી લેવી, સમજવું, સંવેદનશીલ રહેવું અને અન્ય પ્રત્યે સહાનુભૂતિ ધરાવવી. વિદ્યાર્થી જીવનમાં કેરિંગનો અર્થ માત્ર પોતાની ચિંતા કરવી નહીં, પરંતુ મિત્રો, શિક્ષકો, પરિવાર, સમાજ અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીભાવ વિકસાવવો છે.

વર્ગખંડમાં કોઈ મિત્ર અભ્યાસમાં નબળો હોય, કોઈ આર્થિક રીતે પછાત હોય અથવા માનસિક તણાવમાં હોય, ત્યારે તેને સમજવું અને મદદરૂપ થવું-એ સાચું કેરિંગ છે. શિક્ષકો પ્રત્યે આદર, માતા-પિતાની મહેનત પ્રત્યે કૃતજ્ઞતા અને સ્વયંના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ-આ બધું કેરિંગના સ્વરૂપો છે.

કેરિંગ ધરાવતો વિદ્યાર્થી સ્વાર્થી નથી રહેતો. તે જાણે છે કે સમાજ સાથે જોડાઈને જ જીવન અર્થપૂર્ણ બને છે. આવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, માનવતા અને ભાવનાત્મક બુદ્ધિમત્તા સ્વાભાવિક રીતે વિકસે છે.

**શેરિંગ : સહકાર અને સહઅસ્તિત્વની કળા:** શેરિંગ એટલે માત્ર વસ્તુઓ વહેંચવી નહીં, પરંતુ જ્ઞાન, સમય, લાગણી અને જવાબદારી વહેંચવી. વિદ્યાર્થી જીવનમાં શેરિંગનું મહત્વ અત્યંત ઊંડું છે. જે વિદ્યાર્થી પોતાની નોંધો મિત્રોને આપે છે, જે ગ્રુપ અભ્યાસમાં સક્રિય ભાગ લે છે, જે પોતાની સફળતા સાથે નિષ્ફળતાનો અનુભવ પણ અન્ય સાથે વહેંચે છે-તે સાચો શેરિંગ કરનાર વિદ્યાર્થી છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં ઘણીવાર વિદ્યાર્થીઓમાં સ્વકેન્દ્રિતતા વધી રહી છે. 'મને શું મળશે?' એ પ્રશ્ન આગળ આવે છે. પરંતુ શેરિંગ વિદ્યાર્થીઓને શીખવે છે કે 'અમે સાથે મળીને શું મેળવી શકીએ?' આ ભાવના ટીમવર્ક, સહકાર અને સામૂહિક સફળતાનો માર્ગ ખુલ્લો કરે છે. શેરિંગ કરતો વિદ્યાર્થી ઈર્ષ્યા, અહંકાર અને અલગાવથી દૂર રહે છે. તે જાણે છે કે વહેંચવાથી જ સંબંધો મજબૂત બને છે. સમાજમાં પણ એવા જ વિદ્યાર્થીઓ આગળ જઈને સારા નાગરિક, સંવેદનશીલ નેતા અને જવાબદાર વ્યાવસાયિક બને છે.

**ડેરિંગ : હિંમત અને આત્મવિશ્વાસ:** ડેરિંગ એટલે હિંમત કરવી, જોખમ લેવું અને પડકારોને સ્વીકારવા. વિદ્યાર્થી જીવનમાં ડેરિંગનો અર્થ માત્ર સાહસિક કાર્યો કરવો નહીં, પરંતુ પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખવો, નવી વસ્તુઓ અજમાવવી અને નિષ્ફળતાથી ડર્યા વિના આગળ વધવું.

પરીક્ષાનો ભય, મંચ પર બોલવાનો સંકોચ, નવી પ્રવૃત્તિમાં ભાગ લેવાનો સંશય-આ બધું ડેરિંગ દ્વારા જ દૂર થઈ શકે છે. જે વિદ્યાર્થી પ્રશ્ન પૂછવાની હિંમત કરે છે, નવી વિચારધારા રજૂ કરે છે, અને ભૂલ થવા છતાં પ્રયત્ન કરતો રહે છે-તે સાચો ડેરિંગ ધરાવતો વિદ્યાર્થી છે.

ડેરિંગ વિદ્યાર્થીને સર્જનાત્મક બનાવે છે. તે પરંપરાગત માર્ગોથી આગળ વધીને નવી દિશાઓ શોધે છે. વૈજ્ઞાનિક શોધો, સામાજિક પરિવર્તન અને નેતૃત્વ-બધાના મૂળમાં ડેરિંગ છુપાયેલું છે.

**ત્રણેય ગુણોનો સમન્વય : સંતુલિત વ્યકિતત્વની રચના:** કેરિંગ, શેરિંગ અને ડેરિંગ - આ ત્રણેય ગુણો અલગ અલગ નથી, પરંતુ એકબીજાના પૂરક છે. કેરિંગ વગરનું ડેરિંગ અહંકાર બની શકે છે, શેરિંગ વગરનું કેરિંગ સીમિત રહી શકે છે અને ડેરિંગ વગરનું કેરિંગ-શેરિંગ અસરકારક બનતું નથી. જ્યારે વિદ્યાર્થીમાં કેરિંગની સંવેદના, શેરિંગની સહભાગિતા અને ડેરિંગની હિંમત-આ ત્રણેય ગુણો સાથે વિકસે છે, ત્યારે તેનું વ્યક્તિત્વ સંતુલિત, પરિપકવ અને પ્રભાવશાળી બને છે.

**નિષ્કર્ષ:** વિદ્યાર્થી જીવન એ ભવિષ્યનું બીજ છે. આ બીજ જો કેરિંગ, શેરિંગ અને ડેરિંગના પાણીથી સિંચાય, તો તે સફળતા, સુખ અને સંતોષનું વૃક્ષ બને છે. આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે. તેથી શિક્ષણ માત્ર ડિગ્રી પૂરતું નહીં, પરંતુ મૂલ્યોના વિકાસનું સાધન બનવું જોઈએ. કેરિંગથી માનવતા, શેરિંગથી સહકાર અને ડેરિંગથી પ્રગતિ-આ ત્રિવેણી વિદ્યાર્થી જીવનને અર્થપૂર્ણ બનાવે છે. આવા વિદ્યાર્થીઓ જ સશકત સમાજ અને ઉજ્જવળ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

# ખાનગી આરોગ્ય વીમા કંપનીઓ દ્વારા પ્રિમિયમમાં વધારા સામે રાજ્યસભાના સાંસદ મયંક નાયકે વ્યક્ત કરી ચિંતા

## રાજ્યસભામાં મયંક નાયકે વીમા પ્રિમિયમના વધારા સામે પગલા લેવાયા છે કે કેમ? તેવો સવાલ ઉઠાવ્યો



**અબતક રાજકોટ**

દેશમાં ખાનગી આરોગ્ય વીમા કંપની દ્વારા પ્રીમિયમ વધારવાના મુદ્દે રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયક એ રાજ્યસભામાંપર પ્રશ્ન ઉઠાવ્યો હતો, તેમણે દરેક નાગરિકને આરોગ્ય સુરક્ષા ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય વીમા ની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ત્યારે ખાનગી ક્ષેત્રની આરોગ્ય વીમા કંપની દ્વારા વીમા પ્રીમિયમમાં સતત વધારો કરવામાં આવતો હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી . સાંસદ મયંકભાઈ નાયક એ રાજ્ય સભામાંપ્રશ્ન ઉઠાવ્યો હતો કે ખાનગી આરોગ્ય વીમા કંપની દ્વારા પ્રીમિયમમાં વધારો કરવા માટે કોઈ નક્કર માપદંડો નક્કી કરવામાં આવ્યા છે કે કેમ? તેની વિગત જાહેર કરવી જોઈએ ,આ ઉપરાંત ખાનગી કંપની દ્વારા મનમાની રીતે પ્રીમિયમ વધારો કરવામાં ન આવે તે માટે સરકાર દ્વારા કેવા નિયંત્રણાત્મક પગલાં લેવામાં આવ્યા છે તે અંગે પણ સ્પષ્ટતા માંગી હતી સાંસદમાં મયંકભાઈ ખાનગી વીમા પ્રીમિયમ ના ભાવ વધારા અંગે ચિંતા વ્યક્ત કરી વિમાનું પ્રીમિયમ વ્યાજબી રહે તેવી વ્યવસ્થા ને આવકાર્ય ગણાવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ચૂપ રહો ખુશ રહો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૩-૨૦૨૬ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૯-૩ -૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ અમાસ એકમનો ક્ષય ચૈત્ર નવરાત્રી પ્રારંભ
**નક્ષત્ર** ઉત્તરાભાદ્રપદ
**યોગ** શુકલ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૬.૫૨ **સુર્યાસ્ત:** ૬.૫૭
**ચંદ્ર રાશી** મીન
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧,૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | ૯ | | ૨ |
| | ૧ | ૨ | | | ૩ | | | |
| | | ૮ | ૭ | ૧ | | ૬ | | |
| | | | | | | | | ૮ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | ૩ | ૯ | ૮ | | ૬ | ૫ | | |
| ૨ | ૫ | ૩ | | | ૯ | | ૪ | ૧ |
| | | ૧ | | | | ૮ | ૫ | |
| ૮ | ૪ | ૭ | ૫ | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૯.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ અમાસ, ઉત્તરા ભાદ્રપદા નક્ષત્ર, શુક્લ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મીન રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.
**વૃષભ (બ,વ,ઉ) :** આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.
**મિથુન (ક,છ,ઘ) :** નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.
**કર્ક (ડ,હ) :** ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.
**સિંહ (મ,ટ) :** લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.
**કન્યા (પ,ઠ,ણ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.
**તુલા (ર,ત) :** લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.
**વૃશ્ચિક (ન,ય) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.
**મકર (ખ,જ) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજીને ચાલવું.
**કુંભ (ગ,સ,શ) :** નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.
**મીન (દ,ચ,ઝ,થ) :** તમારી જાતને અંદર થી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

# યુધ્ધની અસર: રાજકોટના એગ્રીકલ્ચરથી લઇ એન્જિનિયરિંગ એક્સપોર્ટના કન્ટેનર ૨૫૦૦થી વધુ ઘટી ગયાં

**અબતક, રાજકોટ**



રાજકોટ એમ. એસ એમ. ઈ નું હબ છે. અહીં એગ્રીક્લચર થી લઈ એન્જીન્યરિગના હજારો ની સંખ્યામાં ઓઘોગિક એકમો આવેલા છે. જે આખા વિશ્વને તમામ પ્રોડક્ટ મોકલે છે. સામાન્ય દિવસોમાં રાજકોથી ૫૦૦૦ કન્ટેનર ભરી ને માલ મોકલાતો હતો પરંતુ હાલમાં આ સંખ્યા ઘટીને ૨૫૦૦ એ પોંચી છે. એટલે કે એક્સપોર્ટ ૫૦ ટકા ઘટી ગયું છે. આ ઉપરાંત રો મટીરીયલ્સની અછત સર્જાતા ઉત્પાદન પર પણ તેની અસર જોવા મળી રહી છે પરિણામે ફેક્ટરી માં કામકાજના કલાકો ઘટી ગયા છે.

ઈ પી સી ઈન્ડિયા રાજકોટ ચેપટરના કનવીનર સમીર વૈશ્નવે જણાવ્યું હતું કે,યુદ્ધ પહેલા રાજકોટથી વિદેશ, દુબઈ જતા કન્ટેનર દીઠ ભાવ ૪૦૦ ડોલર હતો અત્યારે એનો ભાવ ૧૫૦૦ ડોલરએ પહોંચ્યો છે.પહેલા કન્ટેનર સમયસર પોંચી જતા હતા પરંતુ હાલમાં કન્ટેનર કયારે પહોચશે એમનો સમય કોઈ નક્કી નથી. સૌથી મોટો ડર મોટા કાર્ગો પર મિસાઈલ બ્લાસ્ટ થવાનો ભય સતાવી રહ્યો છે. આ સિવાય ઓઘોગિક એકમોમાં વપરાતા ગેસની અછત ઉભી થઈ છે અને તેના ભાવમાં પણ વધારો થયો છે.જેથી ફોર્જિંગ એકમોમાં થતી હિટ ટ્રીટમેન્ટ નિયમિત થઈ શકતી નથી. જેથી આગળની તમામ પ્રક્રિયા પર તેની અટકી. રહી છે.અને રો મટીરીયલ્સના વધતા જતા ભાવ પણ હાલમાં એક. ચિંતાનું કારણ બન્યા છે. રાજકોટ સહિત સમગ્ર સોરાષ્ટ્રના એકમોને પેટ્રોલિયમ પ્રોડકટ અને પ્લાસ્ટિકની પ્રોડક્ટ પર ગલ્ફ કન્ટ્રી પર આધાર રાખવું પડે છે. જેથી કાચા માલ ની અછત સર્જાઈ રહી છે.

### ઔદ્યોગિક એકમોના માલિકોએ આ સમસ્યાનો પણ સામનો કરવો પડી રહ્યો છે

૧-ઔઘોગિક એકમોમાં કામના કલાકો ઘટી ગયા છતાં કર્મચારીઓને છુટા નથી કરી શકતા.

૨-વીજ પુરવઠા અને અન્ય ખર્ચા પણ રાબેતા મુજબ ચાલુ રહે છે. જે ખર્ચ કાઢવો એ એક સૌથી મોટો પ્રશ્ન છે

૩-ઉત્પાદન એક્સપોર્ટ ઘટતા ટન ઓવરમાં પણ ઘટાડો થયો છે.

૪-નવા એડવાન્સ ઓર્ડર લઇ શકાતા નથી જેથી ભવિષ્યમાં પણ કામકાજ ખોરવાશે.

૫-અગાઉ લીધેલા ઓર્ડરનું પેમેંન્ટ અટવાઈ ગયું છે. તેમજ જયાં થી કાચો માલ ખરીદ કર્યો હોઇ ત્યાં સમયસર પેમન્ટ ચૂકવવું પડી રહ્યું છે.

### ચેમ્બરે એમએસએમઈ એકમોને રાહત આપવા માટે નાણાંમંત્રી સમક્ષ રજુઆત કરી




વર્તમાન વિવિધ પરિબળો ને યુદ્ધની પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ એમ એસ એમ ઈ એકમો અને નિકાસકારો અનેક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.તયારે એમ એસ એમ ઈ એકમોને રાહત આપવા માટે ચેમ્બર ઓફ કોમર્સે નાણાંમંત્રી સમક્ષ રજૂઆત કરી છે. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ પાર્થ ભાઈ ગણાત્રાએ જણાવ્યું છે કે, હાલમાં. હજારો કન્ટેનર માર્ગ બદલવા માટે મજબુર બન્યા છે. તેમજ પોર્ટ પર અટવાઈ ગયા છે. જેના કારને ભારે વિલંબ અને ખાસ તો નાશવંત માલને નુકશાન થવાની શકયાતો વધી જાય છે. આમ એમ એસ એમ ઈ એકમોને ૪૫ દિવસની પેમેન્ટ ચુકવણીના નિયમ માંથી મુક્તિ આપવામાં આવે. જો એમ ન થઈ શકે એમ હોઇ તો પેમેન્ટ ચુકવણીનો સમય ૧૨૦ દિવસ સુધી વધારો કરી આપવો.કારણ કે હાલમાં મધ્ય પૂર્વના દેશો જેમ કે દુબઇ, કૂવૈત, ઈરાક, તરફના નિકાસમાં ભારે વિક્ષેપ સર્જાયો છે. ગલ્ફ ઓફ હોરમુઝ ની ખાડી બંધ રહેવાને કારણે અનેક. શિપમેન્ટ અટવાઈ ગયા છે.લોજીસ્ટિક ખર્ચમાં ૩ થી ૫ ગણો વધારો થયો છે.

### યુદ્ધ પહેલા દર મહિને રાજકોટ થી ૫૦૦૦ કન્ટેનર ભરી માલ વિદેશમાં જતો હતો, રો મટીરિયલ્સના ભાવ વધતા ઉત્પાદન પર પણ અસર, ફેક્ટરીમાં કામના કલાકો ઘટાડવા પડ્યાં

# કોર્પોરેશનના કોમ્યુનિટી હોલના બુકીંગમાં લગ્ન પ્રસંગને પ્રથમ પ્રાધાન્ય અપાશે

## હવેથી લગ્ન માટે બુકિંગ ૧૮૦ દિવસ અગાઉ જયારે અન્ય કાર્યક્રમ માટે ૬૦ દિવસ અગાઉ કરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને વધુ સુવિધાસભર, પારદર્શક અને સુવ્યવસ્થિત સેવા ઉપલબ્ધ કરાવવા માટે કોમ્યુનિટી હોલ બુકિંગ સંબંધિત નવા નિયમો અમલમાં મુકવામાં આવ્યા છે. આ નવા નિયમો હેઠળ લગ્ન પ્રસંગો તથા અન્ય સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો માટે હોલ બુકિંગ પ્રક્રિયા વધુ સરળ અને કાર્યક્ષમ બનાવવામાં આવી છે.

નવા નિયમો અનુસાર, લગ્ન પ્રસંગ માટે કોમ્યુનિટી હોલ બુકિંગને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. નાગરિકો લગ્ન માટે બુકિંગની તારીખથી વધુમાં વધુ ૧૮૦ દિવસ અગાઉ હોલ બુક કરી શકશે. જ્યારે અન્ય કાર્યક્રમો માટે હોલ બુકિંગ વધુમાં વધુ ૬૦ દિવસ અગાઉ કરી શકાશે.

હોલ રિઝર્વેશન સમયે અરજદારે ડિપોઝિટ તેમજ ભાડાની સંપૂર્ણ રકમ ભરપાઈ કરવી ફરજિયાત રહેશે. આ પ્રક્રિયા બુકિંગમાં પારદર્શિતા જાળવી રાખશે અને અનાવશ્યક બ્લોકિંગને અટકાવશે.

નાગરિકોની સુવિધા માટે બુકિંગ પ્રક્રિયા ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને રીતે ઉપલબ્ધ છે:

ઓનલાઈનજેમાં બુકીંગ રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ દ્વારા થાય છે.

ઓફલાઈન બુકીંગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ ખાતે નિર્ધારિત ફોર્મ ભરી શકાય છે.

નવી તારીખો દરરોજ સવારે ૧૧:૦૦ વાગ્યે (સર્વર સમય મુજબ) ખુલ્લી મુકવામાં આવશે. ઉપલબ્ધતા મુજબ વધુ દિવસો માટે પણ બુકિંગ કરી શકાશે.

રાજકોટ મહાનગરપાલિકા તમામ નાગરિકોને અનુરોધ કરે છે કે તેઓ આ નવી સુવિધાનો લાભ લઈ સમયસર બુકિંગ કરે અને નિયમોનું પાલન કરે. આ પહેલ દ્વારા શહેરમાં યોજાતા કાર્યક્રમોમાં વધુ સુવ્યવસ્થા, પારદર્શિતા અને સુવિધા સુનિશ્ચિત થશે.

### કોમ્યુનિટી હોલના ભાડા-ડિપોઝીટની વિગત

| કોમ્યુનિટી હોલ નું નામ | ભાડુ | ડીપોઝીટ | કોમ્યુનિટી હોલ નું નામ | ભાડુ | ડીપોઝીટ |
|---|---|---|---|---|---|
| વસંતરાય ગઢકર કોમ્યુનિટી હોલ યુનિટ-૧ (ગુરુ પ્રસાદ ચોક) | ૪૧૦૦ | ૪૦૦૦ | પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલ યુનિટ-૧ ( સેટેલાઇટરોડ) | ૪૧૦૦ | ૪૦૦૦ |
| વસંતરાય ગઢકર કોમ્યુનિટી હોલ યુનિટ-૨ (ગુરુ પ્રસાદ ચોક) | ૪૧૦૦ | ૪૦૦૦ | પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલ યુનિટ-૨ ( સેટેલાઇટરોડ) | ૪૧૦૦ | ૪૦૦૦ |
| શ્રી પ્રતાપભાઇ ડોડીયા કોમ્યુનિટી હોલ (માયાણી ચોક) | ૪૧૦૦ | ૪૦૦૦ | શ્રી મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલ યુનિટ-૧ (૮૦ ફુટ રોડ) | ૨૧૦૦ | ૪૦૦૦ |
| શ્રી મનસુખભાઇ ઉધાડ કોમ્યુનિટી હોલ (માયાણી ચોક) | ૪૧૦૦ | ૪૦૦૦ | શ્રી મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલ યુનિટ-૨ (૮૦ ફુટ રોડ) | ૨૧૦૦ | ૪૦૦૦ |
| ડો. આબેંડકર કોમ્યુનિટી હોલ (જીલ્લા ગાર્ડન ચોક) | ૨૧૦૦ | ૪૦૦૦ | શ્રી મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલ (સંતકબીર રોડ) | ૨૧૦૦ | ૪૦૦૦ |
| અવંતિબાઇ લોધી કોમ્યુનિટી હોલ (વિજય પ્લોટ પાસે ) | ૨૧૦૦ | ૪૦૦૦ | શ્રી કાંતીભાઇ વૈદ કોમ્યુનિટી હોલ ( કોઠારીયા રોડ ) | ૪૧૦૦ | ૪૦૦૦ |
| શ્રી ગુરુનાનક કોમ્યુનિટી હોલ (ગાયકવાડી) | ૨૧૦૦ | ૪૦૦૦ | સંત વેલનાથ કોમ્યુનીટી હોલ,યુનિટ-૧ મોરબી રોડ, આરોગ્યકેન્દ્ર પાસે | ૯૧૦૦ | ૯૦૦૦ |
| આનંદનગર કોમ્યુનિટી હોલ યુનિટ-૧ (પારડી રોડ) | ૪૧૦૦ | ૪૦૦૦ | સંત વેલનાથ કોમ્યુનીટી હોલ,યુનિટ-૨ મોરબી રોડ, આરોગ્યકેન્દ્ર પાસે | ૯૧૦૦ | ૯૦૦૦ |
| આનંદનગર કોમ્યુનિટી હોલ યુનિટ-૨ (પારડી રોડ) | ૪૧૦૦ | ૪૦૦૦ | શ્રી રંજનબેન રાવળ કોમ્યુનીટી હોલ,યુનિટ-૧ વાવડી રાજકોટ | ૪૧૦૦ | ૪૦૦૦ |
| કવિશ્રી અમ્રુત ઘાયલ કોમ્યુનિટી હોલ, યુનિ.રોડ,યુનિટ -૧ | ૩૫૧૦૦ | ૫૦૦૦૦ | શ્રી રંજનબેન રાવળ કોમ્યુનીટી હોલ,યુનિટ-૨ વાવડી રાજકોટ | ૪૧૦૦ | ૪૦૦૦ |
| કવિશ્રી અમ્રુત ઘાયલ કોમ્યુનિટી હોલ, યુનિ.રોડ,યુનિટ -૨ | ૩૫૧૦૦ | ૫૦૦૦૦ | શ્રી રંજનબેન રાવળ કોમ્યુનીટી હોલ,યુનિટ-૩ વાવડી રાજકોટ | ૪૧૦૦ | ૪૦૦૦ |
| શ્રી નાનજીભાઇ ચૌહાણ કોમ્યુનિટી હોલ (ધરમનગર આવાસ યોજના) | ૨૧૦૦ | ૪૦૦૦ | શ્રી છત્રપતિ શિવાજી કોમ્યુનીટી હોલ,રેલનગર | ૯૧૦૦ | ૯૦૦૦ |
| શ્રી અભય ભારદ્વાજ કોમ્યુનીટી હોલ યુનીટ ૧,બાપા સિતારામ ચોક | ૨૦૧૦૦ | ૨૦૦૦૦ | નવનિર્મિત કોમ્યુનિટી હોલ,યુનિટ-૧, સંતોષ પાર્ક, વોર્ડ નં. ૧, રૈયા રોડ | ૨૦૧૦૦ | ૨૦૦૦૦ |
| શ્રી અભય ભારદ્વાજ કોમ્યુનીટી હોલ યુનીટ ૨,બાપા સિતારામ ચોક | ૩૦૧૦૦ | 30000 | નવનિર્મિત કોમ્યુનિટી હોલ,યુનિટ-૨, સંતોષ પાર્ક, વોર્ડ નં. ૧, રૈયા રોડ | ૩૦૧૦૦ | 30000 |
| શ્રી નવલસિંહ ભટ્ટી કોમ્યુનિટી હોલ (ધરમનગર આવાસ યોજના) | ૨૧૦૦ | ૪૦૦૦ | | | |

# હાશ... બોર્ડની પરીક્ષા પૂર્ણ: કાલથી ઉત્તરવહીનું મૂલ્યાંકન શરૂ

## શિક્ષણ બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકન માટે ૪૫૦ કરતા વધુ મૂલ્યાંકન કેન્દ્ર નક્કી કરાયા: ધો.૧૦માં ૩૭ હજાર, ધો.૧૨ સા.પ્ર.માં ૨૭ હજાર અને સાયન્સમાં ૯ હજાર શિક્ષકોને ઓર્ડર અપાયા:મૂલ્યાંકન કેન્દ્રો પર 30 મુખ્ય વિષયો અને ૮૯ માઈનોર વિષયની ઉત્તરવહીઓ તપાસવામાં આવશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી બોર્ડની પરીક્ષાઓ આજે સંપન્ન થઇ છે અને વિધાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. પરીક્ષા પૂર્ણ થતા જ કાલથી ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

આ વખતે બોર્ડની પરીક્ષામાં ઉત્તરવહી મૂલ્યાંકન માટે ૭૩ હજાર કરતા વધુ શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે. આમ, મોટી સંખ્યામાં શિક્ષકો ઉત્તરવહી મૂલ્યાંકન કરી વહેલા પરિણામ જાહેર કરશે. ઉત્તરવહી મૂલ્યાંકન માટે સમગ્ર રાજ્યમાં ૪૫૦ કરતા વધુ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

આ મૂલ્યાંકન કેન્દ્રો પર ૩૦ મુખ્ય વિષયો અને ૮૯ માઈનોર વિષય મળી કુલ ૧૧૯ વિષયોની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ માટે સમગ્ર રાજ્યમાંથી ૭૩ હજાર શિક્ષકોને મૂલ્યાંકન કામગીરી માટેના ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવ્યા છે. ધો.૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૨૫ કરતા વધુ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નક્કી કરાયા છે. આ મૂલ્યાંકન કેન્દ્રો




પર ૩૭ હજાર શિક્ષકો દ્વારા ૯ મુખ્ય વિષયો અને ૨૮ માઈનોર વિષયો મળી કુલ ૩૭ વિષયોની ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે.ઉપરાંત ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭૫ કરતા વધુ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. સામાન્ય પ્રવાહની ઉત્તરવહી મૂલ્યાંક માટે રાજ્યના ૨૭ હજાર શિક્ષકોને ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવ્યા છે. આ શિક્ષકો દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૧૫ મુખ્ય વિષય અને ૪૮ માઈનોર વિષય મળી કુલ ૬૩ વિષયોની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. જ્યારે ધો.૧૨ સાયન્સમાં ૭૦ કરતા વધુ મધ્યસ્થ મૂલ્યાંક કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જ્યાં રાજ્યના ૯ હજાર કરતા વધુ શિક્ષકો દ્વારા ૬ મુખ્ય વિષય અને ૧૩ માઈનોર વિષય મળી કુલ ૧૯ વિષયોની ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે.



### એક માસમાં જ પરિણામ જાહેર થાય તેવી સંભાવના

શિક્ષણ બોર્ડ દ્વારા વહેલા પરિણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે અત્યારથી જ મૂલ્યાંકન કેન્દ્ર સહિતની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જેને જોતા શિક્ષણ બોર્ડની પરીક્ષા પૂર્ણ થતા જ કાલથી મૂલ્યાંકનની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવશે. જેથી બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨નું પરિણામ વહેલુ જાહેર કરી શકાશે.

### રેસકોર્સમાં ગુંજશે રાધે રાધેનો નાદ

# પૂ.જીજ્ઞેશદાદાના વ્યાસાસને 'પિતૃ મોક્ષાર્થે' ૨૬મીથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ

## રામનવમીથી હનુમાન જયંતિ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડમાં રાત્રિ કથાની જમાવટ: 'તથાસ્તુ વિદ્યાપીઠ'ના લાભાર્થે માત્ર રૂ.૩૧,૦૦૦ના ન્યોછાવર સાથે 'પોથી યજમાન' બનીને પિતૃઓના મોક્ષાર્થે આ જ્ઞાનયજ્ઞમાં જોડાઈ શકશો

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટવાસીઓ માટે ભક્તિ અને આધ્યાત્મિકતાનો સુવર્ણ અવસર આવી રહ્યો છે. રાજકોટની પવિત્ર ધરા પર આગામી તા. ૨૬ માર્ચ (રામ નવમી) થી ૦૨ એપ્રિલ (હનુમાન જયંતિ) દરમિયાન આંતરરાષ્ટ્રીય યુવા ભાગવતાચાર્ય અને લાખો લોકોના લાડીલા પૂજ્ય જીગ્નેશ દાદા (રાધે રાધે) ના મુખારવિંદથી એક સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી આ કથા દરરોજ રાત્રે ૦૮:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન યોજાશે, જે સમગ્ર શહેરને ગોકુળમય બનાવશે.



તસવીર: શૈલેષ વાડોલિયા

રાધે રાધે પરિવાર દ્વારા આયોજિત આ કથાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના દરેક વર્ગના પિતૃઓના મોક્ષાર્થે સામૂહિક પૂજનનો છે. આ આયોજનની વિશેષતા એ છે કે સમાજનો નાનામાં નાનો વ્યક્તિ પણ માત્ર રૂ ૩૧,૦૦૦/- ના ન્યોછાવર (અર્પણ) સાથે 'પોથી યજમાન' બનીને પોતાના પિતૃઓના મોક્ષાર્થે આ જ્ઞાનયજ્ઞમાં જોડાઈ શકે છે. આ ઉપરાંત શ્રદ્ધાળુઓ મુખ્ય મનોરથી કે મુખ્ય યજમાન તરીકે પણ સેવાનો લાભ લઈ શકશે.

આ આયોજન માત્ર આધ્યાત્મિક જ નહીં પરંતુ સામાજિક ઉત્થાનનું પણ માધ્યમ બનશે. પૂજ્ય દાદાની યાદીમાં જણાવ્યા અનુસાર, કથાના તમામ ખર્ચ બાદ જે પણ ધનરાશિ વધશે, તેનો સંપૂર્ણ ઉપયોગ અમરેલી ખાતે નિર્માણ પામનારી 'તથાસ્તુ વિદ્યાપીઠ' ના લાભાર્થે કરવામાં આવશે. આ વિદ્યાપીઠમાં ધોરણ ૬ થી ૧૨ સુધીનું સંસ્કૃત ગુરુકુળ અને ૧૧-૧૨ સાયન્સનો અભ્યાસક્રમ ચલાવવામાં આવશે. ખાસ કરીને આર્થિક રીતે પછાત તેજસ્વી વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ સ્કૂલનું નિર્માણ વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.



આ ભવ્ય આયોજનની વિગતો આપવા માટે યોજાયેલી પત્રકાર પરિષદમાં મનીષભાઈ માદેકા (મુખ્ય મનોરથી), ભાર્ગવભાઈ

(અનુ. આઠમા પાને)

# અગનવર્ષાને મ્હાત આપવા જીવનશૈલીમાં મોટો બદલાવ

## ખાણી-પીણીથી લઈને સ્નાન સુધી 'કૂલ' રહેવાના નવા રસ્તા

### ગરમીથી બચવા લોકોએ તરબૂચ, પોલોરાઈડ્સ ચશ્મા અને બાથટબનો સહારો લીધો: ઉનાળાના પ્રારંભે જ આકરી ગરમીનો અહેસાસ બજારમાં ઠંડા પીણાં, ટોપી અને સનગ્લાસના વેચાણમાં ૪૦% થી વધુનો તોતિંગ ઉછાળો


તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ઉનાળાની વિધિવત શરૂઆત થઈ ગઈ છે. સૂર્યનારાયણ હવે ધીરે-ધીરે આકાશમાંથી અગનવર્ષા ધરતી પર વર્ષાવી રહ્યા છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. માર્ચ અને એપ્રિલ મહિનાના પ્રારંભે જ રાજ્યના મુખ્ય શહેરોમાં પારો ઊંચકાતા લોકો હવે આકરી ગરમીથી બચવા માટે વિવિધ ઉપાયો કરી રહ્યા છે. બપોરના સમયે રસ્તાઓ પર ટ્રાફિક ઓછો જોવા મળી રહ્યો છે અને લોકો ઘરમાં રહીને એસી, કુલર અને પંખાનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે.

ઉનાળાની વધતી ગરમી વચ્ચે આરોગ્ય નિષ્ણાતો ખાસ કરીને દિવસ દરમિયાન શરીરને ઠંડું રાખવા માટે નિયમિત પાણી પીવાનું મહત્વ સમજાવી રહ્યા છે. ગરમીમાં શરીરમાંથી પસીનાના રૂપમાં પાણી અને મિનરલ્સ નીકળી જાય છે, જેના કારણે થાક, ચક્કર આવવા જેવી સમસ્યાઓ ઉભી થાય છે. તેથી લોકો હવે માત્ર ઠંડા પીણાં જ નહીં, પરંતુ નાળિયેર પાણી, ફળોના જ્યૂસ તરફ વધુ વળતા થયા છે. સાથે સાથે, જીવનશૈલીમાં પણ સ્પષ્ટ ફેરફાર જોવા મળી રહ્યો છે. ઘણા લોકો હવે વહેલી સવારે અથવા સાંજે જ બહારના કામો પૂરાં કરવા પસંદ કરે છે, જેથી બપોરની તીવ્ર ગરમીથી બચી શકાય. શહેરોમાં પાર્ક અને ગાર્ડનમાં સવારે વોક અને યોગ કરનારા લોકોની સંખ્યા વધી રહી છે.ગરમીથી બચવા માટે કપડાંની પસંદગીમાં પણ પરિવર્તન આવ્યું છે. કોટન જેવા હલકા અને ઢીલા કપડાં વધુ પહેરવામાં આવી રહ્યા છે, જે શરીરને ઠંડક આપે છે. આ સાથે, સનસ્ક્રીન અને સ્કાર્ફનો ઉપયોગ પણ ખાસ કરીને મહિલાઓમાં વધ્યો છે.

આ રીતે, લોકો હવે માત્ર તાત્કાલિક ઉપાયો જ નહીં, પરંતુ દૈનિક જીવનમાં નાના-મોટા બદલાવ દ્વારા ઉનાળાની આકરી ગરમી સામે વધુ સજાગ અને તૈયાર બની રહ્યા છેગરમીના પ્રભાવને ધ્યાનમાં રાખીને હવે તબીબો અને આરોગ્ય નિષ્ણાતો હીટસ્ટ્રોકથી બચવા માટે ખાસ તકેદારી રાખવાની સલાહ આપી રહ્યા છે. ખાસ કરીને બપોરના ૧૨થી ૪ દરમિયાન સીધા સૂર્યપ્રકાશમાં બહાર જવાનું ટાળવું જોઈએ. જરૂરી હોય ત્યારે છત્રી, ટોપી અથવા સ્કાર્ફનો ઉપયોગ કરીને શરીરને સીધી ગરમીથી બચાવવું જરૂરી બન્યું છે.આ સાથે, શરીરમાં ક્ષાર અને પાણીનું સંતુલન જળવાઈ રહે તે માટે ઓઆરએસ અથવા મીઠું-ખાંડનું પાણી પીવાનું પણ લોકોમાં પ્રચલિત બન્યું છે. નાના બાળકો અને વૃદ્ધોમાં ડિહાઈડ્રેશનનો ખતરો વધુ હોવાથી તેમના પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.


### મીઠા તરબૂચ ઉનાળામાં આરોગ્ય માટે વરદાનરૂપ

ઉનાળાની આ ઋતુમાં મધ જેવા મીઠા તરબૂચ માત્ર તરસ બુઝાવવા જ નહીં, પરંતુ આરોગ્ય માટે પણ વરદાન સાબિત થઈ રહ્યા છે. તરબૂચમાં લગભગ ૯૦ ટકાથી વધુ પાણી હોય છે, જે શરીરને હાઈડ્રેટ રાખવામાં મદદરૂપ બને છે. આરોગ્ય નિષ્ણાતો પણ ગરમીમાં ડિહાઈડ્રેશનથી બચવા માટે નિયમિત તરબૂચના સેવનની સલાહ આપી રહ્યા છે.

આ ઉપરાંત, સાંજ પડતા જ લોકો ઘરની બહાર નીકળી આઈસ્ક્રીમ, ગોલા, કેન્ડી અને વિવિધ ઠંડા પીણાંનો આનંદ માણી રહ્યા છે. બજારમાં શેરડીના રસ અને છાસના કેન્દ્રો પર પણ ભારે ભીડ જોવા મળી રહી છે.

### ચશ્મા અને ટોપીના બજારમાં તેજી પોલોરાઈડ્સ ચશ્મા બન્યા ફેવરિટ





બપોરના સમયે અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળતા લોકો સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચવા માટે સજાગ બન્યા છે. રાજકોટ અને અમદાવાદના ચશ્માના વેપારીઓ પાસેથી મળતી વિગત અનુસાર, અગાઉની ઋતુ કરતા ઉનાળા દરમિયાન ચશ્મા અને ટોપીની ખરીદીમાં ૪૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે.ચશ્માની વાત કરીએ તો, સામાન્ય રીતે યુવાનો સ્ટાઈલિશ ચશ્મા પસંદ કરતા હોય છે, પરંતુ આકરી ગરમીને કારણે અત્યારેઆ લોકો પોલોરાઈડ્સ, યુવી પ્રોટેક્ટ અને ડે-નાઈટ સનગ્લાસની વધુ ખરીદી કરી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ, પોલોરાઈડ્સ ચશ્મામાં ૩ પ્રકારના ફિલ્ટર આવે છે, જેમાંથી 'ફિલ્ટર-૩' વાળા ચશ્મા આંખને સૂર્યના સીધા કિરણોથી શ્રેષ્ઠ રક્ષણ આપે છે. આ કારણે જ અન્ય ચશ્મા કરતા પોલોરાઈડ્સનું વેચાણ ૫૦ ટકા સુધી વધી ગયું છે. સાથોસાથ, માથાના ભાગને સુરક્ષિત રાખવા માટે યુવાનોમાં લાલ, કેસરી અને બ્લુ જેવી રંગબેરંગી ટોપીઓનું આકર્ષણ પણ વધ્યું છે.

### 'બાથ ટબ'ની માંગમાં ઉછાળો

રાજકોટના લોકો હંમેશા કંઈક નવું અપનાવવામાં મોખરે હોય છે. આ વર્ષે કાળજાળ ગરમીથી બચવા માટે રાજકોટવાસીઓમાં બાથ ટબ ખરીદવાનો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જે લોકો પાસે સ્વિમિંગ પૂલની સુવિધા નથી, તેઓ પોતાના ઘરે જ ઠંડા પાણીથી ભરેલા બાથ ટબમાં રિલેક્સ થવાનું પસંદ કરી રહ્યા છે. બજારમાં હાલમાં વિવિધ કદ અને સુવિધાવાળા બાથ ટબના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને હવા ભરી શકાય તેવા બાથ ટબ બાળકો અને મધ્યમ વર્ગના પરિવારોમાં વધુ લોકપ્રિય બન્યા છે.આમ, ઉનાળાની શરૂઆત સાથે જ લોકો પોતાની જીવનશૈલીમાં મોટો બદલાવ લાવી રહ્યા છે. ભલે સૂર્યનો પ્રકોપ વધી રહ્યો હોય, પણ યોગ્ય આહાર, રક્ષણાત્મક સાધનો અને આધુનિક ગેજેટ્સ દ્વારા જનતા ગરમી સામે લડવા માટે સજ્જ થઈ ગઈ છે. વેપારીઓ માટે આ ઋતુ આર્થિક રીતે તેજી લાવનારી સાબિત થઈ રહી છે.



# જેના અન્ન ભેગા, તેના મન ભેગા: જિલ્લા ભાજપ દ્વારા ૧૭ મંડળોમાં એક સાથે ટિફિન બેઠક



## જિલ્લા ભાજપ પ્રભારી ભરત આર્ય, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાની ઉપસ્થિતિમાં લોક ઉપયોગી યોજનાઓ અંગે ચર્ચા

**અબતક,રાજકોટ**

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઈ આર્ય તેમજ રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં રાજકોટ જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માકડીયાએ રાજકોટ જીલ્લા ભાજપના તમામ ૧૭ મંડલોમાં 'એક સાથે એક સમયે' ટિફિન બેઠકનું આયોજન કરાયું હતુ.

આ અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય તથા જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાની વિછીયા તાલુકાના ભીમકુઈ પ્રાકૃતિક અભયારણ્ય ખાતે તેમજ જસદણ તાલુકાના બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ ઉપસ્થિતિમાં તેમજ રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની ગોંડલ શહેરમાં અશોકભાઈ પીપળીયાના ફાર્મ ખાતે વિશેષ ઉપસ્થિતિમાં, જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભાની રાજકોટ તાલુકામાં ત્રિમંદિર ખાતે વિશેષ ઉપસ્થિતિમાં, જીલ્લા મહામંત્રી રવિભાઈ માંકડિયાની ઉપલેટા તાલુકામાં મોજેશ્વર મહાદેવ મંદિર ખાતે ખાસ ઉપસ્થિતિમાં, ઉપલેટા શહેરમાં ટી.જી.એસ.પાર્ટી પ્લોટ ખાતે, ભાયાવદર શહેરમાં પીપળેશ્વર મહાદેવ મંદિર ખાતે, ધોરાજી શહેરમાં પંચનાથ મહાદેવ મંદિર સહિત અનેક જગ્યાએ ટીફીન બેઠકો યોજાઈ હતી.

રાજકોટ તાલુકા મંડળ ટિફિન બેઠકમાં મંડળ કક્ષાએ જે તે મંડળના પ્રભારીએ માર્ગદર્શન સાથે આગામી કાર્યક્રમો પાર્ટીની પ્રણાલી તેમજ સંગઠન વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે

(અનુ. આઠમા પાને)

# પૂ. મોરારિબાપુના આશિર્વાદ લેવા દિલીપ સંઘાણી તલગાજરડા પહોંચ્યા



**અબતક, હર્ષ ઠાકર અમરેલી**

મહુવાના તલગાજરડા ખાતે મોરારીબાપુના આશીર્વાદ લેવા માટે ભકિતબાપુ સાથે દિલીપભાઈ સંઘાણી પરિવાર સાથે પહોંચ્યા હતા. જયા ધાર્મિક ચર્ચાઓ કરી હતી. ભક્તિબાપૂ અને સંઘાણી પરિવાર દ્વારા મોરારીબાપુના આશીર્વાદ મેળવી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. તલગાજરડા ધામમાં સદૈવ આધ્યાત્મિકતા, સંસ્કાર અને શાંતિનું પવિત્ર વાતાવરણ રહેતું હોય છે, જેના કારણે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો અહીં દર્શનાર્થે આવે છે. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે મોરારીબાપુના આશીર્વાદથી જીવનમાં નવી ઉર્જા, પ્રેરણા અને સકારાત્મકતા પ્રાપ્ત થાય છે. તલગાંજરડા ધામમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને પરિવારજનોએ બાપુના સત્સંગ સાથે સાથે આધ્યાત્મિક આશિર્વાદનો અનુભવ કર્યો હતો. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતુ કે, જીવનમાં જેવી રીતે શિક્ષણ મનુષ્યને વિકાસના પંથે લઈ જાય છે. તેવી જ રીતે સત્સંગથી આત્માનો ઉધ્ધાર થાય છે. આજે મને બાપુના સાનિધ્યમાં તલગાજરડા ધામમાં અલોકિક આધ્યાત્મિક અનુભુતી થઈ છે. બાપુના આશિર્વાદ મેળવીને દિલીપભાઈ સંઘાણી અને સમગ્ર પરિવાર ધન્ય થયો હતો.

# મોંઘવારીનો 'હીટ સ્ટ્રોક' ગરમી વધતા શાકભાજીના ભાવમાં ભડકો

### થાળીમાંથી લીલા શાકભાજી 'ગાયબ': ચોળી, ગુવાર, ભીંડો, આદુ અને લીંબુના ભાવમાં વધારો: ગૃહિણીઓએ બજેટ સાચવવા કઠોળનો લીધો સહારો



**અબતક, રાજકોટ**

જ કાળઝાળ ગરમીનું આગમન થઈ ગયું છે. જેમ જેમ સૂર્યનારાયણનો પ્રકોપ વધી રહ્યો છે અને તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે, તેમ તેમ સામાન્ય જનતાના ખિસ્સા પર મોંઘવારીનો માર પણ વધી રહ્યો છે. ગરમીની સીધી અસર અત્યારે શાકભાજીના ભાવ પર જોવા મળી રહી છે, જેના કારણે ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

માર્કેટિંગ યાર્ડના ચાવડાભાઈ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે , કાળઝાળ ગરમીના કારણે ખેતરોમાંથી શાકભાજીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્કેટમાં માલ ઓછો આવતા ભાવમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો ઝીંકાયો છે. આકરી ગરમીમાં શાકભાજી જલ્દી બગડી જતા હોવાથી અને ટ્રાન્સપોર્ટેશનમાં મુશ્કેલી પડતી હોવાથી ભાવ વધારવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

વધતા ભાવને કારણે મધ્યમ વર્ગના પરિવારોની હાલત કફોડી થઈ છે. ગૃહિણીઓની રસોઈમાંથી હવે ગવાર, ચોળી, ભીંડા અને કારેલા જેવા શાકભાજી ગાયબ થઈ રહ્યા છે. મોંઘા શાકભાજી ખરીદવાને બદલે ગૃહિણીઓ હવે વૈકલ્પિક રીતે કઠોળ બનાવીને પોતાનું ઘરનું બજેટ સંભાળી રહી છે. ખાસ કરીને લીંબુ અને આદુના ભાવે તો મર્યાદા વટાવી દીધી છે.

**શાકભાજી ભાવ (રૂપિયામાં)**

| | |
|---|---|
| આદુ | ૨૦૦ |
| ચોળી | ૧૮૦ |
| લીંબુ | ૧૫૦થી ૧૮૦ |
| ગવાર | ૧૦૦ |
| કાચી કેરી | ૮૦ |
| ભીંડા/કારેલા | ૫૦થી ૬૦ |
| રીંગણા | ૪૦થી ૫૦ |
| ટામેટા | ૩૦ |

દર વર્ષે ઉનાળામાં ભાવ વધે છે, પરંતુ આ વર્ષે શરૂઆતથી જ ભાવ આસમાને પહોંચી ગયા છે. જો ગરમી હજુ વધશે તો શાકભાજીના ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા નકારી શકાતી નથી.

ગરમીના કારણે શાકભાજીના ભાવમાં થયેલા વધારાને લઈને વેપારીઓ અને ગ્રાહકો બંને મુશ્કેલી અનુભવી રહ્યા છે. ખાસ કરીને લીલા શાકભાજી જેમ કે ચોળી, ગવાર અને ભીંડા જેવી વસ્તુઓનો પુરવઠો ઓછો થતાં બજારમાં માંગ વધુ અને માલ ઓછો રહેતા ભાવ ઊંચા જઈ રહ્યા છે.

ગૃહિણીઓએ હવે રોજિંદા રસોઈમાં ફેરફાર કરવાનું શરૂ કર્યું છે. મોંઘા શાકભાજી બદલે બટાકા, ડુંગળી અને કઠોળ જેવા સસ્તા વિકલ્પો અપનાવવામાં આવી રહ્યા છે.

જો આવનારા દિવસોમાં તાપમાન વધુ વધશે તો શાકભાજીના ભાવમાં હજુ વધારો થવાની શક્યતા છે. તેથી સામાન્ય લોકો માટે ઘરખર્ચનું આયોજન કરવું વધુ જરૂરી બની ગયું છે.

ગરમીની વધતી અસર વચ્ચે હવે શાકભાજીના સંગ્રહ અને ગુણવત્તા પણ મોટો મુદ્દો બની રહ્યો છે. ઊંચા તાપમાનને કારણે શાકભાજી ઝડપથી સુકાઈ જાય છે અથવા બગડી જાય છે, જેના કારણે વેચાણકારોને રોજ નવી આવક પર નિર્ભર રહેવું પડે છે. પરિણામે, બજારમાં તાજું અને સારો માલ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ રહે છે અને તેની કિંમત પણ વધુ વસૂલવામાં આવે છે.

બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરોમાં શાકભાજી પહોંચાડવામાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. ગરમીને કારણે ટ્રાન્સપોર્ટ દરમિયાન માલનું નુકસાન વધતા વેપારીઓએ ખર્ચા પૂરા કરવા માટે ભાવમાં વધારો કર્યો છે.ગ્રાહકોમાં પણ હવે ખરીદીની રીત બદલાઈ રહી છે. લોકો ઓછા પ્રમાણમાં પરંતુ જરૂર મુજબ જ શાકભાજી ખરીદે છે, જેથી બગાડ ટાળી શકાય. કેટલાક લોકો ફ્રિજમાં લાંબા સમય સુધી ટકી શકે તેવા શાકભાજી પર વધુ ભાર મૂકી રહ્યા છે.

# કાળીપાટ નજીક રૂ.૬૨૪૦૦ના વિદેશી દારૂ સાથે સદ્દામ ઉર્ફે મસ્તાન ઝડપાયો

## પેડક રોડ પર ઓમ જ્વેલરી ડિઝાઇન શોપમાં બીયર સાથે વેપારી ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરીની ભાગોળે કાળીપાટ ચોકડી નજીક કારમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે સદ્દામ ઉર્ફે મસ્તાનને પીસીબી ની ટીમે અને પેડક રોડ પર આવેલા જી બી કોમ્પલેસમાં આવેલી ઓમ જ્વેલરી ડિઝાઇન શોપમાં બિયરના જથ્થા સાથે વેપારીને બી ડિવિઝન પોલીસની ટીમે ઝડપી લીધો છે.રાજકોટ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા પોલીસ કમિશનર બ્રિજેશકુમારે આપેલી સૂચનાના પગલે ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીસીબીના હેડ કોન્સ્ટેબલ કુલદીપ સિંહ જાડેજા, વિજયભાઈ મતા અને યુવરાજસિંહ રાણા પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, ભાવનગર રોડ પર કાળીપાટ ચોકડી પાસે અલ્ટો કારમાં વિદેશી દારૂ સાથે એક શખ્સ આવી રહ્યો છે. બાતમીના પગલે પીસીબી ની ટીમ કાળીપાટ ચોકડી પાસે વચમાં ગોઠવાઈ ગઈ હતી તે દરમિયાન, બાતમી મળેલી કાર ત્યાંથી પસાર થતા તેને અટકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ મળી આવી હતી. પોલીસે કાર અને શરાબ મળી રૂ.૩.૧૨ લાખના મુદ્દામાલ સાથે કોઠારીયા સોલ્વન્ટ ,૨૫ વરિયા કવાટરમાં રહેતો સદામ ઉર્ફે મસ્તાન મહેબૂબ ભાઈ ભુવર નામના



બુટલેગરની ધરપકડ કરી છે. દરોડા ની કામગીરી પીસીબી પીઆઈ એમ આર ગોંડલીયા, એમ જે હુંણ, પીએસઆઈ પી બી ત્રાજિયા, પીએસઆઈ આર.કે જાડેજા, હેડ કોન્સ્ટેબલ કુલદીપ સિંહ જાડેજા, વિજયભાઈ મેતા અને યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે બજાવી છે.જ્યારે અન્ય દરોડામાં બી ડિવિઝન પોલીસની ટીમે બાતમીના પગલે પેડક રોડ પર આવેલા જી બી કોમ્પ્લેકસમાં આવેલી ઓમ જ્વેલરી ડિઝાઇન શોપ માંથી બિયરના ૧૩ ટીન અને મોબાઈલ મળી રૂ. ૯.૩૬૦ ગુદા માલ સાથે , લક્ષ્મીવાડી મેઈન રોડ પર આવેલા પરમાર સાઇકલ ની બાજુમાં ગુંદાવાડીમાં રહેતો તુષાર મગનભાઈ સાવલિયા નામના વેપારીની બી ડિવિઝન પોલીસની ટીમે ધરપકડ કરી છે.

# માળિયા હાઈવે પાસે બાઈક આડે શ્વાન આવતા પત્નીનું મોત

## સાસરે આંટો મારવા જતી વેળાએ દંપતીને નડ્યો અકસ્માત, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

મોરબી-માળિયા હાઈવે પાસે મોટરસાયકલ પર જઈ રહેલા દંપતી આડે અચાનક કૂતરું ઉતરતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ૨૩ વર્ષીય પરિણીતાનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના ઈન્દિરા નગર, મહેન્દ્રનગર ચોકડી પાસે રહેતા પૂજાબેન શંકરભાઈ લાલવાણી (ઉં.વ. ૨૩) ગત ૧૫ માર્ચના રોજ બપોરના આશરે ચારેક વાગ્યે તેમના પતિ સાથે મોટરસાયકલ પર બેસીને સાસરે આંટો મારવા જઈ રહ્યા હતા. આ દરમિયાન માળિયા હાઈવે પર ગામના પાટીયા પાસે અચાનક જ કૂતરું આડું ઉતર્યું હતું. ચાલકે કાબૂ ગુમાવતા બાઈક સ્લિપ થઈ ગયું હતું, જેમાં પૂજાબેનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પૂજાબેનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર કારગત નીવડે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક પૂજાબેનના પતિ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ દંપતીને સંતાનમાં માત્ર ૩ મહિનાનો દીકરો છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પૂષ્કરધામ રોડ પરથી રૂ.૨.૪૨ લાખના હાઈબ્રીડ ગાંજા સાથે પેડલર ઝડપાયો

## મુંબઈનો નશાનો સોદાગર ધ્રુવ જોશી અમદાવાદથી માદક પદાર્થ લાવી વેચાણ કરે તે પૂર્વે એસઓજીની ટીમે દરોડો પાડી ૩.૬૨ લાખના મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટમાંથી હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે મુંબઈનો ધ્રુવ જોષી નામનો શખ્સ ઝડપાયો હતો. એસઓજીની ટીમે પુષ્કરધામ મેઈન રોડ પર દરોડો પાડી અમદાવાદથી માદક પદાર્થ લઈ આવી શહેરમાં છૂટકમાં વેંચાણ કરે તે પહેલાં જ શખ્સને પકડી પાડી રૂ.૨.૪૨ લાખનો ગાંજો સહિત રૂ.૩.૬૨ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ આદરી હતી.દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ""SAY NO TO DRUGS"" મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરૂધ્ધ કડક કાયેવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વી.વી.ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.ત્યારવા સાથેના એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને રાજકોટના જે.કે.ચોક, પુષ્કરધામ મેઈન રોડ ઉપર કે. પટેલ રેસ્ટોરન્ટ પાસે એક શખ્સ માદક પદાર્થ હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે ઉભો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.જે બાતમીના આધારે એસઓજી ટીમે દરોડો પાડી ધ્રુવ સંજય જોષી (ઉ.વ.૨૬, રહે-શિતલ પાર્ક શેરી નં.૦૨, શિવ શકિત સોસાયટી બ્લોક નં.૯ રાજકોટ, મુળ રહે. સ્પ્રીંગ બિલ્ડીંગ સંઘવી એસ-૩ ઈકોસીટી મીરા રોડ ઈસ્ટ થાણે મુંબઈ) ને પકડી પાડી તેની પાસેથી માદક પદાર્થ હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ૬૯.૩૮૦ ગ્રામ રૂ.૨.૪૨ લાખ સહિત કુલ રૂ.૩.૬૨ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ આદરી હતી.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ હાઈબ્રીડ ગાંજાનો જથ્થો અમદાવાદથી લઈને આવ્યો હતો અને તે રાજકોટ શહેરમાં છૂટકમાં વેચાણ કરવાનો હતો. હાલ તેના ગ્રાહકો અને સપ્લાયર અંગેની વિગત મેળવવા આરોપીના રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ આદરી છે.

## કુવાડવાના રફાળામાં સગીરાને મરવા મજબૂર કરવાના ગુનામાં પ્રેમીની ધરપકડ

# પ્રેમી ત્રણ સંતાનોનો પિતા હોવાની જાણ થતા ઝઘડામાં સગીરાએ ઝેર પીધું હોવાની ચર્ચા: આરોપીની પુછતાછ

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પોલીસ મથકની હદમાં આવેલા રફાળા ગામની વાડીમાં મધ્યપ્રદેશની સગીરાની લાશ મળી આવી હતી જેમા પોલીસે તપાસ કરતા તરૂણી ઝેર પી ૧૮ થી ૩૬ કલાક સુધી કણસતી રહી હતી અને પ્રેમીએ સારવાર પણ ન કરાવી અને નાસી ગયાનું બહાર આવતા કુવાડવા પોલીસે આરોપી પ્રેમી સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.સગીરાના પિતા જોગાભાઈ ભૂરિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વાંકાનેરના તીથવા ગામે અબ્દુલભાઈ ગઢવાળાની વાડીમાં ખેતમજૂરી કરતા જોગાભાઈની દીકરી શરમાબેન ઉર્ફે શારમતી ગત ૩ માર્ચે બપોરના સમયે અચાનક ગુમ થઈ હતી. પરિવારે વાંકાનેર બસ સ્ટેન્ડ અને આસપાસ તપાસ કરી પણ પત્તો લાગ્યો નહોતો. ૫ માર્ચે જોગાભાઈને ફોન આવ્યો હતો. ફોન કરનાર બુસા દુલા રાઠોડે જણાવ્યું કે, ''તમારી દીકરી મારી સાથે છે.'' દીકરીએ પણ ફોન પર વાત કરી હતી કે ''હું બુસા સાથે છું.'' ત્યારબાદ આરોપીએ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. ત્યારબાદ ૧૬ માર્ચે સવારના સાતેક વાગ્યે જોગાભાઈના ભત્રીજા સુનીલને આરોપી બુસાએ ફોન કરીને કહ્યું કે, ''શારમતીએ રાત્રે ૧૨ વાગ્યે દવા પી લીધી છે.'' સુનીલે આરોપીને વિનંતી કરી કે ''તેને નજીકના દવાખાને લઈ જા નહીતર તે મરી જશે,'' પરંતુ આરોપીએ ફોન કાપી નાખ્યો અને સ્વીચ ઓફ કરી દીધો હતો. પરિવારના સભ્યો રફાળા ગામે સુરેશભાઈ સેલડીયાની વાડીએ પહોંચ્યા ત્યારે સગીરા મૃત હાલતમાં મળી આવી હતી. પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરોના જણાવ્યા મુજબ, સગીરાનું મોત પીએમ શરૂ કરવાના ૧૮ થી ૩૬ કલાક પહેલા થયું હતું. એટલે કે ઝેર પીધા બાદ લાંબો સમય સુધી તેને કોઈ સારવાર મળી નહોતી.ફરિયાદમાં મૃતક સગીરાના જણાવ્યું છે કે આરોપી બુસા રાઠોડ સગીરાને ભગાડી ગયો હતો અને જ્યારે સગીરાએ ઝેર પીધું ત્યારે તેને બચાવવાને બદલે નાસી છૂટ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ત્રણ સંતાનનો પિતા હોવાની જાણ થતા સગીરાએ વાત કરતા પ્રેમીએ ઝઘડો કર્યો હતો જેથી લાગી આવતા ઝેર પી ગયાનુ બહાર આવતા કુવાડવા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૬ મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી પુછતાછ કરી છે.

# વ્યાજખોરોએ ત્રણ વાહનો ,સોનાના ઘરેણા પડાવી યુવકની જિંદગી ગોટાળે ચડાવી દીધી!

## રામ પાર્કમાં રહેતાં યુવાને વ્યાજ ચૂકવવા અન્ય શખ્સો પાસેથી રૂપીયા વ્યાજે લીધાં, પરિવારને મારી નાંખવાની ધમકી આપી, છ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટના છ વ્યાજખોરો બેફામ બન્યાં છે. કાર, બે બાઈક, સોનાના દાગીના પડાવી રામપાર્કમાં રહેતા યુવકની જિંદગી નર્ક કરી નાંખી પરિવારને મારી નાંખવાની ધમકી આપતાં આજીડેમ પોલીસ મથકમાં છ શખ્સો સામે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે આજીડેમ ચોકડીથી આગળ રામ પાર્ક શેરી નં.૧ માં રહેતાં હિતેષભાઈ ગોવિંદભાઈ પાટડીયા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિરમ ભરવાડ (રહે કરણાભાઈના ગાર્ડન પાસે સરકારી સ્કૂલની સામે), ભરત બોરસિયા (રહે.માલધારી સોસાયટી કરણાભાઈના ગાર્ડન પાસે), ભરત લાવડીયા (રહે રામપાર્ક), ભૂપત સેગલીયા (રહે રાધા કૃષ્ણ સોસાયટી રામવન પાસે), સાગર જળુ (રહે રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં. ૩ પાસે) અને દેવરાજ સોનારા (રહે.રાધાકૃષ્ણ સોસાયટી શેરી નંબર ૩) નું નામ આપતાં આજીડેમ પોલીસે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને રાજકોટ રોણકી ગામમાં આવેલ લાઈફકેર લેબોરેટરીમાં નોકરી કરે છે. દોઢેક વર્ષ પહેલા રૂપીયાની જરૂરીયાત ઉભી થતા ઓળખીતા વિરમ ભરવાડ પાસેથી સ્વીફટ ડીઝાયર કાર ગીરવે મુકીને તેની ઉપર રૂ. ૧.૬૫ લાખ મહીનાના ૧૫ હજાર વ્યાજ ચુકવવાની શરતે લીધેલ હતા. તેઓનુ વ્યાજ આઠ મહીના સુધી રોકડમાં ચુકવેલ છે. બાદ પરીસ્થીતી સારી ન હોય જેથી વ્યાજ ચુકવી શકેલ નહીં.દોઢેક વર્ષ પહેલા માલધારી સોસાયટી કરણાભાઈ ના ગાર્ડન પાસે રહેતા ભરત બોસરીયા પાસેથી બાઈક ગીરવે મુકીને રૂ. ૨૫ હજાર માસીક ૧૦ ટકા વ્યાજ લેખે લીધેલ હતા અને તેઓને પણ આઠ મહીના સુધી વ્યાજ ચુકવેલ છે. નવેક મહીના પહેલા રામપાર્ક ખાતે રહેતા ભરત લાવડીયા પાસેથી બાઈક ગીરવે મુકીને તેની ઉપર રૂ.૧.૦૨ લાખ માસીક ૧૦ ટકા વ્યાજ લેખે લીધેલ હતા. તેને ચાર કોરા ચેક સીકયુરીટી પેટે આપી છ મહીના વ્યાજ ચુકવેલ છે.ત્રણેક વર્ષ પહેલા ભુપત સેગલીયા પાસેથી એકટીવા ગીરવે મુકી ૧૦ કોરા ચેક સીકયુરીટી પેટે આપી રૂ. ૮ હજાર વ્યાજે લીધેલ હતા. જેના વ્યાજ પેટે કૂલ રૂ.૪૫ હજાર ચુકવી આપેલ છે, તેમ છતા એકટીવા અને ચેક પરત આપતાં નથી. આશરે સાતેક મહીના પહેલા સાગર જળુ પાસેથી સોનાની વીંટી અને મોબાઈલ ફોન ગીરવે મુકીને તેની ઉપર ૨૩ હજાર ઉચ્ચક વ્યાજે લીધેલ હતા અને તેઓને છ મહીના સુ ધીમાં કૂલ રૂ.૧૦,૫૦૦ વ્યાજ પેટે ચુકવી આપેલ છે.બાદ ગઈ તા. ૨૩/૦૨/૨૦૨૬ ના દેવરાજ સોનારા પાસેથી રૂ. ૨૦ હજાર અઠવાડીયાના રૂ. ૪ હજાર વ્યાજ ચુકવવાની શરતે લીધેલ અને તેની સીકયુરીટી પેટે તેઓને એક ચેક જેમાં રૂ.૪૦ હજાર રકમ લખીને તેને આપેલ છે. દેવરાજ સોનારા ફોનમાં ગાળો આપી ધાક ધમકી આપી ઘરે આવી પરીવારને હેરાન પરેશાન કરે છે, તેમજ સાગર જળુ રસ્તામાં ઉભો રાખીને તેના રૂપીયાના વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જે વસ્તુ જે હોય તે પડાવી લે છે. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ભગવતીપરા વિસ્તારમાં યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## કામકાજ ન ચાલતા ટેન્શનમાં યુવકે આ પગલું ભર્યાનું સામે આવ્યું, સારવાર અર્થે સિવિલ ખસેડાયા

**અબતક,રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં યુવકે કામકાજ બરાબર ન ચાલતા ટેન્શનમાં આવી ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે, જેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલી શુભલક્ષ્મી સોસાયટીમાં રહેતા તુષારભાઈ ગૌશંકરભાઈ જોશી (ઉ.વ. ૩૬) નામના યુવકે ગઈકાલે બપોરે આશરે ૩:૩૦ વાગ્યાના અરસામાં મોરબી રોડ જકાતનાકા પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેને તાત્કાલિક રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, તુષારભાઈ 'માધવ મેન પાવર સોલ્યુશન'માં મેનેજર તરીકે નોકરી કરે છે. છેલ્લા કેટલાક સમયથી કામકાજ બરાબર ચાલતું ન હોવાથી તેઓ માનસિક ટેન્શનમાં રહેતા હતા અને તે જ કારણોસર આ પગલું ભર્યું હોવાનું મનાય છે. તુષારભાઈ બે ભાઈ અને એક બહેનમાં બીજા નંબરના છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી સી. વી. રાણા સાહેબની કોર્ટમાં,
રૂમ નં. ૧૦૧ દિ.પ.અ.નં ૨૯૧૪/૨૦૨૫

અરજદાર જાગૃતિબેન જયતિભાઇ ખજુરીયા, રહે સિધ્ધાર્થ, પ્રહલાદ પ્લોટ, શેરી નં.૪૩, રાજકોટનાએ ગુજરનાર જયંતિભાઇ ત્રીભોવનદાસ ખજુરીયાની નીચે જણાવેલ મિલ્કત માટે અંત્રેની અદાલતમાં દિ.પ. અ નં. ૨૯૧૪/૨૦૨૫ થી વારસા સર્ટી મેળવવા અરજી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા સ્થાવર મિલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.

રાજકોટ શહેરના પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં શેરી નંબર ૪૩ માં આવેલ ''સીધાર્થ'' મકાન કે જેના સર્વે નં.૪૪૦ પૈકી, પ્લોટ નં.ર, ટી.પી. સ્કિમ નં.ર, ના ઓરીજીનલ પ્લોટ નં.૬૧/૨, ૬૫/૧ ના ફાયનલ પ્લોટ નં.૩૪૪ પૈકી સીટી સર્વે વોર્ડ નં.૧૫/૨, સીટી સર્વે નં.૩૯૫૩/બ/રે ની જમીન ચો.મી.આ. ૩૧૨૭-૧૨ પૈકીની તેનો ૫૦% હિસ્સો ગુજરનાર સ્વ.જયંતીભાઈ ત્રીભાવનદાસ ખજુરીયા ના નામે આવેલ છે.

(૫) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા જંગમ મિહલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.
૧. સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા ખાતા નંબરઃ- ૧૩૭૨૮૧૯૯૬૧
૨. રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી. ફીકસ ડીપોઝીટ રસીદ નંબર ખાતા નંબર :- ૧૧૫૨૫
૩. સ્વ.પદમાબેન જયંતીભાઈ ખજુરીયાના જુદી જુદી કંપનીમાં રોકાણ કરેલ શેર તથા મ્યુચીયલ ફંડ ની વિગતો.

જો તેમાં કોઇને કોઇ વાંધો તકરાર હોય તો તેમણે તા.૨૦/૪/૨૬ ના રોજ અત્રેની અદાલતમાં કલાક ૧૦:૩૦ વાગ્યે હાજર રહેવું અને વાંધા જવાબ રજુ કરવા, ગેરહાજર રહયે આગળનો યોગ્ય તે હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(એચ.આર. વ્યાસ)
રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ 'સીનીયર સીવીલ કો.
રાજકોટ.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર
(એમ.બી.ગાબુ)
આસીસ્ટન્ટ


# બેડલા ગામે મિલકતના ભાગના મામલે દંપતી પર સસરા, દીયર-દેરાણી સહિતનાનો હુમલો

## વાડી મૂકીને જતો રહેજે હવે અહિંયા રહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના બેડલા ગામે રહેતા યુવાન અને તેની પત્ની પર જમીનના ભાગ બાબતે પિતા,ભાઈ-ભાઈ અને ભત્રીજા-ભત્રીજીએ મળી ધોકા વડે હુમલો કર્યો હતો. વાડી મૂકીને ક્યાંક જતો રહેજે હવે અહિંયા વાડીએ રહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જે અંગે યુવાને એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.બેડલા ગામે રહેતા હેમંત બાબુભાઈ ગોવાણી(ઉ.વ. ૩૫) દ્વારા એરપોર્ટ પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના પિતા બાબુ નાગજીભાઈ ગોવાણી,ભાઈ મુકેશ ગોવાણી, ભાભી રશીલાબેન, ભત્રીજો રોહિત,ભત્રીજી નયનાનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૧૩/૩ ના સવારના સાતેક વાગ્યે રાણીંગપર ગામ પાસે આવેલી પોતાની વાડીએ પત્ની શીતલ અને પુત્રી આરતીને મુકી કામ સબબ તે ગામમાં ગયો હતો. દરમિયાન પુત્રી આરતીનો ફોન આવ્યો હતો અને તેણે વાત કરી હતી. દાદા બાબુભાઈ મમ્મી સાથે ઝઘડો કરે છે. જેથી યુવાન તુરંત વાડીએ પહોંચ્યો હતો. ત્યારે અહીં બાબુભાઈ,રોહિત અને નયના યુવાનની પત્ની આરતી સાથે માથકૂટ કરતા હતાં. યુવાનના પિતા પુત્રવધુને ગાળો આપી કહેતા હતા કે, વાડી મુકેન જતા રહો નહીં તો જનથી મારી નાખીશ તેમ કહી લાકડાનો ધોકા આરતીને મારી દીધો હતો. દરમિયાન યુવાન વચ્ચે પડતા તેને પણ લાકડાનો ધોકો માર્યો હતો. થોડીવાર બાદ યુવાનનો ભાઈ મુકેશ અને ભાભી રશીલાબેન આવી ગયા હતાં. તેણે યુવાન અને તેની પત્નીને ગાળો આપી હતી દરમિયાન યુવાનને તેના પિતા બાબુભાઈએ ધમકી આપી હતી કે, વાડી મૂકીને ક્યાંક જતો રહેજે હવે અહિંયા વાડીએ રહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. દરમિયાન વાડીએ અન્ય લોકો આવી જતા યુવાન અને તેની પત્નીને વધુ મારમાથી બચાવ્યા હતાં. બાદમાં બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, જમીનના ભાગ બાબતે તેના પિતા અને ભાઈ-ભાભી તથા ભત્રીજી- ભત્રીજા સહિતનાએ મળી લાકડાના ધોકા વડે મારમાર્યો હતો. જે અંગે યુવાનની ફરિયાદ પરથી એરપોર્ટ પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# વિમલ નગરમાં મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**અબતક, રાજકોટ**

શહેરના વિમલ નગર ચોક નજીક આવેલા વિમલનગર ગાર્ડન પાસે મકાનમાંથી ગત ૧૩/૦૩/૨૦૨૬ના રોજ રૂ.૭.૯૩ લાખની કિંમતના સોના ચાંદીના ના ઘરેણા ની ચોરી થયાની ફરિયાદ ગાંધીગ્રામ ૨ (યુનિ) પોલીસ મથકમાં નોંધાય હતી. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગત ૧૩/૩/૨૦૨૬ન રોજ મકાનમાં ૭.૯૩ લાખની સોના ચાંદીના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલવા ગાંધીગ્રામ ૨ અને એલસીબી ઝોન ૨ ની ટીમ સક્રિય બની , તે વિસ્તારના સીસીટીવી ખૂટે તથા કમાન્ડ એન્ડ કંટ્રોલના કેમેરાના અને બાતમી દારૂની માધ્યમથી ચોરીનો ભેદ ઉકેલી, મુંજકા પાસેથી કારમાંથી રૂ.૭.૯૩ લાખના મુદ્દામાલ સાથે મુંજકા ગામે રહેતો અલ્પેશ ઉર્ફે કાનો ધીરુભાઈ વાટુકિયા નામના શખ્સને ઝડપી લીધો છે આ દરોડા ની કામગીરી એલસીબી ઝોન ૨ની અને ગાંધીગ્રામ-૨(યુનિ) પોલીસની ટીમે બજાવી છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**એક સ્ટીમ બોઈલર (ICAD મેક) માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ટેન્ડર સૂચના નં.: M-2026-6-ICAD Boiler તારીખ: 10/03/2026 કામનું નામ:** C&W ડેપો હાપા ખાતે એક સ્ટીમ બોઈલર (ICAD મેક) માટે 2 વર્ષના સમયગાળા માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર **અંદાજિત ખર્ચ:** રૂ. 7,97,440/- **અર્નેસ્ટ મની:** રૂ. 16,000/- **ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 01/04/2026 ના રોજ 15:00 કલાક સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 01/04/2026 ના રોજ 15:30 કલાકે **ટેન્ડર ફોર્મ મેળવવાનું ઓફિસ સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ) પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001 **વેબસાઇટ વિગતો: www.ireps.gov.in**

RJT 212

અમને લાઇક કરો: facebook.com/WesternRly



## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **રામાવત રાજેશ ગણપતદાસને તા.૧૩/૦૮/૨૦૨૫** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૫,૮૧,૩૯૧=૩૪ (અંકે રૂપીયા પાંચ લાખ એકયાસી હજાર ત્રણસો એકાણુ અને ચોત્રીસ પૈસા પુરા) તા.૩૧/૦૭/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૩૧/૦૧/૨૦૨૬** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશનરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૪/૦૩/૨૦૨૬**નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૨૮/૦૨/૨૦૨૬** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૬,૦૩,૭૪૧=૩૪ (અંકે રૂપીયા છ લાખ ત્રણ હજાર સાતસો એકતાલીસ અને ચોત્રીસ પૈસા પુરા) ++ તા.૦૧/૦૩/૨૦૨૬** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ જીલ્લાના રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ની હદમાં બાબરીયા કોલોની પાસેના સ્થળ ઉપરના રેવન્યુ સર્વે નં. ૩૦૨ પૈકી ની કુલ જમીન ચો.મી.આ. ૪૬૨૧-૦૦ ઉપર ટી.પી.નં.૫ એફ.પી.નં.૨૫૮ પૈકીની સીટી સર્વે વોર્ડ નં. ૧૦ પૈકી આર્થિક અનુ સામાજીક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજના (૩૦૧૨ આવાસ યોજના) હેઠળ બાંધવામાં આવેલ ફલેટસ પૈકી ભોંય તળીયે આવેલ ફલેટ નં. ૫૫૩ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૫-૭૨ થી સહિતના ફલેટ જે વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૨૯ તા.૦૪/૦૨/૨૦૧૯ થી રાજેશભાઈ ગણપતદાસ રામાવતના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા :** ઉત્તરે :- લાગુ રસ્તો આવેલ છે. તે તરફ માપ મી. ૪-૭૫ છે.
દક્ષિણે :- લાગુ ફલેટ નં. ૫૫૪ આવેલ છે. તે તરફ માપ મી. ૪-૭૫ છે.
પુર્વે :- લાગુ ખુલ્લુ તથા બ્લોક નં. ૮ આવેલ છે. તે તરફ માપ મી. ૩-૧૫ છે.
પશ્ચિમે :- લાગુ ખુલ્લુ તથા પેસેજ આવેલ છે. તે તરફ માપ મી. ૩-૪૯ છે.

**મિલ્કતનું સરનામુ :- કવાર્ટર નં. ૫૫૩, આર.એમ.સી. આવાસ યોજના, બાબરીયા કોલોની, પીપળીયા હોલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.**

**તા. ૧૭/૦૩/૨૦૨૬**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**



## :: જસદણ નગરપાલિકા ::
## —: જાહેર નિવિદા :—

આ નગરપાલિકા બાંધકામ કામગીરીના અનુભવી અને સક્ષમ કોન્ટ્રાકટરો (રજીસ્ટ્રેશન ઈ-૨ વર્ગ અને ઉપરના) પાસેથી નીચે મુજબના કામો કરાવવાના ટેન્ડરો આવકારે છે.

| ક્રમ | કામની વિગત | (૧) કામની અંદાજીત રકમ<br>(૨) બાનાની રકમ<br>(૩) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧ | ૧૫માં નાણાંપચની સને.૨૦૨૩-૨૪ની ટાઈડ ગ્રાન્ટ અંતર્ગત ગોખલાણા રોડ સર્વે નં.૧૧૬૧ પૈકી ૩/પૈકી ૧ પર ૧૬૦ એમ.એમ.નો બોરવેલ કરી મશીનરી ફીટીંગ કરવાનું કામ. (બીજો પ્રયત્ન) | (૧) ૨,૩૧,૪૨૭/-<br>(૨) ૨,૩૫૦/-<br>(૩) ૬૦૦/- |
| ૨ | જસદણ નગરપાલિકા માટે બ્રેકર (Bosch કંપનીનું ૧૪૦૦ BPM, ૨૫૦૦ વોલ્ટ, ૧૬ કિ.ગ્રા.) મશીન ખરીદ કરવાનું કામ. | |

**શરતો :-** ઉપર મુજબના ક્રમ નં.૧ના કામના ટેન્ડરો જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાના રજાના દિવસો સિવાયના દિન-૭(સાત) સુધીમાં આ કચેરીમાંથી મેળવી લેવાના રહેશે તથા રજાના દિવસો સિવાયના જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૦(દસ) સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફત સીલ બંધ કવરમાં બાનાની રકમના આધારો તથા જરૂરી ડોકયુમેન્ટસ સાથે ચીફ ઓફીસર નગરપાલિકા જસદણના નામે મોકલી આપવાના રહેશે. ક્રમ નં.૨ના ભાવો અનુભવી અને સક્ષમ સપ્લાયર્સ પાસેથી પોતાના લેટરપેડમાં રજાના દિવસો સિવાયના જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭(સાત) સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફત સીલ બંધ કવરમાં મોકલી આપવાનાં રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર કોઈપણ કારણ આપ્યા સિવાય નગરપાલિકાને અબાધિત રહેશે.

જા.નં.પા.પુ./વશી/૧૫૨/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

(મેહુલ જોધપુરા)
ચીફ ઓફીસર
નગરપાલિકા-જસદણ

(જે.પી.છાયાણી)
પ્રમુખ
નગરપાલિકા-જસદણ

માહિતી -રાજ-૧૯૯૩-૨૫-૨૬

તંત્રી લેખ

# ભારતનું ડિજિટલ અર્થતંત્ર: વિકાસની હરણફાળ સાથે પડકારો પણ અનેક

આધુનિક યુગમાં કોઈપણ દેશના આર્થિક વિકાસને માપવા માટે તેનું ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક મહત્વપૂર્ણ માપદંડ બની ગયું છે. છેલ્લા એક દાયકામાં ભારતે આ દિશામાં જે હરણફાળ ભરી છે તે સમગ્ર વિશ્વ માટે એક કેસ સ્ટડી સમાન છે. ડિજિટલ પેમેન્ટથી લઈને ઈ-ગવર્નન્સ સુધી, ભારતે તકનીકી ક્ષેત્રે અકલ્પનીય પ્રગતિ સાધી છે અને અર્થતંત્રને એક નવો જ આયામ પૂરો પાડ્યો છે.

આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, ભારતની યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ સિસ્ટમે વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. રિઝર્વ બેંક અને એનપીસીઆઈ ના આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ ના સમયગાળામાં ભારતમાં ૧૦૦ અબજથી વધુ યુપુઆઉ ટ્રાન્ઝેક્શન નોંધાયા હતા. આજે વિશ્વના કુલ રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સમાં ભારતનો હિસ્સો ૪૬ ટકાથી વધુ છે, જે અમેરિકા અને ચીન જેવા વિકસિત દેશો કરતા પણ ક્યાંય આગળ છે.

આ ડિજિટલ ક્રાંતિની સૌથી મોટી અસર જમીની સ્તરે જોવા મળી છે. એક સમય હતો જ્યારે નાના વેપારીઓ, શાકભાજી વિક્રેતાઓ કે ચાની લારીવાળા માટે બેંક ખાતા કે ડિજિટલ લેવડદેવડ એક સપના સમાન હતી. આજે ભારતના ખૂણે-ખૂણે દરેક નાની-મોટી દુકાન પર ક્યુઆર કોડ જોવા મળે છે, જેણે છેવાડાના સામાન્ય માણસને મુખ્યપ્રવાહના બેન્કિંગ અને અર્થતંત્ર સાથે જોડવાનું અદભૂત કામ કર્યું છે.

ઈન્ટરનેટ વપરાશકર્તાઓની વાત કરીએ તો, ભારતમાં સક્રિય ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૮૨૦ મિલિયન એટલે કે ૮૨ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે આમાંથી ૫૦ ટકાથી વધુ યુઝર્સ ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે. આ આંકડો દર્શાવે છે કે ભારતનું ગ્રામીણ અર્થતંત્ર હવે ધીમે ધીમે ઓનલાઈન બજારો, ઈ-કોમર્સ અને કૃષિ સંબંધિત ડિજિટલ સેવાઓ તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.

પરંતુ, આ તેજસ્વી ચિત્રની પાછળ એક ચિંતાજનક અંધકાર પણ રહેલો છે, અને તે છે વધતા જતા સાયબર ક્રાઈમ. ડિજિટલ લેવડદેવડ વધવાની સાથે ઓનલાઈન છેતરપિંડીના કેસોમાં પણ ભયજનક ઉછાળો આવ્યો છે. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલના ડેટા મુજબ, વાર્ષિક ધોરણે નાણાકીય છેતરપિંડીની લાખો ફરિયાદો નોંધાય છે, જેમાં સામાન્ય નાગરિકો પોતાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે.

આ ઉપરાંત, 'ડિજિટલ ડિવાઈડ' એટલે કે ડિજિટલ અસમાનતા હજુ પણ દેશ માટે એક મોટો પડકાર છે. મોટા શહેરી વિસ્તારોમાં હાઈ-સ્પીડ ૫જી ઈન્ટરનેટની સુવિધા મળી રહી છે, જ્યારે અનેક અંતરિયાળ ગામડાઓમાં હજુ પણ પ્રાથમિક નેટવર્ક કનેક્ટિવિટીના પ્રશ્નો ઉભા છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સંપૂર્ણ ડિજિટલાઈઝેશન લાવવા અને સમાન તકો પૂરી પાડવા માટે આ અસમાનતા દૂર કરવી અત્યંત આવશ્યક છે.

સરકાર દ્વારા 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાન હેઠળ અનેક નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય આઈટી મંત્રીઓ દ્વારા વારંવાર ડિજિટલ અર્થતંત્રને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સરકારી સબસિડી અને યોજનાઓના સીધા લાભાર્થીઓના ખાતામાં નાણાં જમા થવાથી વચેટિયા પ્રથા નાબૂદ થઈ છે અને ભ્રષ્ટાચારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

જોકે, ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું પૂરતું નથી, પરંતુ લોકોમાં ડિજિટલ સાક્ષરતા વધારવી અનિવાર્ય છે. શાળાકીય અભ્યાસક્રમમાંથી જ બાળકોને સાયબર સિક્યોરિટી અને ડીપફેક જેવી નવી ટેકનોલોજીના જોખમો અંગેનું જ્ઞાન આપવું જોઈએ. સાથે જ, બેંકો અને નાણાકીય સંસ્થાઓએ પણ પોતાની સુરક્ષા પ્રણાલીઓને આધુનિક અને વધુ મજબૂત બનાવવાની તાતી જરૂર છે.

# સિંધી સોશિયલ યુવા ગ્રુપ દ્વારા કાલથી સિંધી સંસ્કૃતિ અને ભક્તિનો દ્વિ-દિવસીય મહાકુંભ

## સિંધી સોશિયલ યુવા ગ્રુપ દ્વારા ૨૭માં 'ચેટીચાંદ મેળા મહોત્સવ'નું ભવ્ય આયોજન: 'અબતક' મીડિયાની મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના સિંધી સમાજમાં હર્ષોલ્લાસ વધારવા માટે 'સિંધી સોશ્યલ યુવા ગ્રુપ' દ્વારા સતત ૨૭માં વર્ષે ચેટીચાંદ નિમિત્તે વિવિધ ભવ્ય કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ દ્વિ-દિવસીય મહોત્સવમાં ભકિત અને સિંધી સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે. આ મહોત્સવની શરૂઆત ૧૯ માર્ચ ૨૦૨૬, ગુરુવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ચૈત્રી નવરાત્રિના પવિત્ર પ્રારંભ નિમિત્તે 'માતાજીની ચોકી'થી થશે, જેમાં શ્રદ્ધાળુઓ મોડી રાત સુધી ભક્તિભાવપૂર્વક માતાજીના ગુણગાન ગાશે.

અબતક મિડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા સુનિલભાઈ ટેકવાણી, ઉપપ્રમુખ સોનુભાઈ આહુજા અને તેમની ટીમે માહિતી આપતા જણાવ્યું હતું કે, મહોત્સવના બીજા દિવસે, એટલે કે ૨૦ માર્ચ ૨૦૨૬, શુક્રવારના રોજ સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય મેળો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંજે ૬:૩૦ કલાકથી શરૂ થનારા આ આયોજનમાં 'ઝુલેલાલ મેળો' અને સિંધી સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ્સ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ ઉપરાંત, સામાજિક સંદેશ આપતા વિશેષ નાટક 'ઘર-ઘર જી ચિંતા'નું મંચન પણ કરવામાં આવશે, જે પ્રેક્ષકો માટે મનોરંજન સાથે ચિંતનનો વિષય બનશે.

આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં પધારેલા તમામ ભાવિકો માટે પારિવારિક માહોલમાં 'મહાપ્રસાદ'ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. સિંધી સોશ્યલ યુવા ગ્રુપના પ્રમુખ સુનીલભાઈ ટેકવાણી, ઉપપ્રમુખ સોનુભાઈ આહુજા અને તેમની ટીમ દ્વારા સમગ્ર સિંધી સમાજને એકતા દર્શાવવા માટે અપીલ કરવામાં આવી છે. તેમણે સમાજના દરેક સભ્યોને પોતાના ધંધા-રોજગાર બંધ રાખી, પરિવાર સહ આ મહોત્સવમાં જોડાઈને ભગવાન ઝુલેલાલના આશીર્વાદ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળમાં કાલથી ચૈત્રી નવરાત્રિ બ્રહ્મ મહોત્સવનો થશે આરંભ

## ચૈત્રી નવરાત્રિના પાવન દિવસોમાંજ જપ, તપ હિંડોળા દર્શન સહિતના ધાર્મિક અનુષ્ઠાનનો ભાવિકોને મળશે ધર્મલાભ



**અબતક, રાજકોટ**

શહેરમાં ચૈત્રી નવરાત્રી ના ધર્મ મહિમા માહોલમાં સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ચૈત્રસુદ એકમથી નોંમ તા, ૧૯થી૨૭ માર્ચ દરમિયાન નવ દી ના દિવ્ય ,ભવ્ય બ્રહ્મ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગુરુ દેવકૃષ્ણદાસ સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસ સ્વામીના આશીર્વાદ થી

તેમજ સર્વે સતી હરિભક્તોની હૃદયની ભાવભકિતથી સાપના ખંડરાયના અને ઉપાયના બ્રહ્મ મહોત્સવ અંતર્ગત તા ૨૩ થી ૨૭ માર્ચ દરમિયાન કલાત્મક હિડોળા દર્શન, સવારે ૬:૩૦ કલાકે રાજોપચાર પૂજન, ઘનશ્યામ મહારાજ સમક્ષ ગીત સંગીત સાથે સર્વ મંગલ સ્તીત્ર દ્વારા તુલસી અને પુષ્પ પાખડી દ્વારા પૂજન, સાંજે ૬.૩૦ કલાકે મહાપી નિરંજન આરતી અને ૭મ૧૫ કલાકે ધનશ્યામલાલાનું પૂજન અર્ચન થાળ અને આરતી થશે બ્રહ્મ મહોત્સવ અંતર્ગત હજારો ભક્તો વિવિધ તપના નિયમ લેશે. જેમાં નવ દિવસ ફક્ત પ્રવાહી ઉપવાસ (નીલકંઠ વત ) નવ દિવસ નિત૩ -કોળીયા હરીચંદ્રાયણ વ્રત,નવ દિવસ ફલાહાર (વાણી વત ) નવ દિવસ એક ટાઈમ ભોજન (સહજ વત) કરશે.

નવ દિવસ હજારી ઘરો માં ઘનશ્યામ મહારાજને પારણીયામાં ઝુવાશે અને આરતી, કીર્તન,ગાન થાળ અનુષ્ઠાન અંતર્ગત દરેક ભક્તો વ્યક્તિગત નિતા ૨૫૦- ઉપરાંત જપ કરી નવ દિવસમાં ૫૭૦૦ જપ નું અનુષ્ઠાન કરશે.

નવ દિવસના બ્રહ્મ મહોત્સવ દરમિયાન રાત્રે ૮/૩૦ કલાકેશહેર નાવિવિધ વિસ્તારમાં ભવ્ય હિડોળા દર્શન કરવામાં આવશે નવરાત્રી દરમિયાન દરરોજ રાત્રે ૮/૩૦ થી ૧૧/૩૦ દરમિયાન અલગ-અલગ કાર્યક્રમમાં ૧૯ માર્ચબાપા સીતારામ ચીક, મવડી

૨૦માર્ચ-નિત્યમવિલાયોક, ૮૦ ફૂટ રોડ યુકે ,૨૧માયં અમરનાથ મહાદેવ મંદિર, કાથાવાડ રોડ

૨૨ માર્ચ ગોકુળધામ ગાર્ડન કૃષ્ણનગર ૨૩ /૩ ઝેને ગાર્ડન ન્યૂ મવડી ૨૪/૩ રામેશ્વરવાડી, કોઠારીયા,૨૫ ૩-બિલે શ્વર મહાદેવ મંદિર ન્યુકોઠારીયા ,૨૬/ ૩- એસ કે પી સ્કૂલ પાસે, નાના મવા. ખાતે સ્વામિનારાયણ ભગવાનના ૨૪૫ માંપ્રાગટ્ય જન્મોત્સવની ઉજવણો હિંડોળા ઉત્સવ દ્વારા કરવામાં આવશે

રામનથમાં અને સ્વામિનારાયણ જયતિ ૨૭/૩ના દિવસે રાત્રે ૮.૧૦ વાગ્યે સ્વામિનારાયણ ગુરુકુલ માં મુખ્ય પ્રાગટયીત્સવ ની ઉજવણી માં ગુરુકુળની વિવિધ શાખા સંસ્થાના સંતો અને હરિભક્તો ઉપસ્થિત રહેશે, બ્રાહ્મ મહોત્સવનો લાભ લેવા હરિભક્તોનેજ્ઞાનજીવનદાસ સ્વામી ,હરીપ્રિય સ્વામી. પૂર્ણપ્રકાશ સ્વામી એ અનુરોધ કર્યો છે.

# રામાનંદી સાધુ સમાજના ૫૦ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સનું સન્માન

## સંતો-મહંતો, રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં સોશિયલ મીડિયા ક્રિએટર્સ એવોર્ડ એનાયત



**અબતક, રાજકોટ**

સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા સમસ્ત રામાનંદી સાધુ સમાજ ના સમગ્ર ગુજરાત ભરમાં વસ્તા રામાનંદી સાધુ પરીવાર ના ધણાખરા લોકો સોશિયલ મીડિયા ક્ષેત્રે ખુબ સારી નામના ધરાવે છે. અને અત્યંત સરળ સમજુ તેમજ સમાજ ને કંઈક સારી પ્રેરણા મળે તેવા હર હમેંશ તેમના વિડીયો વ્લોગસ અને રીલ્સ હોય છે. તેવા ૫૦ થી વધુ સોસિયલ મીડિયા ક્રિએટરર્સ જે અમારા રામાનંદી સાધુ સમાજા નું ગૌરવ છે. આવા તમામ સોશિયલ મિડીયા ક્રિએટરર્સ ને બિરદાવવા, સન્માનિત કરવા, પ્રોત્સાહીત કરવા તથા તેના ઉજ્જ્વળ ભવિષ્ય ની કામના માટે તેમજ એવોર્ડ આપવા માટે સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા એક ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ માં રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શિક્ષણ સમિતી વાઈસ ચેરમેન ડો. પ્રવીણભાઈ નિમાવત, સૌરાષ્ટ્ર ઓબીસી અગ્રણી નિલેશભાઈ જલુ, કુટુંબ પ્રબોધન સંયોજક રાજકોટ મહાનગર આર.એસ.એસ. ડો. હાર્દિકભાઈ નિમ્બાર્ક, અગ્રણી બિલ્ડર અશોકભાઈ લશ્કરી (સુંદરમ ગ્રુપ), જાણીતા જનરલ સર્જન ડો. નીલેશભાઈ નિમાવત, પી.જી.વી.સી.એલ. વાળા રામભાઈ રામાનુંજ, સી.આઈ.ડી. ક્રાઈમ પી.એસ.આઈ. શરદભાઈ નિમાવત રાજકોટ જાણીતી હોસ્પિટલ વોકહાર્ટ ના નીષ્ણાત ડો. દર્શનભાઈ નિમાવત વગેરેની વિષેસ ખાસ ઉપસ્થિતિ રહી હતી. સમાજલક્ષી વર્તમાન સમયની જરૂરિયાત મુજબનુ માર્ગદર્શન આપ્યું તેમજ બધા એવોર્ડી ક્રિએટરર્સ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ રવિરાજભાઈ રામાવત ના માર્ગદર્શન તેમજ રાહબરી આગેવાની હેઠળ જીગ્નેશભાઈ અગ્રાવત, જયદીપભાઈ નિમ્બાર્ક, વિવેકભાઈ નિમાવત, દેવાંગભાઈ નિમાવત, અજયભાઈ દેવમુરારી, વગેરે આ ભવ્ય અને દિવ્ય આયોજન ને સફળ બનાવવા અમુલ્ય જહેમત ઉઠાવી હતી.

# કાલે આર્યસમાજના ૧૫૨માં સ્થાપના દિવસની ઉજવણી કરાશે

**અબતક, રાજકોટ**

આર્ય સમાજ હાથીખાના તથા આર્યસમાજ માયાણીનગર રાજકોટ દ્વારા કાલે ગુરૂવારે આર્યસમાજના ૧૫૨માં સ્થાપના દિવસ ઉજવાશે આર્ય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિ છે. વિભકત સમાજને પુનઃસંગઠીત કરવા માટે માનવમાત્રની સર્વાંગી ઉન્નતિની પવિત્ર ભાવનાથી યુગ પ્રવર્તકથી મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ચૈત્ર સુદ એકમ વિ.સં.૧૯૩૧ના રોજ મુંબઈમાં આર્યસમાજ જેવા મહાન સંગઠનની સ્થાપના કરી હતી.

આયોજીત કાર્યક્રમમાં પધારવા લોકોને અનુરોધ કરાયો છે.

# વડતાલધામમાં ૪-૫ એપ્રિલે રાજય માધ્યમિક શિક્ષક સંઘનું અધિવેશન

**અબતક,રાજકોટ**


ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા આગામી તારીખ ૪ અને ૫મી એપ્રિલ શનિ રવિવારના રોજ રાજ્યનું અધિવેશન વડતાલ ધામ સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાવાનું હોય આ અધિવેશનમાં સમગ્ર ગુજરાતમાંથી આશરે ૫ થી ૬ હજાર શિક્ષક મિત્રો પોતાની ડેલીગેશન ફી ભરી અને હાજરી આપવાના છે. જેમાં રાજકોટ શહેર અને જિલ્લામાંથી માધ્યમિક સંવર્ગમાં કામ કરતા તમામ શિક્ષક મિત્રોને રાજકોટ શહેર માધ્યમિક શિક્ષક સંઘ અને રાજકોટ જિલ્લાના તમામ શિક્ષક મિત્રો તથા સૌરાષ્ટ્ર ઝોનના તમામ શિક્ષક મિત્રો પોતાની શાળામાંથી આચાર્યનીની પરમિશન લઈને આ વિશાળ સહ હેતુ અને શિક્ષણના વિશાળ હિતમાં યોજનાર માધ્યમિક શિક્ષકોના મહાકુંભમાં પોતાની હાજરી નોંધાવી અને મહામંડળ પ્રત્યેનું ૠણ અદા કરીશું.

આપના અખબારના માધ્યમથી અમો તમામ શિક્ષક મિત્રોને એક આહવાન કરીએ છીએ કે ઘણા બધા શિક્ષકોના અને શિક્ષણના પ્રશ્નો ઉકેલવામાં ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે અદકેરી કામગીરી કરીને શિક્ષકોના રક્ષણ, જૂની પેન્શન યોજના અને બે વર્ગોની શાળામાં એક + ત્રણ શિક્ષકોના રેશિયા જેવી બાબતો સરકાર સાથે ખૂબ જ ચીવટતા પૂર્વક અને લાંબી લડત ના અંતે ઘણા બધા પ્રશ્નોનું નિવારણ લાવી શક્યા છીએ.

દરેક શિક્ષકોને આગામી અધિવેશનમાં હાજરી આપીને મહામંડળની સૌ સાક્ષી બનવા સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર નારણભાઈ વિરડા મોબાઈલ નંબર ૯૬૮૭૪૦૩૨૯૮ અને રાજકોટ જીલ્લા મીડિયા કન્વીનર ભાવેશભાઈ ઈલાણી મોબાઈલ નંબર ૯૮૯૮૮૧૨૦૦૦ દ્વારા અનુરોધ કરાયો છે.

# સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીઓને હેલ્થ ચેકઅપનું મહત્વ સમજાવાયું

## સ્વસ્થ યુવા, સશકત ભારત અંતર્ગત અવેરનેસ કાર્યક્રમ અને હેલ્થ ચેક-અપ કેમ્પ યોજાયો





**અબતક, રાજકોટ**

આજના ભાગદોડ ભર્યા યુગમાં બદલાતી જીવનશૈલીને કારણે યુવાનોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવી અનિવાર્ય બની છે. આ હેતુને સાર્થક કરવા તાજેતરમાં સરકારી પોલિટેકનિક રાજકોટ ખાતે એક હેલ્થ અવેરનેસ લેક્ચર અને નિશુલ્ક હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત મહેમાન તરીકે રાજકોટ મહિલા પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મીબેન મિશ્રા, પ્રજાપિતા બ્રહ્મકુમારીના જયશ્રી દીદી તેમજ મુખ્ય વક્તા તરીકે પેથોલોજિસ્ટ ડો. સલોની પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અત્રેની સંસ્થાના આચાર્ય ડો. એ. એસ. પંડ્યાના સ્વાગત ઉદબોધન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ જયશ્રી દીદી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમજ મુખ્ય વક્તાડો. સલોની પટેલ દ્વારા 'યુવાનોમાં સ્વાસ્થ્ય', 'નાની ઉંમરે હાર્ટ એટેકના કિસ્સાઓ', 'હેલ્થ ચેક-અપનું મહત્વ' અને 'નિવારણ તથા સ્વસ્થ જીવનશૈલી' જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માહિતી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

આ સાથે જ સંસ્થાના ઈલેક્ટ્રીકલ વિભાગના કોન્ફરન્સ હોલ ખાતે એક નિશુલ્ક હેલ્થ ચેક-અપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાતો દ્વારા હિમોગ્લોબિન, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કોલેસ્ટરોલ, ઈખઈ અને ઓક્સિજન લેવલની તપાસ કરી જરૂરી તબીબી સલાહ આપવામાં આવી હતી.

# શકિત એજયુ. ટ્રસ્ટના બેસ્ટ વુમન એવોર્ડ સમારોહમાં મહિલા પ્રતિભાઓનું અભિવાદન

## પૂર્વ મેયર નયનાબેન પેઢડીયાની ઉપસ્થિતિમાં એવોર્ડ સમારોહ યોજાયો





**અબતક, રાજકોટ**

રાજકોટ માં શ્રી શકિત એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ જયપાલસિંહ ઝાલા અને વિજયભાઈ આહિર દ્વારા બેસ્ટ વુમન એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું જેમા પૂજાબા જાડેજા (જેસલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ ) દ્વારા યોગેશ્વરીબા મયુરસિંહ જાડેજા (મોટી ખોખરી)ને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તે દરમિયાન રાજકોટ પુર્વ મેયર નયનાબેન પેઢડીયા તેમજ મહિલા પોલીસ ઈન્સપેકટર (દ્વારકા) રમાબેનની ઉપસ્થિતિ હતી તે દરમિયાન પી બી સ્કુલ (રેલનગર) ના શિક્ષક દેવ્યનીબેન મેઘનાથી અને સ્નેહાબેન વ્યાસને બેસ્ટ ટીચરનો એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા

# કપિલેશ્વર મહાદેવ મંદિરે શુકવારથી ભાગવત મહાપુરાણ કથાનો શુભારંભ

## વકતા નીતિનભાઈ આચાર્ય સુમધુર વાણીમાં રાજા પરીક્ષીત જન્મ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પુજા સહિતના પ્રસંગો સાથે કથાનું રસપાન કરાવશે

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલા મોટા મોવા વિસ્તારના આંગન ગ્રીન સિટીના ગેઈટની પાસે આવેલ પ્રખ્યાત કપિલેશ્વર મહાદેવ મંદિરના પવિત્ર સાનિધ્યમાં પવિત્ર ચૈત્ર માસ નિમિત્તે સર્વ પિતૃ મોક્ષાર્થે તથા વિશ્વ કલ્યાણ અર્થે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક આયોજન ભક્તજનો માટે આધ્યાત્મિક લાભ મેળવવાનો સોનેરી અવસર સાબિત થશે.

કથા નું રસપાન શાસ્ત્રી વકતા નીતિનભાઈ કે.આચાર્ય ના મધુર કંઠે થી શ્રોતાજનો ને પીરસવામાં આવશે.

આ કથાનો શુભ પ્રારંભ તા. ૨૦ માર્ચ ૨૦૨૬, શુક્રવારે બપોરે ૩ વાગ્યે થશે અને તા. ૨૬ માર્ચ ૨૦૨૬, ગુરુવારે સાંજે ૭ વાગ્યે કથા વિરામ થશે. કથા પૂર્વે તા. ૨૦ માર્ચે બપોરે ૨ વાગ્યે કપિલેશ્વર મહાદેવ મંદિરેથી પોથી યાત્રા ભવ્ય રીતે નીકળશે, જે બપોરે ૩ વાગ્યે કથા મંડપ ખાતે પહોંચશે. કથા દરરોજ બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭:૩૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં બહોળી સંખ્યામાં ભક્તજનો હાજરી આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.


કથાના પાવન પ્રસંગોમાં પ્રથમ દિવસે કથા મહાત્મ્ય અને રાજા પરીક્ષિતના જન્મનું વર્ણન કરવામાં આવશે. બીજા દિવસે કપિલ ભગવાનના જન્મ તથા વરાહ અવતારની કથા રજૂ થશે. ત્રીજા દિવસે શ્રી નરસિંહ ભગવાનના પ્રાગટ્ય અને વામન અવતારના પ્રસંગોનું વર્ણન થશે. ચોથા દિવસે ભગવાન શ્રી રામ તથા શ્રી કૃષ્ણના જન્મોત્સવ સહિતના કાર્યક્રમો યોજાશે.

આ કથામાં મુખ્ય યજમાનપદે રૂપિયા ૨૧,૦૦૦, પાટલા પોથીના રૂપિયા ૭,૦૦૦ તેમજ પિતૃઓના ફોટા માટે રૂપિયા ૧,૧૦૦ નક્કી કરવામાં આવ્યા છે. આ આયોજનમાં ભાગ લેવા ઈચ્છુક ભકતજનો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પવિત્ર અવસરે તમામ ધાર્મિક ભાવના ધરાવતા ભકતજનોને ઉપસ્થિત રહી કથાશ્રવણનો લાભ લેવા આયોજકો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આદિનાથ ગૃહ-ચૈત્ય જિનાલય ખાતે આચાર્ય ભગવંતનું કાલે સામૈયું

## આચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજની પધરામણી સાથે ધર્મસભા અને નવકારશીનો ત્રિવેણી સંગમ



**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટના આંગણે આગામી ગુરૂવાર, તા. ૧૯/૦૩/૨૦૨૬ના રોજ પવિત્ર ફાગણ વદ નિમિત્તે આધ્યાત્મિકતાનો અનેરો અવસર સર્જાવા જઈ રહ્યો છે. શહેરના અવધ રોડ પર સ્થિત આદિનાથ ગૃહ-ચૈત્ય જિનાલય, શ્રી હિંમતલાલ કપુરચંદ પારેખ પરિવારના આંગણે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજા તથા આદિ સાધુ ભગવંતોનું ભવ્યાતિભવ્ય આગમન (સામૈયું) યોજાનાર છે. આ પાવન પ્રસંગને લઈને જૈન શાસનના ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, સવારે ૭:૦૦ કલાકે આચાર્ય ભગવંતશ્રી સૌપ્રથમ શ્રી જયાનંદધામ (નવગ્રહ જિનાલય) ખાતે પરમાત્માના દર્શનાર્થે પધારશે. ત્યાં ભકિતમય વાતાવરણમાં દર્શન-વંદન કર્યા બાદ વિધિવત રીતે સામૈયા સાથે સ્કાય ગાર્ડન એપાર્ટમેન્ટ તરફ આચાર્ય મંગલમય પધરામણી થશે. રાજકોટના રાજમાર્ગો પર આચાર્ય ભગવંતના સામૈયામાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાશે.

આ પાવન અવસરે સવારે ૭:૧૫ થી ૮:૧૫ દરમિયાન આચાર્ય ભગવંતશ્રી દ્વારા આત્મકલ્યાણકારી પ્રવચન આપવામાં આવશે. આ ધર્મસભામાં ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાને આચાર્યશ્રીના મુખેથી આધ્યાત્મિક માર્ગદર્શન અને જીવન ઉત્કર્ષ માટેની અમૃતવાણીનો લાભ પ્રાપ્ત થશે. પ્રવચન પૂર્ણ થયા બાદ પધારેલા સર્વે ભાગ્યશાળી ભાવિકો માટે પારેખ પરિવાર તરફથી નવકારશીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે આદિનાથ ગૃહ-ચૈત્ય જિનાલય અને પારેખ પરિવાર (સ્કાય ગાર્ડન, ફ્લેટ નં. ૯૦૧ થી ૧૦૦૧, સિઝન હોટલની બાજુમાં, અવધ રોડ) દ્વારા સકલ સંઘના તમામ ભાઈઓ-બહેનોને આ ભક્તિમય ઉત્સવમાં સહભાગી થવા અને ધર્મલાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે

# યુધ્ધને સાઈડલાઈન કરતું શેરબજાર: સેન્સેકસ-નિફટી ખિલ્યાં

## ભારતમાં યુધ્ધથી સપ્લાય ચેઈન નહી તુટે તેવા આસાર: વેલ્યુ બાઈંગથી શેરબજારમાં ફરી તેજી દેખાય

**અબતક,રાજકોટ**

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે છેલ્લા ૧૯ દિવસથી ચાલી રહેલા ભીષણ યુધ્ધની અસર ભારત પર ઓછી થાય તેવું લાગી રહ્યું છે. સપ્લાય ચેઈન તુટે તેવી શકયતા પણ ઓછી થઈ જવા પામી છે. યુધ્ધની તમામ સંભવિત નેગેટીવ અસરને શેર બજારે સાઈડલાઈન કરી નાખતા આજે બજારમાંતેજી જોવા મળી હતી. સેન્સેકસ અને નિફટીમાં જોરદાર ઉછાળા રહેવાના કારણે રોકાણકારોના હૈયા હરખાયા હતા. વેલ્યુબાઈંગ પણ જોવા મળી રહ્યું છે. હવે રોકાણકારો ફરી વિશ્વાસ સાથે ખરીદી કરવા લાગ્યા છે.

યુધ્ધના કારણે ભારતમાં ઈંધણની અછત સર્જાશે અને સપ્લાય ચેઈન તુટવાની દહેશત ઉભી થવા પામી હતી. દરમિયાન છેલ્લા ત્રણ દિવસમાં ઈંધણ ભરેલા ત્રણ મોટા જહાજો ભારતના બંદરે આવ્યા છે. હવે સપ્લાય ચેઈન પર કોઈ જ અસર નહી પડે તેવી શકયતા ઉભી થતાની સાથે જ ભારતીય શેર બજારમાં ફરી તેજીના મંડાણ થવા માંડયા છે. આજે મુંબઈ શેર બજારના બંને મુખ્ય ઈન્ડેકસ સહિત તમામ સેકટરલ ઈન્ડેકસમાં ઉછાળો જોવા મળ્યો હતો.



ઈન્ટ્રા ડેમાં આજે સેન્સેકસે ૭૬૯૨૯ પોઈન્ટની સપાટી હાંસલ કરી હતી જયારે નીચલી સપાટી ૭૬૧૮૭ રહેવા પામી હતી. નિફટીએ આજે ૨૩૮૦૦ પોઈન્ટની સપાટી કુદાવી હતી દિવસની ૨૩૮૩૬ની સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી નીચે સરકીને ૨૩૬૧૮ સુધી આવી હતી બેંક નિફટીમાં ૪૪૦ પોઈન્ટથી વધુનો જયારે નિફટી મીડકેપ-૧૦૦માં ૧૨૦૦ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો.

આજની તેજીમાં એન્જલ વન, કોફાર્જ, કેપીઆઈટી ટેક, ટાટા ટેક, વન ૯૭ પેટીએમ, વારી એનર્જી, ઈન્ટરલ, ઈન્ફોસીસ, આઈસીઆઈસીઆઈ બેંક, યશ બેંક, સુઝલોન એનર્જી સહિતની કંપનીના શેરોના ભાવોમાં ઉછાળો જોવા મળ્યો હતો.

બુલિયન બજારમાં મિશ્ર માહોલ રહેવા પામ્યો હતો. એમસીએક્સ પર સોનાના ભાવમાં ઘટાડો રહ્યો હતો. જયારે ચાંદીના ભાવમાં સામાન્ય ઉછાળો રહ્યોહતો. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો થોડો તુટયો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૮૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૬૯૧૦ અને નિફટી ૨૫૭ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૮૩૦ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.

# કોર્પોરેશનના સ્વિમિંગ પુલમાં શુક્રવારથી મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ

## ત્રિમાસિક અને વાર્ષિક મેમ્બરશીપ મળવી શકાશે: અન્ય સ્પોર્ટસ ફેસિલીટી માટે ૨૭મી નોંધણી શરૂ કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તક વિવિધ સ્નાનાગારો જેમકે સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર કોઠારીયા રોડ, મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર કાલાવડ રોડ, લોકમાન્ય તિલક સ્નાનાગાર, રેસકોર્ષ, સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર પેડક રોડ તથા જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુવાસવાણી રોડ ખાતે શિખાઉ તથા જાણકાર સભ્યો માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે તેમજ રાજકોટ મહાનગરપાલિકા તથા સ્પોર્ટ્સ ઓર્થોરીટી ઓફ ગુજરાતની સંયુકત સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન સંચાલિત અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ મવડી ખાતે રમત ગમત સુવિધાઓ જેમ કે બેડમિન્ટન, લોન ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ તથા કબ્બડીના કોચીંગ માટે માસિક રજીસ્ટ્રેશનની પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવનાર છે.

તમામ સ્નાનાગાર ખાતે વાર્ષિક જાણકાર મેમ્બર્સ માટે તા.૨૦ માર્ચના રોજ વહેલા તે પહેલાનાં ધોરણે વાર્ષિક મેમ્બરશીપ www.rmc.gov.in પરથી ઓનલાઈન, રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે થઈ શકશે.તેમજ તમામ રમતગમત સુવિધાઓનુ ત્રીમાસિક તથા વાર્ષિક મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન તથા સ્નાનાગારનુ ત્રિમાસિક રજીસ્ટ્રેશન તા.૨૭ માર્ચથી શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી www.rmc.gov.in પરથી ઓનલાઈન, રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે થઈ શકશે

# સોનાની બે બાલી ભૂલથી ટીપરવાનમાં નાંખી દીધી !!

## ટીપરવાનના ડ્રાઈવર સિંગાળ અલ્કેશભાઈ અને હેલ્પર સિંગાળ બોલુંભાઈએ ઈમાનદારી સાથે સોનું પરત કર્યું

**અબતક, રાજકોટ**

વોર્ડ-૧૪ના ગોપાલનગર વિસ્તારની ડોર ટૂ ડોર કલેકશન અંગેની કામગીરી દરમિયાન ગાર્બેજ કલેકશન વાહનમાં ગોપાલનગરમાંથી એક શહેરીજન દ્વારા સોનાની કાનમાં પહેરવાની ૨ નંગ બાલી શરત ચૂકથી કચરા સાથે ડોર ટુ ડોર કલેકશન ટીપરવાનમાં નખાઈ ગઈ હોય. જે શહેરીજનને ધ્યાનમાં આવતા તેમના દ્વારા વોર્ડ ઓફિસ પર સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટરનો સંપર્ક કરવામાં



આવેલ. વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કોઠારીયા ટ્રાન્સપોર્ટ સ્ટેશન ખાતે સંપર્ક કરી ત્યાં હાજર સ્ટાફ સેનેટરી ઈન્સ્પેકટર અને ડોર ટૂ ડોર કલેકશનના સુપરવાઈઝરના માર્ગદર્શન અનુસાર ટીપરવાના ડ્રાઈવર સિંગાળ અલ્કેશભાઈ અને હેલ્પર સિંગાળ બોલુંભાઈએ સત્વરે ગાર્બેજ કલેકશન વાહન રોકી ટીપરવાનમાંથી ઉપરોક્ત સોનાની કાનમાં પહેરવાની ૨ નંગ બાલી મળી આવેલ છે. જે યોગ્ય ખરાઈ કરી ગોપાલનગરના શહેરીજનને પરત કરી હતી.

શહેરીજન દ્વારા ટીપરવાનના ડ્રાઈવર સિંગાળ અલ્કેશભાઈ અને હેલ્પર સિંગાળ બોલુંભાઈની ઈમાનદારીને બિરદાવી હતી.

# જિલ્લામાં પીએનજી ગેસધારકોના એલપીજી જોડાણ બંધ કરવા કાર્યવાહી યથાવત

## એલપીજી અને પીએનજીનો બેવડો લાભ લેતા ગ્રાહકોને અલગ પાડીને તેઓના બોટલ રીફિલ બંધ કરી દેવાશે

**અબતક, રાજકોટ**

મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે રાજકોટ શહેર-જિલ્લામાં રાંધણગેસનો પુરવઠો જળવાયેલો રહે તે માટે પુરવઠા વિભાગ દ્વારા સઘન ચેકિંગ કરવાની સાથે કેન્દ્ર-રાજ્યની સૂચના મુજબ બેવડો લાભ લેતા પીએનજી એટલે કે, પાઈપલાઈન ગેસ ગ્રાહકોના એલપીજી કનેકશન બંધ કરવાની કાર્યવાહી તેજ બનાવી છે. જિલ્લા પુરવઠા વિભાગે ગુજરાત ગેસ કંપનીના ગ્રાહકોનો ડેટા મેળવી



લગત એજન્સીઓને મોકલી આપ્યો છે. જેથી હવે પીએનજી કનેકશન હોવા છતાં એલપીજી બોટલ મેળવતા ગ્રાહકોને અલગ તારવી આવા ગ્રાહકોને રીફિલ બોટલ નહીં આપવામાં આવે.ઉલ્લેખનીય છે કે, જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા પણ શહેર-જિલ્લામાં ગેસના અનધિકૃત વપરાશ અને કાળાબજારી અંગે સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવ્યું હતું

જિલ્લા પુરવઠા અધિકારી અજય ઝાંપડાએ જણાવ્યું હતું કે, શહેર-જિલ્લામાં રાંધણગેસની સ્થિતિ સામાન્ય છે. કેન્દ્ર-રાજ્ય સરકારની સૂચના મુજબ શહેર-જિલ્લામાં પીએનજી કનેકશન ધરાવતા ગ્રાહકોને એલપીજી સિલિન્ડર બુકિંગની મનાઈ કરવામાં આવ્યા બાદ ગુજરાત ગેસ કંપની પાસેથી તેમના ગ્રાહકોનો ડેટા મેળવી લેવાયો છે. તેમને ઉમેર્યું હતું કે, જિલ્લામાં હાલમાં પાઈપલાઈન ગેસ કનેકશન ધારકોની સંખ્યા ૪ લાખ જેટલી છે.

જેથી આ ડેટાને ગેસ એજન્સીને મોકલી એલપીજી અને પીએનજીનો બેવડો લાભ લેતા ગ્રાહકોને અલગ પાડીને તેઓના બોટલ રીફિલ બંધકરી દેવાશે.

### કોર્પોરેટરો અસ્તિત્વમાં ન હોય

# કોર્પોરેશનના મેડિકલ ઓફિસરો મૃત્યુનું પ્રમાણપત્ર આપી શકશે

## લોકો માટે રાહતરૂપ વ્યવસ્થા ગોઠવતા મ્યુનિસિપલ કમિશનર

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં શાસકોની મુદ્દત પુર્ણ થતા હાલ રાજકોટ શહેરમાં વહિવટદારની નિમણુંક કરાય છે. રાજકોટ શહેરમાં ૬૦ વર્ષથી ઉપરની વૃધ્ધ વ્યક્તિના વૃધ્ધાવસ્થાના કારણે અવસાન થાય ત્યારે વિસ્તારના કોર્પોરેટરના પ્રમાણપત્ર રજુ રાખી નજીકના ફાયરસ્ટેશનમાં મરણ અંગેની નોંધ કરાવવામાં આવે છે.

હાલ શહેરમાં કોર્પોરેટરની મુદ્દત પુર્ણ થયેલ હોય નવા કોર્પોરેટરોની નિમણુંક ન થાય ત્યાં સુધી શહેરમાં ૬૦ વર્ષથી વધુ ઉમરના વૃધ્ધોના અવસાન વૃધ્ધાવસ્થાના કારણે થાય ત્યારે સવારના ૦૯:૦૦ કલાકથી સાંજના ૦૬:૦૦ કલાક દરમ્યાન નજીકના આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરનો સંપર્ક કરવાનો રહેશે.

જે મૃતકના સગાને મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર આપશે અને આ સમય સિવાય નજીકમાં મેડીકલ પ્રેકટીશ કરતા રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનર (રજીસ્ટર ડોકટર)નો સંપર્ક કરી તેઓની પાસેથી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે પ્રમાણપત્ર નજીકના ફાયર સ્ટેશનમાં જોડી અને અંતિમવિધી અંગેની મંજુરી મેળવવાની રહેશે.

# સાહિત્ય સેતુ દ્વારા કાલે 'વાંચનનો વાર મનનો મહોત્સવ'નો પહેલો કાર્યક્રમ

**અબતક,રાજકોટ**

પ્રવર્તમાન સમયમાં મોબાઈલ અને સ્ક્રીનના વધતા પ્રભાવને લીધે સમાજમાં વાંચનની સંસ્કૃતિ ધીમે ધીમે ઓછી થતી જાય છે, નાના-મોટા સૌ કોઈ વાંચનથી વિમુક્ત થતા જાય છે પુસ્તકાલયો સુના પડયા છે,સારા પુસ્તકો કબાટમાં કેદ પડ્યા છે ત્યારે દેશના આવતીકાલના નાગરિકો એવા યુવાન ભાઈઓ બહેનો ભાવિ પેઢી વાચન તરફ વળે, સમાજમાં વાંચનની સંસ્કૃતિ જીવંત રહે, શહેરીજનો વાંચન તરફ વળે અને પુસ્તકો સાથે જોડાય તેવા શુભઆશયથી છેલ્લા પાંચ વર્ષથી દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે

વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત સંસ્થા દ્વારા પુસ્તક પરબ, ગ્રંથયાત્રા, પુસ્તક પ્રદર્શન, શ્રેષ્ઠ વાચક સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, હજી આ અભિયાનને વિસ્તૃત ને વેગવાન બનાવવા માટે સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા દર મહિને એક નોખો અનોખો કાર્યક્રમ વાંચનનો વાર મનનો મહોત્સવ શરૂ કરવામાં આવનાર છે.

દર મહિને શહેરના અલગ અલગ સ્થાનો જેવા કે ગ્રંથાલય, શાળા કોલેજ, ગાર્ડન સહિતના સ્થાન ઉપર આ કાર્યક્રમ યોજવામાં આવશે અને વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં આવશે. સંસ્થા દ્વારા વાંચનપ્રેમીઓના વાંચન માટે નવલકથા, નવલિકા, ઐતિહાસિક, ધાર્મિક, ચિંતનાત્મક, વિજ્ઞાન, ઐતિહાસિક સહિતના વિષયોના પાંચસો જેટલા પુસ્તકો રાખવામાં આવશે.સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત યોજાનાર વાંચનનો વાર મનનો મહોત્સવ સમૂહ વાચન કાર્યક્રમ સમુહ વાચનનો નવતર પ્રથમ કાર્યક્રમ ચૈત્રી નવરાત્રીના પ્રથમ પવિત્ર દિવસે, માં સરસ્વતીના વાર ગુરૂવાર તારીખ ૧૯ માર્ચ ૨૦૨૬ ગુરુવાર નારોજ શહેરના કાલાવડ રોડ ઉપર કોટેચા ચોક પાસે આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાં સાંજના ૫:૩૦ વાગે યોજવામાં આવેલ છે.

સમગ્ર આયોજનની સફળતા માટે સાહિત્ય સેતુ પરિવારના પ્રમુખ વસંતભાઈ ગાદેશા અને મંત્રી મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, સુધીર દત્તા, પ્રકાશ હાથી, સુનિલ વોરા, નલિન તન્ના, પંકજ રૂપારેલિયા, હસુભાઈ શાહ, નૈસધભાઈ વોરા, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોશી, વિપુલભાઈ ભટ્ટ ઉપમન્યુભાઈ રવલ, મહેશ પરમાર, દિનેશભાઈ ગોવાણી, મહેશ વ્યાસ, મહેશ જીવરાજાની, દક્ષિણ જોશી, રમેશ શિશાંગીયા,જીતુભાઈ ગાંધી, શરદભાઈ દવે સહિતના કાર્યકર્તાઓ કાર્યરત છે.

# ભાવેશ વાણવીની હત્યા બાદ પોલીસ સાથે ઘર્ષણ અને ફરજમાં રૂકાવટ ડી.ડી. સોલંકીની અંતે ધરપકડ

**અબ તક,રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં થયેલી ભાવેશ વાણવી નામના યુવાનની હત્યા બાદ સર્જાયેલા હંગામાના મામલે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનામાં પોલીસ સાથે ઘર્ષણ કરવા અને સરકારી ફરજમાં રૂકાવટ લાવવાના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ પકડથી દૂર રહેલા દલિત અગ્રણી દિલીપભાઈ ધીરૂભાઈ સોલંકી ઉર્ફે ડી.ડી. સોલંકીની આખરે ધરપકડ કરવામાં આવી છે.

થોડા દિવસો પૂર્વે રૈયાધારમાં મહિલા પ્રકરણમાં ભાવેશ વાણવીની હત્યા કરવામાં આવી હતી. આ બનાવ બાદ મૃતકના પરિવારજનો અને દલિત સમાજના આગેવાનોએ ન્યાયની માંગ સાથે હોસ્પિટલ ચોક ખાતે મૃતદેહ રાખી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન ટોળાએ પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાવી હતી.ઘટના દરમિયાન એએસઆઈ સંજયભાઈ દાફડા અને તેમની ટીમ જ્યારે રોડ બ્લોક કરતા લોકોને અટકાવવા અને ટ્રાફિક હળવો કરવાની કામગીરી કરી રહી હતી, ત્યારે ડી.ડી. સોલંકી, અશોક સિંધવ અને નરેશ બગડા સહિતના શખ્સોએ પોલીસ સાથે માથાકૂટ કરી હતી. આરોપ છે કે આ શખ્સોએ એએસઆઈ સંજયભાઈને ધક્કો મારી નીચે પાડી દીધા હતા અને ગર્ભિત ધમકીઓ આપી ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી. આ અંગે એ-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.ગુનો નોંધાયા બાદ ડી.ડી. સોલંકીએ પોલીસ મારના આક્ષેપો સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ ધરપકડથી બચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આજે જ્યારે તેઓ પોલીસ કમિશનર કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા હતા, ત્યારે સતર્ક પોલીસે તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબી રોડથી અમદાવાદ હાઈવે સુધીનો રીંગ રોડ-૨ રૂ.૧૮૬ કરોડના ખર્ચે ફોર લેન બનશે

## રૂડાની બોર્ડ બેઠકમાં કામને અપાઈ બહાલી

**અબતક રાજકોટ**

રૂડા દ્વારા મોરબી હાઈ-વેથી અમદાવાદ હાઈ-વેને જોડતાં રીંગ રોડ-૨ના ૧૧ કિ.મી.ના રસ્તાને ફોર લેન કરવા ૧૮૬ કરોડને મંજુર કરી આપવામાં આવી છે.કુવાડવા સરધાર ડી.પી.રોડ અને તરઘડીથી બાંધીને જોડતાં ડી.પી.રોડ સહિતના કામોના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.

જેના લીધે મોરબી હાઈ-વેથી અમદાવાદ હાઈવેને જોડતાં ૧૧ કિ.મી.લંબાઈના ફોર લેન રોડનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે અને સંપૂર્ણપણે રીંગરોડ-૨નું કામ પૂર્ણ થશે.

રૂડા દ્વારા આંતરમાળખાકીય સુવિધાઓની કામગીરી અંતર્ગત રોણકી વિસ્તારમાં રૂ. ૨૧.૦૬ કરોડના ખર્ચે તથા રૂ. ૨૯.૦૩ કરોડના ખર્ચે કાંગશીયાળી ગામમાં પાણી પુરવઠાની યોજના હાથ ધરવામાં આવશે. શહેરી વિસ્તારમાં યોગ્ય પરીવહન અર્થે રીંગ રોડ-૨ ફેઝ-૫ (મોરબી હાઈવે થી અમદાવાદ હાઈવે) ની કામગીરી રૂ. ૧૮૬.૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. સદર રોડની લંબાઈ ૧૧.૦૦ કી.મી. છે. રૂડા વિસ્તારમાં આંતરીક રોડ નેટવર્કની કામગીરી અંતર્ગત કુવાડવા સરધાર ડી.પી. રોડ ની કામગીરી રૂ. ૧૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. રૂડા વિસ્તારમાં આંતરીક રોડ નેટવર્કની કામગીરી અંતર્ગત તરઘડી ગામથી બાધી ગામને જોડતા ડી.પી. રોડ ની કામગીરી રૂ. ૭.૮૦કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

# સૌરાષ્ટ્રભરમાં તરખાટ મચાવનાર તસ્કર ગેંગના ૧૯ શખ્સો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

## પાલીતાણાનો રણજીત ઉર્ફે બોડિયો અને તેના સાગરીતો મળી ગુના આચરતા, દશ વર્ષમાં ૯૨ ગુનામાં સંડોવણી: ૧૦ આરોપીઓને ઝડપી લેવાયા,એક સંકજામાં, ચાર જેલહવાલે



તસ્વીર: શૈલેષ વાડોલીયા



રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને એસ પી વિજયસિંહ ગુર્જર દ્વારા ગુનાખોરી ડામવા અને ગુનેગારોને આકરી ચીમકી

**અબ તક,રાજકોટ**

સૌરાષ્ટ્રભરમાં ચોરી સહિતના ગુના આચરતી ટોળકીના ૧૯ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ટોળકીએ અત્યાર સુધીમાં ચોરી, લૂંટ, દુષ્કર્મ સહિતના ગુનાઓ મળી કુલ ૯૨ ગુના આચર્યા હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે ગેંગના ૧૦ આરોપીઓને ઝડપી લીધા છે જ્યારે વધુ એક આરોપી સકંજામાં હોવાનું તેમજ ચાર આરોપીઓ જેલમાં હોવાનું જાણવા મળ્યું છે.જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુનાખોરીને ડામવા માટે જિલ્લા પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.દરમિયાન પાલીતાણાના રણજીત ઉર્ફે બોડિયો ઉર્ફે રણીયો રામજીભાઈ પરમાર નામનો શખસ તેના સાથીદારો અને સાગરીતો સાથે મળી છેલ્લા દસ વર્ષમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ ગ્રામ્ય સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ સહિતના વિસ્તારોમાં ચોરી સહિતના ગુના આચરતા હોય જેથી આ ટોળકી સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે ગ્રામ્ય એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા તથા ટીમે આ ટોળકી ગુનાઓ અંગે ઊંડાણપૂર્વક અભ્યાસ કરી ગુનાહિત માહિતી મેળવી ગુજસીટોક મુજબ ગુનો બનતો હોવાનું ફલિત થતું હોય જેથી રેકર્ડના આધારે વિગતવારની દરખાસ્ત તૈયાર કરી વીંછિયા પોલીસ સ્ટેશનમાં આ ટોળકીના ૧૯ શખસો વિરુદ્ધ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે, આ ટોળકી સામે ચોરી ઘરફોડ ચોરી, લૂંટ, દુષ્કર્મ સહિતના મળી કુલ ૯૨ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ ટોળકીના ૧૦ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. જ્યારે ૧૧ મો આરોપી હાથ વેંતમાં હોવાનું જાણવા મળ્યું છે તેમજ ચાર આરોપીઓ જેલમાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા ચલાવી રહ્યા છે.આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, પીએસઆઈ કે.એમ. ચાવડા, એચ.સી. ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, રોહિતભાઈ બકોત્રા, બ્રિજરાજસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બડકોદિયા, હેડ કોન્સ્ટેબલ રસિકભાઈ જમોડ, પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા, શિવરાજભાઈ ખાચર, જીતેન્દ્રભાઈ ગોહિલ, ધર્મેશભાઈ બાવળીયા સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.

### આ શખસો સામે ગુજસીટોક કરાઈ

ગુજસીટોકની કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ભરત ઉર્ફે પથુ મનુભાઈ વાઘેલા,ભયલુ મનુભાઈ વાઘેલા,સંજય ઉર્ફે સી.જે.મનુભાઈ વાઘેલા(ત્રણેય રહે નવાણીયા તા.વલ્લભીપુર જી.ભાવનગર), મુકેશ ઉર્ફે ભોપો ઉર્ફે ભગો ઉર્ફે કામલી રમેશભાઈ સોલંકી(રહે.ચોગઠ તા.ઉમરાળા જી.ભાવનગર),અજય ઉર્ફે બોડીયો જેન્તીભાઈ ઝાપડીયા (રહે.મુળ. તુરખા બોટાદ), મનજી ઉર્ફે બાટલી પરસોતમભાઈ ડાભી(રહે.ચોગઠ ભાવનગર), વિપુલબચુભાઈ વણોદીયા (રહે.લાખણકા ગોવાળીયા બોટાદ,) અશોક લાભુભાઈ સોલંકી (રહે.મોખડકા તા.પાલીતાણા ભાવનગર ), સંજય બાવકુભાઈ ઉર્ફે બાબુભાઈ સોલંકી (રહે.ભંડારીયા તા.જસોણ રાજકોટ), મનજી ઉર્ફે લાલો ઉર્ફે લાલી દોલાભાઈ વાઘેલા(રહે.ગરીબપરા તા.ઘોઘા ભાવનગર), જગદીશ ઉર્ફે કાળીયો ઉર્ફે ગગુડીયો પોપટભાઈ ચૌહાણ(રહે.હાલ.પાલીતાણા શકિતનગર મુળ.નાના જાળીયા તા.પાલીતાણા ભાવનગર),ભરત ઉર્ફે બોડીયો ગંભીરભાઈ પરમાર (રહે.હાલ દરેડ ગામ જામનગર મુળ મેઢા ગામ તા.પાલીતાણા ભાવનગર), રાજુ ઉર્ફે ભાણો ઉર્ફે રાજેશ મંગાભાઈ પરમાર(રહે.ચોટીલા જુના બસ સ્ટેન્ડ પાસે તા.ચોટીલા ), નરેશ મગનભાઈ કારડીયા (કાંજીયા) (રહે.ઠેબા ગામ જામનગર), દિનેશ ધીરૂભાઈ વાઘેલા(રહે.પાલીતાણા સી.એન.જી. ગેસની સામે), અજીત ઉર્ફે ટીહલો પુનાભાઈ વાઘેલા(રહે.પાલીતાણા શકિતનગર તા.પાાલીતાણા ભાવનગર), અર્જુન ભગવાનભાઈ ઉર્ફે ભગાભાઈ વાઘેલા(રહે.માલવણ ગામ તા.પાલીતાણા જી.ભાવનગર),હિરા ઉર્ફે નાનો દલસુખભાઈ સાથળીયા(રહે.નીંગાળા ગામ તા.ગઢડા જી.બોટાદ) નો સમાવેશ થાય છે.

# પોસ્ટ વિભાગ દ્વારા ૨૪-૪૮ કલાકમાં સ્પીડ પોસ્ટ - પાર્સલ સુવિધાનો પ્રારંભ

## દેશના ૬ મેટ્રો સિટી માટેના પાયલોટ પ્રોજેક્ટને દિલ્હીમાં કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયાની લીલીઝંડી

**અબતક, રાજકોટ**

પોસ્ટ વિભાગ માત્ર ટપાલ પરિવહન પુરતી ન રહી હવે આધુનિક લોજીસ્ટીક યુનિટમાં બદલી ચુકી છે. પોસ્ટ વિભાગની ૨૪ અને ૪૮ કલાકની નવી સ્પીડ પોસ્ટ પાર્સલ સુવિધાના ૬ મેટ્રો શહેરોના પાયલોટ પ્રોજેક્ટનો ૧૭મીએ દિલ્હીમાં કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયાએ પ્રારંભ કરાવ્યો.

ભારતીય ડાક વિભાગ તરફથી '૨૪ સ્પીડ પોસ્ટ', '૨૪ સ્પીડ પોસ્ટ પાર્સલ' અને '૪૮ સ્પીડ પોસ્ટ' સેવાઓનો શુભારંભ કેન્દ્રીય સંચાર અને ઉત્તર-પૂર્વ ક્ષેત્ર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા દ્વારા સંચાર રાજ્ય મંત્રી ડો.ચંદ્રશેખર પેમ્માસાની, સચિવ (ડાક) વંદિતા કૌલ અને મહાનિદેશક ડાક જીતેન્દ્ર ગુપ્તાની ઉપસ્થિતિમાં ૧૭ માર્ચ, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં કરવામાં આવ્યો હતો. આ સેવાઓ પ્રથમ તબક્કામાં દેશના ૬ મુખ્ય મહાનગરો-દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરૂ અને હૈદરાબાદમાં શરૂ કરવામાં આવ્યું, જ્યાં ૨૪ થી ૪૮ કલાકમાં સ્પીડ પોસ્ટની ખાતરીપૂર્વક વિતરણ કરી આપવામાં આવશે. શુભારંભ કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું. ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકર, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ, નિદેશક ડાક સેવાઓ સુરેખ રઘુનાથન અને અન્ય અધિકારીઓએ અમદાવાદ સ્થિત ક્ષેત્રીય કાર્યાલયમાં આ કાર્યક્રમને સ્પીડ પોસ્ટ અને પાર્સલ સાથે જોડાયેલા ગ્રાહકો, કોર્પોરેટ અને વિભાગીય પ્રતિનિધિઓ સાથે મળીને નિહાળ્યો અને તેમની સાથે સંવાદ પણ કર્યો. આ પ્રસંગે કસ્ટમર મીટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રવર અધિક્ષક, રેલ ડાક સેવા પિયૂષ રજક અને પ્રવર અધિક્ષક, અમદાવાદ સિટી વિભાગ શ્રી ચિરાગ મહેતાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ડાક વિભાગના નવાચારની માહિતી આપી. આ દરમિયાન, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકરે કોર્પોરેટ ગ્રાહકો અને વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ સાથે સંવાદ દરમિયાન જણાવ્યું કે '૨૪ સ્પીડ પોસ્ટ', '૨૪ સ્પીડ પોસ્ટ પાર્સલ' અને '૪૮ સ્પીડ પોસ્ટ' સેવાઓ દ્વારા ગ્રાહકોને ઝડપી, વિશ્વસનીય અને સમયબદ્ધ વિતરણનો લાભ મળશે. ઈન્ડિયા પોસ્ટે અતિ આવશ્યક અને સમય-સંવેદનશીલ પ્રેષણો માટે ત્રણ પ્રીમિયમ, સમયબદ્ધ સ્પીડ પોસ્ટ સેવાઓ શરૂ કરી છે. રવિવાર અને રજાના દિવસોમાં પણ આ સેવાઓનું વિતરણ કરવામાં આવશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ભારતીય ડાક વિભાગે ૧ ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ પત્રો અને પાર્સલના સમયબદ્ધ, કાર્યક્ષમ અને સુરક્ષિત વિતરણ માટે સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરી હતી. ચાર દાયકાના આ સફરમાં આ પ્રીમિયમ સેવા હવે ટેક્નોલોજી આધારિત અને ઝડપી વિતરણ સેવા બની ગઈ છે.

આ પ્રસંગે સહાયક નિદેશક અલ્પેશ શાહ, વી.એમ. વહોરા, રિતુલ ગાંધી, ડેપ્યુટી અધિક્ષક દર્શન તપસ્વી, સહાયક અધિક્ષક કિંજલ શાહ, પ્રેયલ શાહ, જીનેશ પટેલ, રમેશ પટેલ, રોનક શાહ, ભાવિન પ્રજાપતિ, ડાક નિરીક્ષક પાયલ પટેલ, યોગેન્દ્ર રાઠોડ, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ દીપલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

### ભૂખમરાનો શિકાર...

કારણે અંદાજે વધારાના ૪.૫ કરોડ (૪૫ મિલિયન) લોકો તીવ્ર ભૂખમરામાં ધકેલાય તેવી સંભાવના છે. આ વધારા સાથે વૈશ્વિક ભૂખમરાનો આંકડો તેની વર્તમાન ૩૧.૯ કરોડની (૩૧૯ મિલિયન) રેકોર્ડ સપાટીને પણ પાર કરી જશે.

કાર્લ સ્કાઉએ વધુમાં ઉમેર્યું હતું કે આ પરિસ્થિતિ વૈશ્વિક ભૂખમરાના સ્તરને સર્વકાલીન રેકોર્ડ પર લઈ જશે અને તે એક અત્યંત ભયાનક સંભાવના છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ યુદ્ધ શરૂ થયા પહેલા જ વિશ્વ એક એવી ભયંકર સ્થિતિમાં હતું કે જ્યાં ભૂખમરો આંકડા અને ગંભીરતાની દ્રષ્ટિએ ક્યારેય આટલો વિકરાળ નહોતો.

યુદ્ધની સીધી અસર વિશે જણાવતા સ્કાઉએ માહિતી આપી કે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ હુમલાઓ બાદ શિપિંગ ખર્ચમાં ૧૮ ટકાનો જંગી વધારો થયો છે અને કેટલાક જહાજોના રૂટ પણ બદલવા પડ્યા છે. દાતાઓએ હવે પોતાનું ધ્યાન સંરક્ષણ ક્ષેત્રે વધુ કેન્દ્રિત કરતા વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના ખર્ચમાં પણ મોટો કાપ મુકાયો છે, અને તેની સામે શિપિંગનો આ વધારાનો ખર્ચ પડ્યા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યો છે.

### સિલિન્ડરની તંગી...

સામાન્ય રીતે ગેસ ટ્રાન્સપોર્ટમાં જ્યારે પાઈપલાઈન નેટવર્કમાંથી નિર્ધારિત માત્રા કરતા વધુ કે ઓછો ગેસ લેવામાં આવે અથવા ઈન્જેક્ટ કરવામાં આવે ત્યારે દંડ સ્વરૂપે આ ઈમ્બેલેન્સ ચાર્જ લગાવવામાં આવતો હોય છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ એક પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે દેશમાં પીએનજીના વિસ્તરણને અટકાવતી માળખાકીય અડચણોને દૂર કરવા માટે કેન્દ્ર સરકાર સક્રિય પ્રયાસો કરી રહી છે.

સોમવારે કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારોને પેન્ડિંગ પડેલી સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન પાઈપલાઈનની અરજીઓને તાત્કાલિક પરવાનગી આપવા અને નવી પરવાનગીઓ ૨૪ કલાકમાં મંજૂર કરવાનું ફરજિયાત કરવા જણાવાયું હતું. આ ઉપરાંત, સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા લેવાતા ચાર્જ માફ કરવા, કામકાજના સમયમાં છૂટછાટ આપવા અને સંકલન તથા ઝડપી અમલીકરણ માટે સ્ટેટ નોડલ ઓફિસરોની નિમણૂક કરવા પણ સૂચન કરાયું છે.

દેશમાં હાલ પીએનજી અને એલપીજીના વપરાશકર્તાઓની સંખ્યામાં મોટો તફાવત છે. ભારતમાં ૩૩૦ મિલિયન (૩૩ કરોડ) એલપીજી ગ્રાહકોની સામે હાલમાં માત્ર ૧૦ મિલિયન (૧ કરોડ) એક્ટિવ પીએનજી ગ્રાહકો છે, જેને વધારવા પર સરકાર હાલ ભાર મૂકી રહી છે.

### રિઝર્વ બેન્ક...

નિર્ધારિત કરાયેલા ૧.૫૦ લાખ કરોડ રૂપિયા કરતા નોંધપાત્ર રીતે ઓછી જોવા મળી હતી.

વેરિયેબલ રેટ રેપો મિકેનિઝમ હેઠળ, મધ્યસ્થ બેંક ચલિત વ્યાજ દરો પર ટૂંકા ગાળાના ભંડોળ પૂરા પાડે છે, જેનાથી બેંકો તેમની જરૂરિયાતોના આધારે લિક્વિડિટી સપોર્ટ માટે બિડ કરી શકે છે. આરબીઆઈના આ પગલાનો મુખ્ય હેતુ ટૂંકા ગાળાની રોકડની વધઘટને મેનેજ કરવાનો અને મની માર્કેટમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવાનો છે.

આ સપ્તાહના અંતમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચૂકવણીને લગતા વધારાના આઉટફ્લોના કારણે આગામી દિવસોમાં બેન્કિંગ સિસ્ટમમાં રોકડની ખેંચ હજુ વધુ જોવા મળે તેવી ધારણા છે. સીઝનલ ટેક્સ સંબંધિત દબાણો વચ્ચે માર્કેટના સહભાગીઓ આ બદલાતી લિક્વિડિટીની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

આંકડાકીય માહિતી જોઈએ તો, ૧૬ માર્ચના રોજ બેન્કિંગ સિસ્ટમમાં સરપ્લસ લિક્વિડિટી આશરે ૭૫,૪૮૩.૬૩ કરોડ રૂપિયા હતી, જે એડવાન્સ ટેક્સની ચૂકવણી પહેલા ૧૫ માર્ચના રોજ નોંધાયેલા ૨.૦૮ લાખ કરોડ રૂપિયા કરતા ઘણી ઓછી છે. આ મોટો ઘટાડો નાણાકીય વર્ષના અંતિમ સપ્તાહોમાં સિસ્ટમની લિક્વિડિટી પર ટેક્સ આઉટફ્લોની સીધી અસર દર્શાવે છે.

જાન્યુઆરી ૨૦૨૬ થી આરબીઆઈએ સરકારી સિક્યોરિટીઝની ઓપન માર્કેટ ખરીદી દ્વારા ૩.૫૦ લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સિસ્ટમમાં દાખલ કરી છે. તાજેતરના મહિનાઓમાં આરબીઆઈ ઓવરનાઈટ મની માર્કેટ રેટને નિયંત્રણમાં રાખવા માટે સક્રિયપણે સિસ્ટમમાં રોકડ ઉમેરી રહી છે, જેના પરિણામે ઓવરનાઈટ રેટ પોલિસી રેપો રેટથી સતત નીચે રહ્યા છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### પૂ. જીજ્ઞેશ દાદા...

(જીજ્ઞેશ દાદાના ભાઈ), રાજુભાઈ પોબારુ, નિશાત ચોટાઈ, હિરેન ખખર, પરસોતમભાઈ પીપળીયા, ધવલભાઈ ખખર, નિલેશભાઈ ચંદારાણા અને ભગવાનભાઈ રંગાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું કે કથામાં અંદાજે ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ શ્રોતાઓ માટે બેઠક વ્યવસ્થા અને વીઆઈપી બેઠકની સુવિધા કરવામાં આવી છે.

પૂજ્ય જીજ્ઞેશ દાદા પોતાની આગવી શૈલીમાં કથા રસપાન કરાવવાની સાથે સુમધુર ભજનોની રમઝટ બોલાવશે. આ કાર્યક્રમ દ્વારા રાજકોટમાં ભક્તિની એક સામૂહિક લહેર ઉભી થશે જે શહેરની આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયક બનશે. રાધે રાધે પરિવાર દ્વારા સમાજના તમામ ૧૮ વર્ણોને આ ભગીરથી જ્ઞાનયજ્ઞમાં શ્રોતા તરીકે જોડાઈને કથાશ્રવણનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ટિફિન બેઠક...

નવનિયુક્ત હોદ્દેદારો અને કાર્યકરોની પરિચય બેઠક લેવામાં આવી તેમજ મંડલ સંગઠન ટીમની સક્રિયતા અને ઉપસ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી. મંડલમાં આવતા શક્તિકેન્દ્રના સંયોજકની ઉપસ્થિતિની અગત્યતા અને સક્રિયતા વિશે ચર્ચા સાથે મંડલમાં આવતા શક્તિકેન્દ્રના પ્રભારીઓની નિયુક્તિ અંગે તેમજ સક્રિય સભ્યોના કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકઉપયોગી યોજનાઓ અંગે ચર્ચાઓ સાથે લોકજાગૃતિ અને જન હિત ભાવનાને ખરા અર્થમાં સફળ બનાવવા સરકાર પ્રતિબધ છે.

ઉપરોક્ત કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જણાવતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા અને મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ કહ્યું હતું કે, 'જેના અન્ન ભેગા,તેના મન ભેગા'ની સાંસ્કૃતિક ભાવનાને ચરિતાર્થ કરી વશુધૈવ કુટુંબકમની ભાવના જળવાય તેમજ રાજકોટ જીલ્લાના મુખ્ય હોદેદારોથી પાર્ટીના નાનામાં નાના કાર્યકર્તાઓમાં એક સમાનતા જળવાય અને દરેક હોદેદારો એક કાર્યકર્તાઓનુ જ રૂપ છે. તે સહજતા, પરીવારભાવ અને સન્માન ભાવ એકરૂપ થાય, તેવા ઉદ્દેશ્ય સાથે ટીફીન બેઠક ઘણી બધી ભાવાત્મક લાગણીઓ સાથે જોડાયેલી છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, મંડળમાં રહેતા જીલ્લાના હોદ્દેદારો, જીલ્લા કારોબારી સભ્યો, જીલ્લા મોરચાના હોદ્દેદારો, પ્રેસ-મીડિયા, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

(૧૨માં પાનાનું ચાલુ)

### મંધાના

આ પ્રદર્શનથી તે બેટર્સની યાદીમાં પાંચ સ્થાન ઉપર પહોંચીને હવે કારકિર્દીના સર્વોચ્ચ ૬૧૦ રેટિંગ પોઈન્ટ્સ સાથે ૧૭મા સ્થાને પહોંચી છે.દરમિયાન ઓલરાઉન્ડર એમેલિયા કેરે અંતિમ વનડેમાં ૮૦ રન ફટકારવા ઉપરાંત ૨૨ રનમાં પાંચ વિકેટના ઓલરાઉન્ડ પ્રદર્શન સાથે 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ સિરીઝ'નો એવોર્ડ જીત્યો હતો. તે પણ બેટર્સમાં ૨૧મા સ્થાનેથી સંયુક્ત રીતે ૧૯મા સ્થાને પહોંચી ગઈ છે. તેણે બેટિંગ અને બોલિંગ બંને ક્રમાંકમાં ૬૦૦થી વધુ રેટિંગ પોઈન્ટ્સ હાંસલ કર્યા છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પૂ. જગાબાપા...

સાંથલ, ભુવાજી વિજયભાઈ સુવાડા, આશ્રમના કવિરાજ દડુભા કરપડા, મોજી રમકડુ, ઋષભભાઈ આહીર, સ્ટેજ સંચાલક રવિન્દ્રભાઈ સોલંકી, ભાવિકોને સાહિત્ય રસ - ભકિતરસ પિરસશે સંતવાણીનું સંચાલન કુશા મહારાજ અને દાદુભાઈ રબારી કરશે. આ પાવન અવસરે પાટડી ઉદાસી આશ્રમના મહંત પૂ. ભાવેશબાપુ અને લઘુમહંત પૂ. વૈભવબાપુ ભાવિકોને આશિવર્ચન પાઠવશે. સંત શિરોમણી પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીએ યોજાનારા ભાવવંદના રૂપ ભકિતસભર કાર્યક્રમમાં ઉમટી પડવા સીતારામ પરિવાર દ્વારા ભાવિકોને સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રોડ કોન્ટ્રાક્ટરો...

કરવામાં આવી રહ્યું છે. બજેટમાં આ માટે રૂ. ૨૪૦ કરોડની નવી જોગવાઈ કરાઈ છે. તદુપરાંત, તાલુકા અને જિલ્લા કનેક્ટિવિટી અંગે કહેવામાં આવ્યું હતું કે, રાજ્યના ૨૬૭ તાલુકા મથકોને જોડતા રસ્તાઓના મજબૂતીકરણ માટે રૂ.૯૨૭ કરોડની નવી જોગવાઈ કરવામાં આવી છે. મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સમૃદ્ધ ગ્રામ થકી સમૃદ્ધ ગુજરાતના સંકલ્પ સાથે ગ્રામીણ રસ્તાઓ માટે રૂ.૫,૬૦૩ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે. નમો શક્તિ અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે અંગે મંત્રીએ કહ્યું હતું કે, ડીસા-સુરેન્દ્રનગર-પીપાવાવને જોડતો ૪૩૧ કિ.મી.નો નમો શકિત એક્સપ્રેસ-વે કુલ ૯ જિલ્લાઓને સાંકળી લેશે. જેના પરિણામે મુસાફરીનો સમય ૭.૩૦ કલાકથી ઘટીને માત્ર ૪ કલાક થશે અને આશરે ૩ થી ૩.૩૦ કલાકની બચત થશે.

તેવી જ રીતે, રૂ. ૫૭,૧૨૦ કરોડના ખર્ચે ૬૮૦ કિ.મી. લંબાઈ ધરાવતો સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે પણ કુલ ૯ જિલ્લાઓને જોડશે. જેના પરિણામે અમદાવાદથી દ્વારકા પહોંચવાનો સમય પણ ૩ કલાક ઘટશે. આ ઉપરાંત અમદાવાદ-મહેસાણા ૮-લેન પ્રોજેક્ટ હેઠળ રૂ. ૨,૬૩૦ કરોડના ખર્ચે ૪૮ કિ.મી.ના આ માર્ગ પર એલિવેટેડ ફ્લાયઓવર અને ૮ નવા ફ્લાયઓવર બનાવવામાં આવશે.

કોસ્ટલ હાઈવે અને પરિક્રમા પથ અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના સૌથી લાંબા દરિયાકિનારાના વિકાસ માટે ઉમરગામથી નારાયણ સરોવર સુધીનો ૧૦ મીટર પહોળો કોસ્ટલ હાઈવે બનાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટથી મત્સ્ય ઉદ્યોગ, પ્રવાસન અને રાષ્ટ્રીય સુરક્ષાને બળ મળશે. સાથે જ, પરિક્રમા પથ યોજના હેઠળ એક્સ્ટ્રીમ આઉટર રિંગ રોડ અને ઈનર રિંગ રોડ દ્વારા આંતરરાજ્ય કનેક્ટિવિટી પણ સુદ્રઢ થશે. તેમણે જણાવ્યું હતું કે, પર્યાવરણની સુરક્ષા સાથે રસ્તા નિર્માણ માટે ગુજરાત નવી ટેકનોલોજી અપનાવી રહ્યું છે. વેસ્ટ પ્લાસ્ટિક, કોલ્ડ મિક્સ અને સિમેન્ટ સ્ટેબિલાઈઝેશન જેવી પદ્ધતિઓથી 'ગ્રીન રોડ' બનાવવામાં આવશે. જંબુસર ખાતે ૧૦ કિ.મી.નો પાયલોટ પ્રોજેક્ટ રૂ.૫૦ કરોડના ખર્ચે આ ટેકનોલોજીથી સાકાર થઈ રહ્યો છે, જે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદરૂપ થશે.

ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર અંતર્ગત રાજ્યના ૧૨ કોરિડોરની અંદાજિત ૧૦૩૨.૮૨ કી.મી. લંબાઈને રૂ.૭૨૪૬.૭૮ કરોડના ખર્ચે હાઈ-સ્પીડ તરીકે વિકસાવવાની મંજૂરી મળી છે. આ ૧૨ હાઈ સ્પીડ કોરીડોર બનવાથી ગુજરાતના દરેક ખુણા જોડાશે અને એકધારી ઝડપે સલામતી સાથે મુસાફરી શક્ય બનશે. આ બજેટ માત્ર આંકડા નથી પરંતુ ગુજરાતના વિકાસ વિઝનની ગાથા છે.

### 'પી.એમ. રાહત' યોજના...

હોસ્પિટલોમાં આપવામાં આવે છે. આ સુવિધામાં મુખ્યત્વે ટ્રોમા, સર્જિકલ અને પોલીટ્રોમા જેવી ગંભીર ઈજાઓની સારવારનો સમાવેશ થાય છે. આ યોજના માત્ર ભારતીય નાગરિકો જ નહીં, પરંતુ ભારતની મુલાકાતે આવેલા વિદેશી નાગરિકો માટે પણ ઉપલબ્ધ છે. હોસ્પિટલોમાં કલેમની પ્રક્રિયા એનએચએ ના ટીએમએસ પોર્ટલ મારફતે ઓનલાઈન કરવામાં આવે છે, જિલ્લા કલેક્ટર એસ.કે. પ્રજાપતિ અને જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીનના માર્ગદર્શન તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ના આયોજન હેઠળ મહેસાણા જિલ્લામાં આ યોજનાનો અસરકારક પ્રારંભ થયો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, માર્ગ અકસ્માત જેવી દુર્ઘટના સમયે સમય ગુમાવ્યા વગર નજીકની સંલગ્ન હોસ્પિટલનો સંપર્ક કરી ''પીએમ-રાહત'' યોજના હેઠળ તાત્કાલિક સારવાર મેળવવી જોઈએ.

### ટેકનિકલ કોલેજોની ફી...

જેમણે હાલમાં જે ફી છે તે પૈકી કોઈપણ પ્રકારનો વધારો માગ્યો નથી.

ફી કમિટી સમક્ષ ૨૧ સંસ્થાઓએ કોઈપણ પ્રકારની દરખાસ્ત જ રજૂ કરી નથી. આ કોલેજો સામે આગામી દિવસોમાં કમિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આજ રીતે ૧૨ સંસ્થાઓ એવી છે કે, જેણે પોતાના ટેકનિકલ કોર્સ બંધ કરવા માટે દસ્તાવેજો કમિટીની સુપ્રત કર્યા છે. ૫ ટકાથી ઓછો વધારો માંગનારી કોલેજો પૈકી ૬ કોલેજોએ કોઈ દસ્તાવેજો મોકલ્યા નથી, ૪૧ કોલેજોની ફી જાહેર કરવામાં આવી નથી. ૧૦૩ સંસ્થાઓએ ૫ ટકાથી વધારે ફી વધારો માગ્યો હોવાથી આગામી દિવસોમાં દસ્તાવેજોની ચકાસણી કરીને નવી ફી જાહેર કરવામાં આવશે.

# ૫૨ ક્લેઈમ કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન સાધી રૂ.૫.૨૫ કરોડના વળતર મંજૂર

## લોક અદાલતમાં એક્સીડન્ટના કેસમાં એડવોકેટ કમલેશ કે. વાઘેલા એસોસિએટેડ ફર્મની સફળ કામગીરી

**અબતક, રાજકોટ**

ગત શનિવારે યોજાઈ ગયેલી રાષ્ટ્રીય મેગા લોક અદાલતમાં મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ એડવોકેટ કમલેશ કે વાઘેલા એસોસિએટેડ ફર્મ દ્વારા રજૂ થયેલા વાહન અકસ્માતમાં તેમજ ઈજા અંગેના ૫૨ ક્લેઈમ કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન સાધવામાં સફળતા મળતા કુલ રૂ. ૫.૨૫ કરોડના વળતર મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

જેમાં જૂદાં વાહન અકસ્માતોમાં મૃત્યુના કિસ્સામાં ગુજરનારનાં વારસદારો અને ઈજા પામનારાઓને ઝડપી વળતર મળે તે હેતુથી લોક અદાલતમાં કેસો મુકવામાં આવતા હોય છે. તેમાં કલ્પેશ કે. વાઘેલા એસોસિયેટ દ્વારા જુદા-જુદા ૫૨ (બાવન) કેસો લોક અદાલતમાં મુકવામાં આવેલ હતા.તેમાં મુખ્યત્વે ગુજરનાર ચમનભાઈ વાલાભાઈ સોલંકી (ભાટી-મારવાડી), રહે. જામનગરનાં કેસમાં રૂ.૧૨.૨૦ લાખ, ગુજરનાર સંતબહાદુર લોકવીર કામી (નેપાળી), રહે. ભાવનગરનાં કેસમાં રૂ.૨૬ લાખ, ગુજરનાર મહેન્દ્ર ધનબહાદુર દમાઈ (નેપાળી), રહે. ભાવનગરનાં કેસમાં રૂ.૨૨.૫૦ લાખ, ગુજરનાર રાજેન્દ્રભાઈ મગનલાલ અરાંબડીયા (બ્રાહમણ), રહે. જામ-ખંભાળીયાનાં કેસમાં રૂ.૨૩ લાખ, ગુજરનાર ભરતભાઈ વાજસુરભાઈ બંધીયા (આહીર), રહે. જેસરનાં કેસમાં રૂ.૨૭ લાખ, ગુજરનાર ઈમરાન રમજાનભાઈ મોવર, રહે. સુરેન્દ્રનગરનાં કેસમાં રૂ.૧૬લાખ, ગુજરનાર અફજલ ઉર્ફે હસમુખ યુનુસભાઈ ખોખર, રહે. સુરેન્દ્રનગરનાં કેસમાં રૂ.૨૨.૫૯ લાખ, ગુજરનાર સગીર દીવ્યાંશુ અશોકભાઈ પનારા (કોળી), રહે. સુરેન્દ્રનગરનાં કેસમાં રૂ.૧૬ લાખ, ગુજરનાર ભાવેશભાઈ આલાભાઈ જોડ (દલીત), રહે. જામ-ખંભાળીયાનાં કેસમાં રૂ.૧૬.૮૫ લાખ, ગુજરનાર નારૂભા દોલુભા જાડેજા, રહે. જામનગરનાં કેસમાં રૂ.૧૧ લાખ, ગુજરનાર ધવલ છબીલદાસ ભાવસાર, રહે. અમદાવાદનાં કેસમાં રૂ.૩૯ લાખ, ગુજરનાર હીંમતભાઈ નરસીભાઈ દોમડીયા (પટેલ), રહે. ગીર-ગઢડાનાં કેસમા રૂ.૧૦ લાખ, ગુજ. પરબતભા માલદેભાઈ પીઠીયા (આહીર), રહે. નગીચાણા, તા.માંગરોળનાં કેસમાં રૂ.૫ લાખ, તેમજ વાહન અકસ્માતના જુદી જુદી ઈજાના કેસો પૈકી હિંમતભાઈ રાઘવભાઈ પરમાર (દેવી પુજક), રહે. ડોળીયા, તા.રાજુલાનાં કેસમાં રૂ.૨૧ લાખ, ધુધાભાઈ લીંબાભાઈ તલાવડીયા (કોળી), રહે. નાની કુંડલ તા. બાબરાનાં કેસમાં રૂ.૩૫ લાખ, એમ જુદા-જુદા અકસ્માત વળતરનાં કુલ ૫૨ (બાવન) કેસોમાં ખુબ જ ટુંકાગાળામાં અસીલોને ન્યાય મળે અને ના કોઈની જીત અને ના કોઈની હાર એ સુત્રને ધ્યાને લઈ સમાધાનથી કુલ રૂ. ૫.૨૫ કરોડ મંજૂર કરાવ્યા હતા.આ કામમાં ગુજરનારનાં વારસદારો અને ઈજા પામનાર વતી એડવોકેટ કલ્પેશ કે. વાઘેલા, ભાવીન આર. હદવાણી (પટેલ), અર્જુન ડી. કારીયા (ગઢવી), કરણ ડી. કારીયા (ગઢવી), શ્રધ્ધા અકબરી (પટેલ), ભાવેશ એચ. મકવાણા, કૃણાલ ચાવડા, આદીત્ય મકવાણા, માનવ ચાવડીયા, સોહમ દત્તા રોકાયા હતા.

# લોધિકા પંથકમાં નકલી જંતુનાશક દવા બનાવવાનું રેકેટ ઝડપાયું

## એસ.જી ની ટીમે ત્રણ કારખાનામાં દરોડા પાડી ડુપ્લીકેટ દવાના જથ્થા મળી ૨૫.૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો: યુ.પી.એલ કંપનની નકલી દવાનું ઉત્પાદન કરતા, ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**



નકલીની બોલબાલા રહી છે નકલી દૂધ, નકલી ઘી અને નકલી ડોક્ટર બાદ હવે નકલી જંતુનાશક દવા બનાવવાનું રેકેટ ઝડપાયું છે. રાજકોટ એસઓજીની ટીમે લોધીકા વિસ્તારમાં આવેલા ત્રણ કારખાનામાં દરોડો પાડી ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો ઝડપી લીધો હતો. આ મામલે પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધ્યો છે અને રૂપિયા ૨૫.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિમ રાય અને રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ખેતીવાડીની ગેરકાયદે ડુપ્લીકેટ રાસાયણિક દવાઓ બનાવતા શખસો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાને લઈ એઅસોજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ જી.જે.ઝાલા તથા તેમની ટીમ તપાસમાં હતી. દરમિયાન એવી બાતમી મળી હતી કે, લોધિકા પંથકમાં આવેલા કારખાનાઓમાં ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.લોધિકા વિસ્તારમાં આવેલા ત્રણ કારખાનાઓમાંથી યુનાઈટેડ ફોરસફરસ લિમિટેડ કંપનીની ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ બનાવતા કારખાનાઓ જેમાં એડીકોન પેસ્ટીસાઈડસ પ્રા.લી, શક્તિ કેમિકલ, ગ્રીન ભારત કેમિકલમાંથી અલગ અલગ ટેકનિકલ તથા કન્ટેનવાળી ડેપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો ઝડપી લીધો હતો.પોલીસે આ મામલે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે જેમાં એડીકોન પેસ્ટીસાઈડ (માખાવડ તા. લોધિકા) ના ધ્રુવ રસિકભાઈ પટોડીયા (ઉ.વ. ૨૭ રહે રાજકોટ, અભ્યાસ બીએસસી એગ્રીકલ્ચર) અહીંથી ૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે શક્તિ કેમિકલ્સ (વીરવા તા. લોધીકા) ના ધવલ ગોવર્ધન કોરાટ (ઉ.વ. ૨૮ અભ્યાસ એમએસસી કેમિકલ)ની કંપની માંથી ૧૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.રાવકી ગામે આવેલી ગ્રીન ભારત કેમિકલના સાહિલ સુરેશભાઈ ટીંબડીયા (ઉ.વ. ૩૦ રહે શાપર અભ્યાસ ડિપ્લોમા એગ્રીકલ્ચર) અને કશ્યપ મગનભાઈ આકોલીયા (ઉ.વ. ૩૫ રહે. રાજકોટ અભ્યાસ ડિપ્લોમા કેમિકલ) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો અને અહીંથી ૯.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આમ એસ.ઓજીની ટીમે આ ત્રણ કંપનીઓમાં દરોડા પાડી ૪ શખસો સામે ગુનો નોંધી કુલ રૂપિયા ૨૫,૦૭,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કામગીરીમાં એસઓજી એએસઆઈ પરબતભાઈ શામળા, વિપુલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ, ચંદુભાઈ પલાળીયા, મયુરભાઈ વિરડા, નૈમિશભાઈ મહેતા, પિયુષભાઈ અઘેરા, કોન્સ્ટેબલ વિજયગીરી, રણજીતભાઈ, ચિરાગભાઈ, વિપુલભાઈ, પૃથ્વીરાજસિંહ અને નરશીભાઈ બાવળિયા સાથે રહ્યા હતા.

# તાલાલાના ગુંદરણ ગામે નકલી દૂધ બનાવતી ફેક્ટરી ઝડપી

## રૂ.૪.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ગીર સોમનાથ પોલીસ

**અબતક લીલાધર હરવાણી**
**તાલાલા**

ગીર સોમનાથ જિલ્લામાં તાલાલા તાલુકાના ગુંદરણ ગામના પ્રેમનગર નેસમાં એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી નકલી દૂધ બનાવતી ડેરી પર દરોડો પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે રવિ કાળા કરમટાની ધરપકડ કરી ૩૧૨૦ લિટર ડુપ્લીકેટ દૂધ, ૨૬૦ કિલો પામતેલ અને દૂધ બનાવવાનો પાવડર, અમુલ મિલ્ક પાવડર મળી રૂપિયા ૪.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ દ્વારા ગીર પંથકમાંથી ઉત્તર ગુજરાત ની ડેરીઓમાં મોટા પાયે નકલી દૂધ ઠલવાઈ રહ્યું હોવાથી તાજેતરમાં નકલી દૂધના બે ટેન્ક કરો પકડી પાડવામાં આવ્યા હતા. જેના પગલે જુનાગઢ રેન્જના નવનિયુક્ત વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાએ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી નકલી ખાદ્ય પદાર્થો બનાવતા શખ્સો પર તૂટી પડવા આપેલા આદેશને પગલે ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા એ જિલ્લામાં ગેરકાનૂની પ્રવૃત્તિઓને કડક હાથે ડામી દેવા આપેલી સુચના ને પગલે ગીર સોમનાથ એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તાલાલા તાલુકાના ગુંદરણના પ્રેમનગર નેસમાં રહેતો રવિ કાળાભાઈ કરમટા (ઉ.વ. ૨૪) પોતાના રહેણાંક મકાનના વાડામાં નકલી દૂધ બનાવવાનું કારખાનું ચલાવે છે. આ બાતમીના આધારે ફૂડ સેફ્ટી ઓફિસરને સાથે રાખી પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી અત્યંત જોખમી પદ્ધતિથી દૂધ બનાવતો હતો. જેમાં પામ ઓઈલ, યુરિયા ખાતર અને મિલ્ક પાવડર જેવા પદાર્થોનું મિશ્રણ કરીને સફેદ ઝેર તૈયાર કરવામાં આવતું હતું. સ્થળ પરથી પોલીસે ૩૧૨૦ લીટર તૈયાર નકલી દૂધ, ૨૬૦ કિલો પામતેલ, ૧૦૫ કિલો દૂધ બનાવવાનો સ્પેશિયલ પાવડર, ૧૬ કિલો મિલ્ક પાવડર અને ખાલી કેન, કુલ ૪.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે દરરોજ અંદાજે ૬ હજાર લીટર નકલી દૂધ બનાવીને તાલાલા પંથકની વિવિધ ડેરીઓમાં સપ્લાય કરતો હતો. ફૂડ સેફ્ટી ઓફિસરે દૂધના નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપ્યા છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**




**રાજકોટઃ** ભાટિયા નિવાસી હાલ જામનગર ભવ્ય નિલેશભાઈ દત્તાણી (ઓર્ચીડ ગ્રાન્ડ વાળા) (ઉ.વ ૨૭) તે સ્વ.વનરાવનભાઈ વેરસીભાઈ દતાણી ના પૌત્ર, નિલેશભાઈ ના પુત્ર, દિલીપભાઈ (ભાટીયા)ના ભત્રીજા, અંજલીબેન ના પતિ, બોનીબેન ના મોટાભાઈ, દિલીપભાઈ મણીલાલ કાનાણી (ખંભાળિયા)ના જમાઈ, ભગવાનજીભાઈ વિઠ્ઠલદાસ કોટેચા (હરિપર વાળા)ના ભાણેજનું તારીખ ૧૭/ ૩ ને મંગળવારના રોજ અવસાન પામેલ છે. સદગતની પ્રાર્થના સભા તથા સાસરા પક્ષ ની સાદડી તા.૧૯/ ૩ ને ગુરુવાર ના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે ઓશવાળ સેન્ટર જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

**ગોંડલઃ** સામદેવી શ્રીમાળી બ્રાહ્મણ સ્વ. જયંતિલાલ લક્ષ્મીશંકર ત્રિવેદીના પુત્ર અતુલભાઈ (ઉ.વ.૫૯) તે સ્વ. અશ્વિનભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. મુકેશભાઈના ભાઈ, મિતેષ અશ્વિનભાઈ ત્રિવેદી, કૌશલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી, કિશનભાઈ ત્રિવેદી, કૌશલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી, જીલભાઈ ત્રિવેદીના કાકાનું તા. ૧૭ ના રોજ મંગળવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯ ના ગુરુવારે ૪ થી ૬ બેનાણી વાડી વચલી શરી નાની બજાર ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** નવીનચંદ્ર મહેતા (પતિરા) (ઉ. ૮૦) તે શૈલાબેન ના પતિ, સ્વ.ધીરજલાલ રામજીના પુત્ર, ભાવેશ, સેજલના પિતા, સંગીતા, રિતેશ ચોક્સીના સસરા, વૃષ્ટિ દર્શના દાદા, નિયતિના નાના, સ્વ. કિશોરભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ.અનિલભાઈ, સ્વ.પ્રતાપભાઈ, સ્વ.જીતુભાઈ, સ્વ. પદમાંબેન, સ્વ. ભારતીબેન, પ્રદીપભાઈ ના ભાઈ, સ્વ.રમણીકલાલ ભગવાનદાસ પારેખના જમાઈનું તા.૧૭/ ૩ ના રોજ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તા.૧૯/૩/ ગુરૂવાર ના રોજ સદર ઉપાશ્રય સવારે ૧૦.૩૦ કલાકે રાખેલ છે

**રાજકોટઃ** મુળ ગામે ખરેડી નિવાસી હાલ રાજકોટ દિલીપભાઈ મગનલાલ રાયચુરા (ઉ.વ.૭૫) તે મગનલાલ માવજીભાઈના પુત્ર, ગૌ.વા. લલીતભાઈ, ગૌ.વા. નલીનભાઈ, ગૌ.વા. દિનેશભાઈ, જગદીશભાઈ, જીતુભાઈ, બીપીનભાઈના ભાઈ, કુંજનભાઈ, સુરભીબેન, ધારાબેનના પિતા, મનીષકુમાર નટવરલાલ મહેતાના સસરા ગૌ.વા. રામજીભાઈ કરશનભાઈ તન્નાના જમાઈનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧૯ ને ગુરુવારના રોજ સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, સરીતા વિહાર સોસાયટી, યુનિ. રોડ, રાજકોટ ખાતે સાંજના ૫ થી ૬ કલાકે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**જોડીયાઃ** જોડીયા નિવાસી સ્વ. હર્ષાબેન છગનલાલ શિંગાળા (ઉ.વ.૮૩) તે સ્વ. છગનલાલ દામજીભાઈ શિંગાળાના પત્ની, તેજલભાઈ, સચિનભાઈ, ટિંવકલબેન ભરતકુમાર માણેકના માતા, પાર્થ, રીયા, મીત, કશીશના દાદીમાં, સ્વ. મગનલાલ રાઘવજીભાઈ ચતવાણીના પુત્રીનું તા. ૧૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી તા. ૧૯ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૫ લોહાણા મહાજનવાડી, ભાટિયા શેરી જોડીયા મુકામે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વોર્ડ નં.૧૧ની પોશ સોસાયટીઓ પ્રાથમિક સુવિધા વિહોણી: ચૂંટણી બહિષ્કારની ચિમકી

## મહિલાઓ સાથે ૨૫૦થી વધુ લોકોનું ટોળુ કોર્પોરેશન કચેરીએ ધસી આવ્યું: ડીએમસીને ઉગ્ર રજૂઆત





તસ્વીર: શૈલેષ વાડોલીયા


## કોર્પોરેશનના વેરા નહી ભરવાનો નિર્ણય: રસ્તા રોકો આંદોલન છેડવાની તૈયારી

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૧માં સેકન્ડ રીંગરોડ પાસે અર્જુન પાર્ટી પ્લોટની પાછળ આવેલી ૧૦ જેટલી સોસાયટીઓમાં લાઈટ, પાણી, રોડ રસ્તા ગટર જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. વારંવાર રજૂઆત કરવા છતા પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આજે ૫૦થી વધુ મહિલાઓ સાથે ૨૫૦ લોકોનું ટોળુ કોર્પોરેશન કચેરીએ ધસી આવ્યું હતુ. જો ટુંક સમયમાં પ્રશ્નોનો નિવેડો નહિ આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. ટેકસનો પણ બહિષ્કાર કરાશે અને ઉગ્ર આંદોલન છેડાશે. વોર્ડ નંબર ૧૧માં, મોટા મવા, નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ, શ્રી નાથજી ચોક, પાસે આવી છે, છેલ્લા પાંચ વર્ષથી લોકો વેરા ભરપાઈ કરી રહ્યા છે. આ વિસ્તારના કોર્પોરેટરો, ધારાસભ્ય, કમિશનર જવાબદાર અધિકારી ને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતા પાણી, ડામરના રસ્તા અને સફાઈ જેવી સામાન્ય સુવિધા પણ આપવામાં આવતી નથી. વડીલો, બાળકો, અને બહેનો, આ બિસ્માર, અત્યંત ખરાબ રસ્તા, અને પાણીની અગવડતા થી ત્રાસી ગયા છે. યુનાઈટેડ નંબરહુડ ફેડરેશનના નેજા હેઠળ અપાયેલા આવેદન પત્રમાં જણાવ્યું હતુ કે આ વિસ્તાર સોસાયટીમાં વોર્ડ નં.-૧૧ મોટા મવાના રહેવાસી છે. જેમાં સમગ્ર વિસ્તારમાં હાઈરાઇઝ બિલ્ડિંગ આવેલા છે, જેમાં ૫૦૦૦ થી વધારે મતદાતાઓ છેલ્લાં ૭ વર્ષ થી વસવાટ કરી રહ્યા છીએ. કોર્પોરેશનના વેરાબીલ રેગ્યુલર ભરે છે. કોર્પોરેશનની પાયાની જરૂરિયાતની સુવિધા ની રજૂઆત મૌખિક તથા લેખીતમાં અનેકવાર રજુઆત કરવા છતાં આજ સુધી કોઈ પણ જાતની સુવિધા મળેલ નથી. હવે ૧૦ જેટલી સોસાયટીના રહેવાસીઓએ એવો નિર્ણય લીધો છે કે હવેથી કોર્પોરેશનના તમામ વેરા બીલ ભરવાનો બહિષ્કાર કરવામાં આવશે. જરૂર પડે સામુહિક રસ્તા રોકો આંદોલન કરવા અને ચૂંટણીનો સામુહિક બહિષ્કાર કરવામાં આવશે.

# રાષ્ટ્રનિર્માતા ડો. હેડગેવાર એટલે વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના મંત્ર

## બાલ્યકાળથી જ હૈયે રાષ્ટ્રપ્રેમ અને અન્યાય સામે લડવાની અડગ ટેક: ભારતની ગુલામીનું મૂળ પારખી 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' દ્વારા હિન્દુ સમાજનું સંગઠન




**અબતક, રાજકોટ**

ભારતની પવિત્ર ધરા પર જ્યારે વિદેશી શક્તિઓનું શાસન હતું, ત્યારે આ દેશની કમજોરીની સાચી નાડ પારખનાર જન્મજાત દેશભક્ત ડો. કેશવરાવ બલિરામ હેડગેવારનો જન્મ ૧ એપ્રિલ, ૧૮૮૯ (ચૈત્ર સુદ એકમ - ગુડી પડવો) ના રોજ નાગપુરમાં થયો હતો. નાનપણમાં જ માતા-પિતાનું છત્ર ગુમાવ્યા હોવા છતાં, છત્રપતિ શિવાજી મહારાજની શૌર્યગાથાઓએ તેમનામાં રાષ્ટ્રપ્રેમના બીજ રોપ્યા હતા. શાળાકાળ દરમિયાન 'વંદે માતરમ્' ના નાદ સાથે આંદોલન છેડવા બદલ તેમને નિશાળમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા, જે તેમના અડગ દેશપ્રેમનો પુરાવો હતો.

ડોકટરજીએ ૧૯૧૦માં કલકત્તામાં દાકતરી અભ્યાસ શરૂ કર્યો, જે તે સમયે ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર હતું. ત્યાં તેઓ શ્યામસુંદર ચક્રવર્તી અને મોતીલાલ ઘોષ જેવા અગ્રણી નેતાઓના સંપર્કમાં આવ્યા અને ગુપ્ત ક્રાંતિકારી સંગઠનો સાથે જોડાઈને દેશસેવાનું કાર્ય કર્યું. ૧૯૧૪માં એલ.એમ.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ નાગપુર પરત ફર્યા, પરંતુ વ્યક્તિગત સુખ-સુવિધા કે નોકરીની ચિંતા કરવાને બદલે તેમણે પોતાનું સંપૂર્ણ જીવન રાષ્ટ્રને અર્પણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

ડોકટરજીએ કોંગ્રેસ, હિન્દુ મહાસભા અને વિવિધ સામાજિક આંદોલનોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી, પરંતુ તેમના મનમાં સતત એક જ પ્રશ્ન ઘોળાતો કે 'ભારત ગુલામ કેમ બન્યો?'. ઊંડા મંતન બાદ તેમને સમજાયું કે સમાજમાં સંગઠનનો અભાવ જ સૌથી મોટી નબળાઈ છે. આથી, ૧૯૨૫માં વિજયાદશમીના શુભ દિવસે તેમણે નાગપુરમાં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની સ્થાપના કરી. ''વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ''ના મંત્ર સાથે તેમણે સામાન્ય માટીમાંથી મર્દો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય ઉપાડ્યું.

ડોકટરજીનું જીવન શિસ્ત અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ હતું. સંઘના કાર્ય માટે તેઓ ૩૫-૩૫ માઈલ સુધી પગપાળા ચાલતા અને જેલવાસ દરમિયાન પણ તેમની સતત ચિંતા સંઘના કાર્યના વિસ્તારની જ રહેતી. ૧૯૩૦ના સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને કારાવાસ પણ ભોગવવો પડ્યો હતો.

તેમણે ક્યારેય પદ કે પ્રતિષ્ઠાની લાલસા રાખી નહોતી, ઉલટું 'મારું કાર્ય એ જ મારું જીવન છે' એ સૂત્રને સાર્થક કરતા તેઓ રાત-દિવસ કાર્યરત રહ્યા, જેના કારણે તેમનું સ્વાસ્થ્ય પણ જોખમાયું હતું.

૨૧ જૂન, ૧૯૪૦ના રોજ ડોક્ટર સાહેબે અંતિમ શ્વાસ લીધા તે પૂર્વે તેમણે સંઘની જવાબદારી માધવરાવ સદાશિવરાવ ગોળવલકર (ગુરુજી)ને સોંપી હતી. આજે ડોક્ટરજીએ રોપેલું એ નાનું બીજ ૧૦૦ વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે અને વિશ્વના સૌથી મોટા દેશભક્ત સંગઠન તરીકે વટવૃક્ષ બની ચૂક્યું છે. અટલ બિહારી બાજપાઈજીની કવિતા મુજબ, ડોકટરજીએ સળગાવેલો આ દીપક આજે કરોડો સ્વયંસેવકોના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જ્યોત જગાવી રહ્યો છે, જે ભારતને પરમ વૈભવના શિખરે લઈ જવા કટિબદ્ધ છે.

# સરકારી કર્મચારીએ ભાજપનો ખેંસ પહેર્યો નિયમ ભંગની યુનિયનની ફરિયાદ

## વોર્ડ નં.૭નાં સફાઈ કામદાર ગૌતમ ચૌહાણ ભાજપના કાર્યકર બની ગયા: રાજકોટ કામદાર યુનિયને બાંયો ચડાવી



**અબતક, રાજકોટ**

નિયમ મુજબ કોઈપણ સરકારી કર્મચારી રાજકીય પક્ષોના ખેસ કે ટોપી ધારણ કરી શકતા નથી. વોર્ડનં.૭માં કાયમી સફાઈ કામદારો તરીકે ફરજ બજાવતા ગૌતમ ચૌહાણએ જાહેર સ્થળોએ રાજકીય પક્ષના ખેસ-ટોપી પહેરી ખૂલ્લેઆમ રાજકીય કાર્યક્રમોમાં જોડાતા હોય રાજકોટ કામદાર યુનિયન દ્વારા મ્યુનીસિપલ કમિશનર તુષાર સુમેરાને કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસભાઈ બેડિયાએ આ મામલે જરૂરી પુરાવા પણ રજૂ કર્યા છે.

# પ્રોજેકટ લાઈફ દ્વારા ગુરૂવારથી પ્રાણાયામ-મેડીટેશન વર્ગ શરૂ કરાશે

## નિષ્ણાત યોગ શિક્ષકો દ્વારા યોગની તાલીમ અપાશે


**અબતક,રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ લાઈફ', દ્વારા ૧૯ માર્ચ ૨૦૨૬ ના રોજથી સવારે ૭.૦૦થી ૮.૦૦ વાગ્યા સુધી પ્રાણાયામ અને મેડીટેશનની નવી બેચ શરૂ કરવામાં આવશે.

આ શિબિરમાં નિષ્ણાત યોગ શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં શ્વાસ નિયંત્રણ અને ફેફસાંની ક્ષમતામાં વધારો, તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદ, માનસિક એકાગ્રતા અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાની અસરકારક પદ્ધતિઓ શીખવવામાં આવશે. આજના વ્યસ્ત અને તણાવભર્યા જીવનમાં શરીર અને મનને સંતુલિત રાખવા માટે પ્રાણાયામ અને ધ્યાન અત્યંત મહત્વપૂર્ણ છે. આ માટે રેસકોર્સ રીંગ રોડ પર આવેલા પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગની મુલાકાત લેવા અનુરોધ છે. તેમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.- વધારે માહિતી માટે મો. નં. ૮૫૧૧૩૩૧૧૩૩ અથવા ફોન નં. ૦૨૮૧ - ૨૪૭૯૧૩૩ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# ખોડલધામ મંદિરે કાલથી ચૈત્રી નવરાત્રિ પર્વ આસ્થાભેર ઉજવાશે

## વિવિધ જિલ્લા-તાલુકાની મહિલા સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન




**અબતક,રાજકોટ**

કાલથી નવરાત્રિ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ખોડલધામ ખાતે ચૈત્રી નવરાત્રિ પર્વની ઉજવણી થશે તેમજ નવ દિવસ વિવિધ કાર્યક્રમો ઉજવાશે. મા ખોડલની આરાધનાનો પર્વ એટલે ચૈત્રી નવરાત્રિ ચૈત્રી નવરાત્રિમાં વિશ્વ પ્રસિધ્ધ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડલધામ મંદિરે ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્વપનદ્રષ્ટા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ચૈત્રી નવરાત્રિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મંદિરે અલગ અલગ ભકિતમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજારોહણ, અન્નકૂટ, યજ્ઞ, રાસ-ગરબા, માતાજીને ચુંદડી અર્પણ અને ધુન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ યોજાશે.

તારીખ ૧૯ માર્ચ ને ગુરુવારથી ૨૭ માર્ચ ને શુક્રવાર સુધી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં પ્રથમ નોરતે જામનગર, બીજા નોરતે ધોરાજી, ત્રીજા નોરતે પોરબંદર, ચોથા નોરતે અમરેલી, પાંચમાં નોરતે ગોંડલ, છઠ્ઠા નોરતે જૂનાગઢ, સાતમાં નોરતે ઉપલેટા, આઠમા નોરતે રાજકોટ શહેર અને નવમા નોરતે જામકંડોરણા મહિલા સમિતિની બહેનો દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજીને મા ખોડલની આરાધના કરવામાં આવશે.

# લીટલ મિલેનિયમ પ્રિ સ્કૂલના વાર્ષિક ઉત્સવમાં બાળ કલાકારોની લોકનૃત્યની અદભુત પ્રસ્તુતિ

## લિટલ મિલેનિયમના વાર્ષિક ઉત્સવ ઉડાનમાં ભારત ભરની સંસ્કૃતિનું મંચન કરનાર બાળ વિદ્યાર્થીઓ પર સૌ થયા ''આફરીન''




**અબતક, રાજકોટ**

રાજકોટમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી સંસ્થાઓમાં અગ્રણી ગણાતી સાધુ વાસવાણી રોડ પર આવેલ લિટલ મિલેનિયમ પ્રિ સ્કૂલ ના વાર્ષિક ઉત્સવ ઉડાન ૨૦૨૬ માં બે થી છ વર્ષના બાળકોએ ૨૦રાજ્યોના લોક નૃત્ય નું મંચન કરી સૌ કોઈને આફરીન કરી દીધા હતા.

લીટલ મિલેનિયમ પ્રિ સ્કૂલ ના વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઓબીસી વિભાગના ચેરમેન ડો, મહેશભાઈ રાજપુત, મીલીબેન રાજપૂત ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ વાર્ષિક ઉત્સવમાં નાના ભૂલકાઓએ ભારત ભરના૨૦થી વધુ રાજ્યોની સંસ્કૃતિ સ્ટેજ પર જીવંત કરી હતી ,અને બે થી છ વર્ષના બાળકોએ આત્મવિશ્વાસ સાથે આપેલા પરફોર્મન્સ પર સૌ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ઉડાનમાં પશ્ચિમ ભારત ગુજરાતના ગરબા અને મહારાષ્ટ્રના લાવણી નૃત્ય, પૂર્વ ભારત આસામનું બીહુ, અને કલકત્તાની દુર્ગા પૂજા ના ધનુચી નૃત્ય, ઉત્તર દક્ષિણમાં પંજાબનો ભાંગડા, કાશ્મીરનું રોફ, કેરળનું મોહિની, અસમ અને તામિલનાડુના પારંપરિત નૃત્યુ રજૂ કર્યા હતા રાજસ્થાનનું ઘુમ્મર ,ઓરિસ્સાનું સાબલપુરી, ગોવાનું માંડવો ,હરિયાણા નું હરિયાણવી નૃત્ય સહિત ૨૦ રાજ્યોની અલગ અલગ ઝલક બાળકોએ એક જ મંચ ઉપર આવિષ્કાર કરી હતી. કાર્યક્રમ ઉપસ્થિત ડો, મહેશ રજપૂત મીલી બેન રજપૂતે જણાવ્યું હતું કે આટલી નાની વયના બાળકો જે રીતે ૨૦અલગ અલગ રાજ્યની મુદ્રાઓ અને પહેરવેશ સાથે સ્ટેજ ગજવતા દેખાયા હતા તે ખરેખર અદભુત છે, લિટલ મિલેનિયમ માં જે રીતે બાળકોના સાંસ્કૃતિક ઘડતર પર ધ્યાન અપાઈ રહ્યું છે તે આવકારદાયક છે, શાળા ના સંચાલકો દ્વારા તમામ સહભાગી બાળકોને ટ્રોફી થી સન્માનિત કર્યા હતા વાલીઓએ પણ શાળાના નવતર પ્રયોગ, શિક્ષકોની મહેનત ને બિરદાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવનારશાળા પરિવાર ને અભિનંદન આપ્યા હતા.

# સ્વામી ભદ્રેશદાસજી રચિત બ્રહ્મઘોષને સાહિત્ય અકાદમી દ્વારા એવોર્ડ એનાયત



**અબતક, રાજકોટ**

ભારત સરકારનો સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ સાહિત્ય અકાદમી દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં એવોર્ડ પ્રાપ્ત કરનાર કૃતિઓની ઘોષણા કરવામાં આવી છે, જેમાં સંસ્કૃત ભાષાનો એવોર્ડ મહા મહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીને આપવામાં આવ્યો છે. ભારતની સર્વોચ્ચ સંસ્કૃત કૃતિ તરીકે આ વર્ષે ચયન કરવામાં આવેલ કૃતિનું નામ છે: આ ગ્રંથમાં હિન્દુ ધર્મમાં મુખ્ય ગણાતાં ઉપનિષદ, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર ઉપરાંત ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વચનામૃત ગ્રંથનો આધાર લઈને બ્રહ્મ તત્ત્વને ઉજાગર કરવામાં આવ્યું છે. સૂત્રાત્મક રીતે પદ્ય શૈલીમાં રચવામાં આવેલા આ ગ્રંથને વિદ્વાનો દાર્શનિક કાવ્ય તરીકેજુએ છે. આ ગ્રંથની સાહિત્યિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને મૂર્ધન્ય વિદ્વાનોની ચયન સમિતિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ તરીકે તેને જાહેર કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત તત્ત્વ જ્ઞાનને સાહિત્યિક રીતે રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત આ ગ્રંથ લેખકે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી રચેલ છે.આ એવોર્ડની જાહેરાતથી વિદ્વાનોમાં હર્ષની લાગણી છવાઇ છે.

# આઈડેન્ટિફિકેશન ટેસ્ટ યોજાઇ



**અબતક, રાજકોટ**

રાજ્ય કક્ષા યંગ ટેલેન્ટ (વાયટી) આઈડેન્ટિફિકેશન ટેસ્ટનું આયોજન એથ્લેટીક્સ મેદાન રેસકોર્ષ - રાજકોટ ખાતે જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર રાજકોટ દ્વારા કરવામાં આવેલ જેમાં રાજકોટ અને મોરબી જિલ્લાના અંદર- ૯ અને અંડર-૧૧ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં લીધો હતો. ખેલાડી તથા વાલી ને સરકાર દ્વારા ચાલતી વિવિધ રમત ગમતની યોજનાઓની વિગતવાર માહિતી આપી માહિતગાર કરવામાં આવેલ.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા શુક્રવારે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ

**અબતક, રાજકોટ**

આજે મોબાઈલ યુગમાં ટાવરોના રેડીએશન તથા પર્યાવરણની સમતુલા ખોરવાઈ ગઈ છે જેથી અનેક પક્ષીઓનો પ્રજાતિ નષ્ટ થવાને આરે ઉભી છે. તેમાંની પક્ષીની એક પ્રજાતિ 'ચકલી'નો પણ સમાવેશ થાય છે. શહેરોના સીમેન્ટ-કોંક્રીટના જંગલોમાં ચકલીઓનો ક્યાંય ચીં ચીં અવાજ સાંભળી શકાતો નથી. વિશ્વ ચકલી દિન ઉજવણી પહેલા કોઈને પુઠાના ચકલીના માળા જોઈતા હોય તો યુવા સેના ટ્રસ્ટના કાર્યાલય 'સેવાભવન', ભોલેનાથ સોસાયટી, શેરી નં. ૪, અંકુર વિદ્યાલય પાસે, ગુરૂપ્રસાદ ચોકની બાજુમાં, સવારે ૯ થી ૧૧, સાંજે ૫ થી ૭ કલાકે પુઠાના ચકલીના માળા તેમજ કુંડા મળી શકશે. આ ઉપરાંત તા.૨૦-૩-૨૦૨૬, શુક્રવારના રોજ ''વિશ્વ ચકલી દિન'' ઉજવવામાં આવશે. તે અંતર્ગત તે દિને યુવા સેના ટ્રસ્ટ દ્વારા માયાણી ચોક, બેકબોન શોપીંગ સેન્ટર ચોક, ખાતે સવારે ૯-૩૦ કલાકે ચકલીના માળા (ચકલીઘર) તેમજ માટીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. જેમાં જાહેર જનતાએ આ વિતરણમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણીના ભાગરૂપે પક્ષી પ્રેમીઓએ આ સેવાનો લાભ લઈને પક્ષીઓ બચાવવાના ટ્રસ્ટના અભિયાનમાં જોડાવા અનુરોધ કરવામાં આવે છે. આ સેવા યજ્ઞમાં યોગદાન આપતા દાતાઓને ટ્રસ્ટના કાર્યાલયે મો.૯૯૧૩૩ ૧૦૧૦૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# હપ્તા ન ભરનારા ૯ લાભાર્થીઓના આવાસ રદ્ કરતું રૂડા

## વારંવાર તાકીદ છતા હપ્તા ભરવાની તસ્દી ન લેનાર સામે કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ફાળવેલ આવાસો પૈકી નવ આવાસધારકોના આવાસ રદ કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૬ સાઈટ ખાતે ફાળવેલ આવાસો પૈકી આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવ્યા નથી. આ બાબતે લાભાર્થીઓને વારંવાર જાણ કરવામાં આવી હતી પરંતુ, આજદિન સુધી આવાસધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી. તેથી આ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબઆ પ્રકારના આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે. આ બાબતે કોઈપણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો હોય તો આજ તારીખથી દિન-૭માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવા તાકીદ કરાય છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૪મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

રણછોડભાઈ પોપટભાઈ સગપરીયાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૪મું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન- સ્કીન ડોનેશન-દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

# ૧.૨૫ લાખ વર્ષ પહેલાં પણ આદિમાનવો પાસે હતી પોતાની ‘ફેક્ટરી’

## હાડકાંના ટુકડાને ગરમ કરીને તેમાંથી તેલ અથવા ગ્રીસ જેવી ચરબી છૂટી પાડતા હતા, જેથી લાંબા સમય સુધી ઉર્જા મળી રહે

### વૈજ્ઞાનિકોને શું મળ્યું?

વૈજ્ઞાનિકોને એક તળાવના કિનારે હજારો પ્રાણીઓના હાડકાંનો જથ્થો મળી આવ્યો છે. આ માત્ર આડેધડ પડેલા હાડકાં નહોતા, પણ એક વ્યવસ્થિત ’ફેટ પ્રોસેસિંગ સાઈટ’ (ચરબી કાઢવાનું કેન્દ્ર) હોવાના પુરાવા છે. તે સમયના માનવો અહીં શિકાર કરેલા પ્રાણીઓના હાડકાં ભેગા કરતા, તેને તોડતા અને તેમાંથી ચરબી (ચરબીયુક્ત મજ્જા) કાઢતા હતા. માનવ ઈતિહાસનો એ અરીસો છે જે દર્શાવે છે કે આપણે એકલા જ પૃથ્વી પર બુદ્ધિશાળી નહોતા, આપણા પહેલા પણ એક સભ્ય અને કુશળ માનવ પ્રજાતિ અસ્તિત્વ ધરાવતી હતી.



**અબતક , રાજકોટ**

શું આદિમાનવ માત્ર શિકારી હતો? વિજ્ઞાનની એક નવી શોધે આ માન્યતાને જડમૂળથી હચમચાવી દીધી છે. જર્મનીના ખોદકામમમાં મળી આવેલી ૧.૨૫ લાખ વર્ષ જૂની ’નિયન્ડરથલ ફેક્ટરી’ એ સાબિત કરી દીધું છે કે આપણા પૂર્વજો માત્ર નસીબના જોરે જીવતા નહોતા, પણ તેઓ કુશળ એન્જિનિયર અને આયોજનબદ્ધ હતા. આ શોધ માત્ર હાડકાંનો ઢગલો નથી, પરંતુ માનવ બુદ્ધિના એવા પુરાવા દર્શાવે છે કે લાખો વર્ષો પહેલા પણ મનુષ્ય ટેકનોલોજી અને સંસાધનોના વ્યવસ્થિત ઉપયોગમાં માહેર હતો. જર્મનીના લિપઝિગ પાસે આવેલા ’ન્યુમાર્ક-નોર્ડ’ વિસ્તારમાં ખોદકામ દરમિયાન પુરાતત્ત્વવિદોને કંઈક એવું મળ્યું છે જે સાબિત કરે છે કે પ્રાચીન ’નિયન્ડરથલ’ માનવો આપણે વિચારીએ છીએ તેના કરતાં ઘણા વધારે બુદ્ધિશાળી અને સંગઠિત હતા.

### તેમની અનોખી પદ્ધતિ

માત્ર માંસ ખાવાથી શરીરને પૂરતું પોષણ મળતું નથી. તેથી તેઓ હાડકાંની અંદરની ચરબી પર ધ્યાન આપતા હતા. તેઓ હાડકાંના ટુકડાને ગરમ કરીને તેમાંથી તેલ અથવા ગ્રીસ જેવી ચરબી છૂટી પાડતા હતા, જેથી લાંબા સમય સુધી ઉર્જા મળી રહે. આ કોઈ એકવારની ઘટના નહોતી. તેઓ વારંવાર આ જ જગ્યાએ આવતા અને આ કામ કરતા, જે દર્શાવે છે કે તેમની પાસે ભવિષ્યનું આયોજન કરવાની ક્ષમતા હતી.

### નિયન્ડરથલ માનવીઓ કેવા હતા?

નિયન્ડરથલએ આધુનિક માનવીના સૌથી નજીકના ’પૂર્વજ’ અથવા ’પિતરાઈ ભાઈ’ સમાન આદિમાનવની એક લુપ્ત પ્રજાતિ છે. તેઓ પૃથ્વી પર અંદાજે ૪,૦૦,૦૦૦ થી ૪૦,૦૦૦ વર્ષ પહેલાં યુરોપ અને મધ્ય એશિયામાં વસવાટ કરતા હતા.તેઓ આધુનિક માનવી કરતા થોડા નીચા પણ અત્યંત મજબૂત અને ખડતલ હતા. તેમનું નાક મોટું અને ભ્રમરના હાડકાં ઉપસેલા હતા, જે તેમને ઠંડા વાતાવરણમાં રહેવામાં મદદ કરતા. તેમનું મગજ કદમાં આપણા મગજ જેટલું જ અથવા ક્યારેક તેનાથી થોડું મોટું પણ હતું.

# ગુજરાત સહિત દેશભરના એક્સપોર્ટરો પર વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ

## રાજયના ૧૨૦૦૦ કન્ટેનરો વોર કન્ટિજન્સીમાં અટવાયા

**અબતક, રાજકોટ**

ભીષણ યુધ્ધના કારણે ગુજરાત સહિત દેશભરનાં એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ લાગ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ઈરાન અમેરિકા - ઈઝરાયલ યુદ્ધનું સંકટ માત્ર ગેસ પૂરતું સીમિત નથી , ભારતના એક્સપોર્ટ કરનારા ધંધાર્થીઓ અને ફ્રેઈટ કંપનીઓ સંકટમાં આવી ગઈ છે. યુદ્ધના લીધે ગુજરાત-ભારતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર લાગ્યું વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ. યુદ્ધથી સમગ્ર વિશ્વ કટોકટીમાં છે ત્યારે ભારતના એક્સપોર્ટરો ઉપર વોર કન્ટિજન્સી રિકવરીનું સંકટ આવીને ઊભું છે. શિપિંગ કંપનીઓ દ્વારા ૨૦ ડિવિ (ફૂટ)કન્ટેનર ઉપર ૨૦૦૦ ડોલર અને ૪૦ ડિવિ(ફૂટ) ઉપર ૪૦૦૦ ડોલરનો વધારો નાખી દેવામાં આવ્યો છે. ભારતનો મશીનરી, ગારમેન્ટ, ખાદ્ય સામગ્રી સહિત મોટા પ્રમાણમાં પશ્ચિમ એશિયાના દેશો જોડે એક્સપોર્ટનો વેપાર છે જેમાં યુ.એ.ઈ, સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, કતાર અને ઈરાક જેવા દેશોનો સમાવેશ થાય છે. જ્યાં એક્સપોર્ટર્સ ઉપર એકબાજુ ૨૦૦૦ થી ૪૦૦૦ ડોલર વોર કન્ટીજન્સી રિકવરી નાખી દેવામાં આવી છે ત્યાં બીજી બાજુ રિજિયોનલ કન્ટેનર લાઈન્સ દ્વારા શિપમેન્ટના જનરલ રેટ વધારી દેવામાં આવ્યા છે. જે શીપમેન્ટમાં ૨૦ જીપી ૩૦૦-૩૫૦ ડોલરથી દુબઈ ટ્રાન્સપોર્ટ થઈ જતા હતા તેમાં ૨૦૦૦ ડોલરનો વધારો કરી દેવામાં આવ્યો છે અને ૪૦ એચસી કન્ટેનરના શિપમેન્ટમાં ૪૦૦૦ ડોલરનો વધારો કરી નાખવામાં આવ્યો છે. યુદ્ધની કટોકટીના સમયમાં ભાવવધારો અને વોર રિસ્ક સર્જન્સીના લીધે એક્સપોર્ટર્સને કરોડો રૂપિયાનું નુકશાન થવાનું છે. નિર્ણય યુદ્ધની પરિસ્થિતિ માત્ર યુદ્ધની શરૂઆત થઈ તે બાદ પૂરતો સીમિત નથી તે પેહલા જે જહાજો નીકળીને દરિયાની વચ્ચે છે તેને પણ લાગુ કરવામાં આવ્યો છે, જેના બુકિંગ થઈ ગયા હોય તેને લાગું પડશે. ગુજરાત રાજ્યમાં ૬ થી ૭ જેટલા જહાજોમાં એક્સપોર્ટરોના ૧૨૦૦૦ કરતા વધુ કન્ટેનરોને ૨૫૦ કરોડ થી ૫૦૦ કરોડની વોર રિસ્ક સર્જન્સી ભરપાઈ કરવી પડશે. જો એક્સપોર્ટરો દ્વારા તે નહીં ભરપાઈ થાય તો તે ફ્રેઈટ કંપનીઓ એટલે કસ્ટમ હાઉસ એજન્ટોના માથે આવશે. એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓ દુવિધામાં છે કેમ કે તેમના કન્ટેનરો જે પોર્ટમાં મોકલ્યા હોય તેની જગ્યાએ બીજા પોર્ટ પર ઉતારી દેવામાં આવ્યા છે તેવું કિસ્સો પણ સામે આવ્યું છે. એસ એમ માહી નામનું જહાજ જેની કેપેસિટી ૨૬૭૭ જેટલા કન્ટેનરોની હતી તે જહાજ દુબઈ જેબેલ અલી પોર્ટ ઉપર જવાનું હતું તેની જગ્યાએ કન્ટેનરો જેદ્દાહ પોર્ટ ઉપર ઉતારી દેવામાં આવ્યા છે. તે કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે પ્રશ્ન માટે પણ એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓને ચિંતામાં છે. ઝોન્ગ ગુ નાંગ નામનું જહાજ જેની કેપેસિટી ૪૬૦૦ કન્ટેનરોની છે તે મુન્દ્રા થી ટ્રાન્ઝિટ થઈ હજી જવાહરલાલ નેહરુ પોર્ટ નવી મુંબઈ ઉપર છે. દરિયામાં ગયું નથી છતાં તેમના ઉપર વોર રિસ્ક સરચાર્જ લાગી ગયો છે. શિપિંગ કંપનીઓ દ્વારા જે પ્રકાર સંકટના સમયનો દુરુપયોગ કરવામાં આવ્યો છે તે ચિંતાનો વિષય છે. સરકાર દ્વારા જે જહાજો યુદ્ધ શરૂ થાય તે પેહલા નીકળી ગયા હોય, મધદરિયે હોય તેમના ઉપરના વોર કન્ટીજન્સી રિકવરી ચાર્જ માટે યોગ્ય નિર્ણય લેવાય તો એક્સપોર્ટરોના ઉપર નખાયેલ કરોડો રૂપિયાના નુકશાનથી બચી શકે છે. દરિયાઈ શિપ ની કેપેસિટી ૨૦૦૦ થી ૬૦૦૦ કન્ટેનરો લઈ જવાની હોય છે ત્યારે ભારતના આશરે ૪૦ થી વધુ શિપ માં ૮૦,૦૦ થી વધુ કન્ટેનરો અટવાયેલા હશે તેવું વિદ્વાનોનું માનવું છે. ટ્રાન્ઝિટમાં હોય તેવા કન્ટેનરો ઉપર કરોડો રૂપિયાના ચાર્જ ઉપર સરકારે વિચારવું જોઈએ.

# નેપાળના ખોતાંગમાં લેન્ડિંગ સમયે હેલીકોપ્ટર ક્રેશ: કોઈ જાનહાનિ નહી



## મૃતદેહ લઈને હેલિકોપ્ટર કાઠમાંડુથી આવી રહ્યુ હતુ, ખોંતાંગના ખેતરમાં ક્રેશ થયું

**અબતક, રાજકોટ**

નેપાળના ખોતાંગમાં લેન્ડિંગ સમયે હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ખોતાંગમાં આવેલા એક ખેતરમાં આ હેલિકોપ્ટર ક્રેશ થયુ હતુ. હેલિકોપ્ટરની અંદર એક મૃતદેહ હતો. જે લઈને હેલિકોપ્ટર કાઠમાંડુથી આવી રહ્યુ હતુ. પરંતુ આ સમયે હેલિકોપ્ટરનું સંતુલન ખરાબ થતા તે ક્રેશ થયુ હતુ. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિક તંત્રે રાહત-બચાવ કાર્ય શરુ કર્યુ છે.ખોતાંગ જિલ્લાના અધિકારીએ કહ્યુ હતુ કે, હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનાની માહિતી મળતા સ્થાનિક ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. અને મદદ માટે પ્રક્રિયા હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. નેપાળના પર્વતીય વિસ્તારોમાં આ પ્રકારની ઉડાન સામાન્ય હોવાનું અધિકારીએ કહ્યુ હતુ. પરંતુ સાથે જ વાતાવરણમાં તુરંત પરિવર્તન આવતા ઉડાન સમયે મુશ્કેલી આવી શકે છે. નેપાળના ખોતાંગ જિલ્લામાં હેલિકોપ્ટર ક્રેશ થતા તેની તપાસ શરુ કરાઇ છે. જેને લીધે વહેલી તકે ક્રેશ થવાનું કારણ જાણી શકાશે. ખરાબ વાતાવરણ, ટેકિન્કલ સમસ્યા કે પછી લેન્ડિંગ સમયે કોઇ મુશ્કેલી સર્જાઇ હતી. આ બાબતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

# નાલંદા તીર્થધામમાં મંગળવારથી આયંબિલ ઓળી: તૈયારીઓનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના સિંહણ તિર્થસ્વરુપા વચન સિધ્ધિકા બા.બ્ર.પુ. ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં આયંબિલની ઓળીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નાલંદા તીર્થધામમાં તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે. પૂ. ઈન્દુબાઈ મહાસતીજીનું જીવંત મહામાંગલિક ઓળીના પ્રથમ દિવસે સંભળાવાશે માંગલિક શ્રવણનો અનેરો અવસર સાંપડયો છે. જેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગો સંપદાયન સૌરાષ્ટ્રના સિંહણ બા.બ્ર.પૂ. ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં તા. ૨૪-૩ મંગળવારથી ચૈત્ર સુદ છઠ તા. ૧-૪ બુધવાર સુધી ચૈત્ર માસની શાશ્વતી આયંબિલની ઓળીનું તપભીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૯.૩૦ થી ૧૦.૩૦ વ્યાખ્યાન ૯ થી ૧૧.૩૦ ત્રણ સામયિક ૧૦.૩૦ થી ૧૧.૩૦ જાપ, ૧૧.૩૦ થી ૧૨ નવપદ આરાધના વિધી જેમાં કાઉસ્સગ, વંદના માળા, ૧૨ કલાકે અમૃત આયંબિલ ભોજન સાંજે ૭ થી ૮ પ્રતિક્રમણ જેમણે આખી આયંબિલની ઓળી તેમજ છુટક આયંબિલ નાલંદા ઉપાશ્રયે કરવી હોય તેમણે પોતાના નામ દર આગલા દિવસે લખાવી પોતાના પાસ નાલંદા ઉપાશ્રયથી મેળવી લેવાના રહેશે. આ દરેક આયોજનમાં જુદા જુદા દાતાઓ તરફથી સમય સમયે બહુમાન થશે. પૂ. મોટા મહાસતીજીના મુખેથી બોલાયેલા મહાન પ્રભાવક મહામાંગલિકનું તા. ૨૪-૩ મંગળવારના રોજ સવારે ૧૧.૪૫ કલાકે જીવંત પ્રસારણ થશે. આયંબિલની ઓળી જે સાધક નાલંદા ઉપાશ્રયે છે. તેમ વિશિષ્ટ બહુમાન આપવામાં આવશે. તેમાં માટે નાલંદા સંઘમાં, તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આયંબિલ તપ કરવા અને કરાવવાથી સંસારના પાપ તાપ સંતાપ અને પરિતાપ દૂર થાય છે. તો આ અમારા અભિનવ આયોજનમાં લાભ લેવા સમગ્ર જૈન સમાજને ભાવભર્યુ આમંત્રણ છે. જેમણે જીવનમાં એક પણ આયંબિલ ન કરી હોય તેવા સાધક પણ પૂ. મહાસતીજીની પાવન ભૂમિના જોરદાર પરમાણુથી તથા તેમના આશિર્વાદથી પ્રત્યાખ્યાન કરી પૂર્ણતાને પામે છે. છુટક આયંબિલ તથા આખી ઓળી કરનાર દરેક સાધકે પ્રત્યાખ્યાન નાલંદા ઉપાશ્રયે લેવાના રેહશે. તા. ૨૪-૩ મંગળવારના રોજ આયંબિલની ઓળીખા પ્રથમ દિને વચન સિધ્ધિકા, તિર્થસ્વરુપા બા.બ્ર.પૂ. ઈન્દુબાઈ મહાસતીજીના મુખેથી બોલાયેલું મહાન પ્રભાવક મહામાંગલિક ૧૧.૪૫ કલાકે સમગ્ર તપસ્વીને સુણાવી ત્યારબાદ જ સમુહ પચ્ચકખાણ કરાવાશે. આખી આયંબિલની ભવ્યાતિભવ્ય ઓળી તથા પારણા પૂ. મોટા મહાસતીજીના પરમભકતો તરફથી છે. નાલદા તિર્થધામની ભૂમિ જ કાંઈ અનુપમ છે.

# અમદાવાદની સિંધી માર્કેટમાં આગ: ૩૦થી વધુ દુકાનો ઝપેટમાં, ફાયરની ૧૦ ગાડીઓ ઘટના સ્થળે

## સદનસીબે કોઈ જાનહાનિ નહિ, પરંતુ રેવડી બજાર કાપડના વેપાર માટે જાણીતું હોવાથી માલસામાન-મિલકતને મોટું નુકસાનની થવાની ભીતિ



**અબતક, રાજકોટ**

અમદાવાદ શહેરના પાંચ કુવા વિસ્તારમાં બપોરે ભીષણ આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. પાંચ કુવા વિસ્તારમાં આવેલી સિંધી માર્કેટમાં આગ લાગી છે. અચાનક લાગેલી આગ વધુ ભીષણ બનતાં અફરાતફરીનો માહોલ છવાયો છે. ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ દોડી આવી છે અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લગભગ ફાયરની ૧૦ ગાડીઓ ઘટના સ્થળે આવી પહોંચી છે અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.પ્રાથમિક માહિતી અનુસાર, માર્કેટમાં ૩૦થી વધુ દુકાનો સુધી આગ પ્રસરી છે. ૧૦થી વધુ ફાયરની ગાડીઓ ઘટના સ્થળે હાજર છે. જ્યારે ૮૦ જેટલા ફાયરના જવાનો આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૧ કલાકથી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.પાંચ કુવા વિસ્તારમાં સિંધી માર્કેટમાં અનેક કાપડની દુકાનો આવેલી છે. જ્યાં આજે બુધવારે બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. મળતી માહિતી પ્રમાણે, માર્કેટમાં આવેલી પાંચેક દુકાનોમાં આગ લાગી હતી. આ આગ વધુ પ્રસરી હતી. જેના પગલે ફાયરની ૧૦ ગાડીઓ સ્થળ પર રવાના કરાઈ છે.

જોતજોતામાં આગે ભીષણ સ્વરૂપ ધારણ કરતાં લોકોમાં પણ અફરાતફરી જોવા મળી રહી છે. ફાયરની ટીમ તરફથી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જ્યારે દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

રેવડી બજાર કાપડના વેપાર માટે જાણીતું હોવાથી માર્કેટમાં માલ-સામાનનો મોટો જથ્થો હોય છે, જેના કારણે આગ વધુ પ્રસરવાનો ભય સેવાઈ રહ્યો છે. આગ કેવી રીતે લાગી તે તપાસનો વિષય છે.

# દિલ્હીના પાલમ વિસ્તારમાં ચાર માળની ઈમારતમાં આગ લાગતાં નવ વ્યક્તિના મોત: અનેક ઘાયલ

## આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં મકાનને ઝપેટમાં લઈ લીધું, જેમાં એક જ પરિવારના ૧૦થી વધુ સભ્યો ફસાઈ ગયા

**અબતક, રાજકોટ**

દિલ્હીના પાલમ વિસ્તારના સાધ નગરમાં આજે વહેલી સવારે એક રહેણાંક ઈમારતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

દેશની રાજધાની દિલ્હીમાં સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પાલમના સાધ નગર વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં સવારે ૭ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખા મકાનને ઝપેટમાં લઈ લીધું હતું, જેમાં એક જ પરિવારના સભ્યો ફસાઈ ગયા હતા. દિલ્હી ફાયર સર્વિસને સવારે ૭ વાગ્યે આગની જાણ થતા જ તાત્કાલિક ધોરણે ૩૦ જેટલી ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. સાંકડી ગલીઓ અને ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર હોવાને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ અને ઈમરજન્સી સેવાઓની મદદથી ઈમારતમાં ફસાયેલા ૯ જેટલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.આગ લાગતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોની ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને બિલ્ડિંગમાંથી આવતા ચીખ-પુકારને કારણે વાતાવરણ ગમગીન બની ગયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા એટલા પ્રચંડ હતા કે બચાવ માટે અંદર જવું અશક્ય બની ગયું હતું.

### આગનું કારણ હજુ અસ્પષ્ટ

દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ જણાવ્યું કે, આગ રહેણાંક મકાનમાં લાગી હતી અને તેમાં ફસાયેલા લોકો પૈકી ૯ લોકોના મોત થયા છે. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગ લાગવાનું સચોટ કારણ અત્યારે જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલમાં ફાયર વિભાગ અને પોલીસની ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# દરેક કાર્યમાં શાસન હિત રાખીને આગળ વધવું જોઈએ: ધીરગુરુદેવ

**અબતક, રાજકોટ**

મુંબઈ ઘાટકોપરમાં નીલકંઠ રીંગાલીયા સંકુલમાં મીનાબેન વિનોદભાઈ લાખાણી પ્રેરિત વિહાર શુભેચ્છા સમારોહમાં પૂ. ધીરગુરુદેવે જણાવેલ કે આજના કાળમાં મહાવીરના શાસનની કે સંઘની હીલના ન થાય તેવી ભાવના રાખવી જોઈએ. પરસ્પરમાં મતભેદ હોય તે સ્વાભાવિક છે. પરંતુ મનભેદ થશે તો દ્રેષ બુધ્ધિ કર્મોના બંધન કરાવશે. દરેક કાર્યમાં શાસનહિત રાખીને આગળ વધવું જોઈએ.નવકારશીના લાભાર્થી વિનોદ અને મીના લાખાણી ડો. સિદ્ધાર્થ જિનાંશ વગેરેનું સન્માન અનિલભાઈ ભાયાણીએ કરેલ.



પૂ. ગુરુદેવે લોનાવાલા તરફ વિહાર કરેલ છે. ગૌમાતા લીફ્ટિંગ મશીનનો રૂ. ૨૫૦૦૦ માં અનેક દાતાઓએ લાભ લીધો હતો.

# ઈન્દોરમાં ઈવી ચાર્જિંગ દરમિયાન મકાનમાં આગ લાગતાં આઠના મોત: ચાર ગંભીર

## મકાનની અંદર ૧૦થી વધુ ગેસ સિલિન્ડરો એક પછી એક ફાટ્યા, સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને લોકોને બહાર નીકળવાની તક જ ના મળી

**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશના ઈન્દોરમાં વહેલી સવારે એક રહેણાંક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળતા આઠ લોકોના મોત થયા છે. ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ પોઈન્ટમાં થયેલા વિસ્ફોટને કારણે આગ લાગી હતી, જેણે જોતજોતામાં આખા મકાનને ઝપેટમાં લઈ લીધું હતું.

મધ્યપ્રદેશના ઈન્દોરના બ્રિજેશ્વરી એનેક્સ વિસ્તારમાં બુધવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના બની છે. એક બહુમાળી મકાનમાં લાગેલી ભીષણ આગમાં આઠ રહેવાસીઓએ જીવ ગુમાવ્યા છે. ઘટનાની જાણ થતા જ જિલ્લા મેજિસ્ટ્રેટ શિવમ વર્મા અને પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, આ મકાનની બહાર એક ઈલેક્ટ્રિક વ્હીકલ



ચાર્જ થઈ રહ્યું હતું. ચાર્જિંગ પોઈન્ટમાં અચાનક વિસ્ફોટ થતા આગ લાગી હતી.

આ આગ ઝડપથી મકાનમાં ફેલાઈ ગઈ હતી. પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે મકાનની અંદર રાખવામાં આવેલા ૧૦ થી વધુ ગેસ સિલિન્ડરો એક પછી એક ફાટ્યા હતા. સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને લોકોને બહાર નીકળવાની તક જ મળી નહોતી.

મકાન મનોજ પુગાલિયા નામની વ્યક્તિનું હોવાનું સામે આવ્યું છે, જેઓ પોલીમરનો વ્યવસાય કરે છે. તેમણે મકાનમાં જ જ્વલનશીલ કેમિકલ્સ અને પોલીમરનો જથ્થો રાખ્યો હોવાથી આગ મિનિટોમાં આખા બિલ્ડિંગમાં પ્રસરી ગઈ હતી. આસપાસના લોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા ત્રણ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા, પરંતુ સાત લોકો અંદર જ ફસાઈ ગયા હતા.

ઈન્દોર કલેક્ટર શિવમ વર્માએ જણાવ્યું કે, ‘‘આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. બે માળ ક્લિયર કરી દેવાયા છે અને ત્રીજા માળે તપાસ ચાલુ છે. અત્યાર સુધીમાં ૭ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.‘‘ ફાયર ફાઈટરો અને ની ટીમો કાટમાળમાં હજુ પણ કોઈ ફસાયેલું છે કે કેમ તેની તપાસ કરી રહી છે. શાંત રહેણાંક વિસ્તાર અત્યારે ચીખ અને આક્રંદથી ગુંજી રહ્યો છે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ''ગળામાં હડ્ડી'' ફસાયા જેવો ટ્રમ્પનો ઘાટ

# ફક્ત ત્રણ કિમીનો દરિયાઈ માર્ગ ખેડવા અમેરિકાને અન્ય દેશોથી ''અલગ'' પાડી દીધું

## હોર્મુઝની સામુદ્રધુનીમાં યુદ્ધના વાદળો – ટ્રમ્પની 'ગઠબંધન' રણનીતિ સામે સાથી દેશોના સવાલો

વિશ્વના અર્થતંત્રની જીવાદોરી સમાન ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની)માં સર્જાયેલી નાકાબંધી હવે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે 'ગળામાં ફસાયેલા હાડકા' જેવી સાબિત થઈ રહી છે. ટ્રમ્પ ઈચ્છે છે કે વિશ્વના તમામ શક્તિશાળી દેશો પોતાની નૌસેના મોકલીને આ માર્ગ ખોલાવે, પરંતુ જમીની હકીકત એ છે કે આ રસ્તો ખોલાવવાના ચક્કરમાં અમેરિકા પોતે જ વૈશ્વિક સ્તરે એકલું પડી ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે.

હોર્મુઝનો આ દરિયાઈ માર્ગ એટલો સાંકડો છે કે તેની શિપિંગ લેન માત્ર બે નોટિકલ માઈલ (આશરે ૩ કિમી) પહોળી છે. આટલા નાના વિસ્તારમાં ઈરાને પાથરેલી સુરંગો અને ડ્રોન હુમલાના ભયે અમેરિકાના પરંપરાગત સાથી દેશોને પણ વિચારતા કરી દીધા છે. ટ્રમ્પે જાપાન, દક્ષિણ કોરિયા અને યુરોપિયન રાષ્ટ્રો પાસે મદદ માંગી છે, પરંતુ જર્મની અને ફ્રાન્સ જેવા દેશોએ સ્પષ્ટ કહી દીધું છે કે, ''આ અમારું યુદ્ધ નથી.'' જર્મનીના રક્ષણ મંત્રીએ તો ત્યાં સુધી કહી દીધું કે જે કામ અમેરિકાની શક્તિશાળી નેવી નથી કરી શકતી, તે અમારા થોડા જહાજો શું કરી લેવાના?

હોર્મુઝમાં અવરોધ આવતાની સાથે જ એશિયાઈ દેશોમાં ફાળ પડી છે. શ્રીલંકાએ ઈંધણનું રેશનિંગ શરૂ કર્યું છે, તો થાઈલેન્ડ અને ફિલિપાઈન્સ જેવા દેશો હવે અમેરિકાની સૂચનાઓ અવગણીને રશિયા પાસેથી તેલ ખરીદવા મજબૂર બન્યા છે. ભારત પણ આ સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે કારણ કે ખાતર અને તેલની અછત સીધી ખેતી અને પરિવહનને અસર કરી શકે છે.




### શા માટે આ માર્ગ 'ગળાની હડ્ડી' બન્યો?

**લશ્કરી મડાગાંઠ:** ઈરાન પાસે આધુનિક મિસાઈલો અને દર મહિને ૧૦,૦૦૦ ડ્રોન બનાવવાની ક્ષમતા છે. હોર્મુઝના પહાડી કિનારાઓ ઈરાની સેનાને છુપાઈને હુમલો કરવાની કુદરતી સુરક્ષા આપે છે. જો અમેરિકા હુમલો કરે તો ઈરાન આખા જળમાર્ગને કાયમી ધોરણે ઠપ્પ કરી શકે તેમ છે.

**આર્થિક ફટકો:** વિશ્વના કુલ તેલ પુરવઠાનો ૨૦% અને ખાતરનો ૩૩% જથ્થો અહીંથી પસાર થાય છે. જો ટ્રમ્પ આક્રમક બને અને યુદ્ધ લાંબુ ખેંચાય, તો દુનિયાભરમાં ૧૯૭૦ના દાયકા જેવી ભયાનક મોંઘવારી અને આર્થિક મંદી આવવાનું નક્કી છે.

હોર્મુઝની કટોકટીને કારણે ઉછળેલા તેલના ભાવોને કાબૂમાં લેવા માટે વિશ્વભરના દેશોએ યુદ્ધના ધોરણે કટોકટીના પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. જાપાન સરકારે તેની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય તેલ અનામતમાંથી ૮૦ મિલિયન બેરલનો જથ્થો બજારમાં ખુલ્લો મૂક્યો છે. બીજી તરફ, દક્ષિણ કોરિયાએ વીજળીની માંગને પહોંચી વળવા પરમાણુ ઊર્જાનો વપરાશ વધારવાની સાથે કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સ પરના જૂના નિયંત્રણો હટાવી દીધા છે.

અંતે, હોર્મુઝની આ સાંકડી પટ્ટીમાં ટ્રમ્પની રાજદ્વારી અને લશ્કરી પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. જો જલ્દી કોઈ રાજદ્વારી ઉકેલ નહીં આવે, તો આ 'ગળાની હડ્ડી' ટ્રમ્પ વહીવટીતંત્ર માટે ભારે મુશ્કેલીઓ સર્જી શકે છે.

### 'આ અમારું યુદ્ધ નથી': અમેરિકાના સાથી દેશોએ સ્પષ્ટ સંભળાવ્યું

**જાપાન:** વડાપ્રધાન ટકાઈચીએ જણાવ્યું કે જહાજોની સુરક્ષા માટે ખાડીમાં નૌકાદળ મોકલવાની હાલ કોઈ યોજના નથી. તેઓ આ અઠવાડિયે ટ્રમ્પ સાથે વાતચીત કરવા વોશિંગ્ટન જશે.

**ઓસ્ટ્રેલિયા:** પરિવહન મંત્રી કેથરીન કિંગે કહ્યું કે તેઓ નૌકાદળના જહાજો મોકલશે નહીં, કારણ કે તેમને આવી કોઈ વિનંતી મળી હોય તેની જાણ નથી.

**દક્ષિણ કોરિયા:** રાષ્ટ્રપતિના કાર્યાલયે જણાવ્યું કે તેઓ આ વિનંતીની સમીક્ષા કરી રહ્યા છે. બંધારણ મુજબ, વિદેશમાં સૈન્ય મોકલવા માટે સંસદની મંજૂરી જરૂરી છે.

**યુરોપિયન યુનિયન (EU):** વિદેશ મંત્રીઓ પશ્ચિમ એશિયામાં નાના નૌકાદળ મિશનને મજબૂત કરવા માટે સોમવારે બેઠક કરશે, પરંતુ હોર્મુઝની સામુદ્રધુનીમાં ભૂમિકા વધારવા અંગે ચર્ચા થવાની શક્યતા ઓછી છે.

**જર્મની:** સંરક્ષણ મંત્રી બોરિસ પિસ્ટોરિયસે સ્પષ્ટ કર્યું કે જર્મની આ સુરક્ષા કામગીરીમાં સામેલ થશે નહીં. તેમણે કહ્યું, ''ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપના થોડાક જહાજો પાસે એવું શું કરાવવા માંગે છે જે શક્તિશાળી અમેરિકન નેવી નથી કરી શકતી? આ અમારું યુદ્ધ નથી, અમે આ શરૂ કર્યું નથી.

**ડેનમાર્ક:** વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસેને કહ્યું કે આ બાબતે ખુલ્લા મનથી વિચારવું વધુ ડહાપણભર્યું રહેશે.

**ઈટાલી:** વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાનીએ જણાવ્યું કે ઈટાલીનું કોઈ પણ નૌકાદળ મિશન એવું નથી જે આ વિસ્તાર સુધી લંબાવી શકાય.

**ગ્રીસ:** સરકારી પ્રવકતાએ કહ્યું કે ગ્રીસ આ વિસ્તારમાં કોઈ પણ સૈન્ય કાર્યવાહીમાં જોડાશે નહીં.

# રામ નવમીથી અષાઢી બીજ સુધી સમસ્ત કડવા પાટીદારો કરશે ઉમા શારદા અનુષ્ઠાન

## મંત્ર જાપ બુક અને પવિત્ર ઉમા ઈંટ રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર શૈક્ષણિક સંકુલોના નિર્માણમાં કરાશે ઉપયોગ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતું રાજકોટ શહેરમાં મોટી સંખ્યામાં કડવા પાટીદારોના વસવાટ કરી રહયા છે. આગમી તા. ૨૧ થી ૨૫ માર્ચ રાજકોટ થી ૧૩ કી.મી. દુર આવેલા ઈશ્વરીયા ખાતે ઉમિયા માતાજી મંદિર દ્વારા ૩૨ વિધા જમીનમાં નિર્માણાધીન જીવન વિદ્યાપીઠનું ભૂમીપૂજન, ૨૫ કુંડી મહાયજ્ઞ, તથા રાજકોટ શહેના જ્ઞાતિ સમૂહ ભોજન તથા ભૂમિ દાતાઓના સન્માન સહીતનો ત્રિવેણી સમારોહ પ્રસંગે ઉમિયાધામ સિદસર દ્વારા પણ ધાર્મીક ઉત્સવોને સમાજ વિકાસ સાથે જોડી એક નવતર અભિગમ દ્વારા સામાઠક, શૈક્ષણિક અને સંગઠનની કેડી કંડારી છે.

સમાજ વ્યવસ્થાને મજબુત બનાવી સંગઠન થકી સમાજનો વિકાસ સાધવાનો ધ્યેય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અગ્રસર રહયો છે. તેમ જણાવતા ઉમિયાધામ સિદસરના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ કહયુ છે કે

ઉમિયાધામ સિદસર

સમાજના વિકાસ માટે પાયાની જરૂરીયાત શિક્ષણનો વિકાસ છે. મા ઉમિયાની આરાધના સાથે સરસ્વતીની સાધના થકી નવી પેઢી શિક્ષિત-દિક્ષીત બની સમાજ અને રાષ્ટ્રવિકાસમાં ભાગીદાર બને તે હેતુસર રામનવમી થી અષાઢી બીજ તા. ૨૬ માર્ચ થી ૧૬ જુલાઈ-૨૦૨૬ દરમ્યાન ૧૧૧ દિવસ ઉમા-શારદા અનુષ્ઠાન અભિયાનનો નવતર પ્રયોગ કરાશે. સમગ્ર સૌરાષ્ટ્ર- ગુજરાતના તમામ શહેર તાલુકા ગ્રામ્ય સંગઠન સમિતિ દ્વારા ઉમાઈટ, મંત્ર લેખન બુક, પત્રિકા, સ્ટીકર, રેશમી કાપડ, કુભાંનાડુ, સહીતની કીટ તમામ કડવા પાટીદારોના ઘેર-ઘેર રામનવમી પહેલા પહોંચાડવાની કામગીરી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. ઉમા-શારદા અનુષ્ઠાનની વિગતો આપતા ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા, ચિમનભાઈ શાપરીયા, મંત્રી જયેશભાઈ પટેલ એ જણાવ્યુ છે કે કડવા પાટીદારો દ્વારા 'ઉમિયા આરાધના સરસ્વતી સાધના' ના પ્રકલ્પને સાર્થક કરવા રામનવમી થી અષાઢી બીજ ૧૧૧ દિવસના ઉમા શારદા અનુષ્ઠાનમાં સૌરાષ્ટ્રના ૨ લાખથી વધુ ઉમિયા પરિવારો દ્વારા ૫૧ કરોડ મંત્રનું લેખન થશે. તમામ પરિવારોને મંત્ર લેખન બુક પહોંચાડવામાં



આવશે. જેમા લાલ રંગની શાહીથી ૨૫.૫ કરોડ 'શ્રી ઉમિયાય નમઃ' અને ૨૫.૫ કરોડ 'શ્રી શારદાય નમઃ' મંત્રનું લેખન થશે. સૌરાષ્ટ્રના તમામ શહેરો અને ગામોમાં ઉમાઈંટ પહોંચાડવામાં આવશે. જેને કીટમાં સાથે આપેલ કપડામાં વીંટાળી, સ્ટીકર લગાવી, નાડાછડીથી બાંધીને ઘરના મંદિરમાં પૂજા સ્થળે પધરાવવી દરરોજ મંદિરમાં દિવાબતી કરતી સમયે સમાજના શૈક્ષણીક વિકાસ અને શુભમંગલની પ્રાર્થના કરવી. સમયોચિત મંત્ર લેખન કરવું. ઘરમાં ઉમાઈટના પૂજન દરમ્યાન વિશેષ રૂપે ઘરના બાળકો વિદ્યાર્થીઓને જોડવા. ૧૧૧ દિવસ બાદ અષાઢી બીજના દિવસે દરેક ગામમાં એક સાથે, એક સમયે, ઉમાઈટ મહાપૂજનનો કાર્યક્રમ યોજાશે. ઉમા શારદા અનુષ્ઠાનના ૧૧૧ દિવસ દરમ્યાન તમામ ગ્રામ્ય-તાલુકા કક્ષાએ શિક્ષણ જાગુતિ સાથે ધાર્મિક, સામાજીક કાર્યક્રમો તથા સેમિનારા-સંમેલનોનું આયોજન કરવામાં આવશે. જેમાં આરોગ્ય જાગૃતિ, વ્યસનમૂક્તિ, પ્રાકૃતિક કૃષિ જેવા વિષયોને આવરી લેવામાં આવશે.દાતાઓના તબકકાવાર મળતા દાનમાંથી ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા રાજકોટના શૈક્ષણિક પ્રોજેકટ ઉપરાંત દ્વારકા, સોમનાથ અને સિદસર ખાતેના પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી. આગામી તા. ૨૧ થી ૨૫ દરમ્યાન 'ત્રિવેણી સમારોહ' માં ઈશ્વરીયા ખાતે ૩૨ વિધા જમીનમાં નિર્માણાધીન શૈક્ષણિક સંકુલમાં અદ્યતન સુવિધાઓથી સભર 'જીવન વિદ્યાપીઠ - રાજકોટ' નું ભૂમી પૂજન કરવામાં આવશે. ઉમિયાધામ સિદસરના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ ભાવિ પેઢીના ઉજજવળ ભવિષ્ય માટે પાટીદાર વિઝન ૨૦૪૭ અંતર્ગત 'વન વિલેજ ટેન ઓફીસર' એક ગામ દસ અધિકારી ના સૂત્રને આગામી ૧૯ વર્ષમાં સાર્થક કરવા સહીયારો સંકપ કરી ઉમિયા આરાધના સરસ્વતી સાધના દ્વારા આ ઉમા શારદા અનુષ્ઠાનને વધાવી લઈ સફળ બનાવવા હાંકલ કરી છે. ઉમા શારદા અનુષ્ઠાન અંતર્ગત ઉમાઈટ સહીતની કીટ ઘેર-ઘેર પહોંચાડવાની કામગીરી શહેર જીલ્લા તાલુકા અને ગ્રામ્ય કક્ષાની ઉમિયા સંગઠન સમિતિ અને મહિલા સંગઠન સમિતના ભાઈઓ બહેનો દ્વારા કરવામાં આવશે.

### શિક્ષણ સમાજના વિકાસ માટે પાયાની જરૂરીયાતઃ પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી

# શહેર ભાજપ દ્વારા સોશિયલ મીડિયા અને આઈ.ટી. સેલના ઈન્ચાર્જ - કારોબારી સભ્યો જાહેર

### તમામ નવનિયુકિત હોદેદારોને શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે



**અબતક, રાજકોટ**

શહેર ભાજપ સોશીયલ મીડીયા અને આઈ.ટી. સેલનાં રાજકોટ મહાનગરના સહઈન્ચાર્જ તથા શહેર કારોબારીના નામની જાહેરાત કરવામાં આવી છે. શહેર ભાજપ સોશીયલ મીડીયાના શ્યામભાઈ ડાભીઅનેઆઈ.ટી.સેલના ઈન્ચાર્જ નીખીલ રાઠોડસાથે સંકલન અને વિચારવિમર્શ કરી રાજકોટ મહાનગર સોશીયલ મીડીયાના રાજકોટ મહાનગરના સહઈન્ચાર્જ પુષ્પકકુમાર જૈન, અમિતભાઈ બાવળેચાતથા રાજકોટ શહેર કારોબારીમાં શુભમ વરીયા, મિહિરભાઈ ગોંડલીયા(પટેલ), હેમલભાઈ વ્યાસ, પરાગભાઈ સંચાણીયા, રાજદીપભાઈ શાહ, અરવિંદભાઈ પાનસુરીયા, અમિતભાઈ જાવીયા, હિમાંશુભાઈ બારોટ, દર્શનભાઈ કાછડીયા, જયભાઈ વડગામા, જીતુભાઈ રાવલ અને ભાજપઆઈ.ટી. સેલના મહાનગરનાસહ ઈન્ચાર્જ જસ્મીન મકવાણા, ગૌરવ અમીપરાતથા શહેર કારોબારીના ધૈર્ય પરસાણા, વિકલ્પ હાથી, મહેશ રાઠોડ, ભાર્ગવ ચૌહાણ, યશ ત્રિવેદી, અર્પિત ગણાત્રા, પાર્થિવ સોલંકી, રવિ લીંબાસીયા, પ્રતિક ચૌહાણ, રીપલ મહેતા, રોહન જેસાણીની વરણી જાહેર કરવામાં આવેલ છે. આ નવનિયુકત સોશીયલ મીડીયા અને આઈ.ટી.સેલનીટીમોને શહેર ભાજપ પ્રમુખ પ્રદેશ મહામંત્રી અને રાજકોટ શહેર સંગઠન પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે,શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા,પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી,કમલેશ મિરાણીસહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી.

# વિહિપ પ્રેરિત ''રામોત્સવ રથયાત્રા સમિતિ''ના અધ્યક્ષ તરીકે કૌશિક સરધારા અને ઉપાધ્યક્ષપદે સુજીત ઉદાણીની વરણી

### ધર્મયાત્રાના અધ્યક્ષ તરીકે દિપકભાઈ બાબરીયાની નિમણુંક કરાય

**અબતક, રાજકોટ**

વિહિપ દ્વારા અનેક વર્ષોથી રામનવમીનો ઉત્સવ ખુબ જ ભવ્ય રીતે રાજકોટમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ રામનવમીની ઉજવણી ભવ્ય રીતે થાય તેવા પ્રયત્નો રામોત્સવ રથયાત્રા સમીતી - ૨૦૨૬ દ્વારા કરવામા આવી રહ્યા છે.રામોત્સવ રથાયત્રા સમિતિના અધ્યક્ષ તરીકે કૌશીકભાઈ સરધારા, સુજીતભાઈ ઉદાણીને ઉપાધ્યક્ષ તથા દિપકભાઈ બાબરીયાને ધર્મયાત્રાના અધ્યક્ષ તરકે નિમણુંક કરવામા આવી હતી. તેવું વિશ્વ હિન્દુ પરિષદ રાજકોટ વિભાગના સહ મંત્રી પરેશભાઈ રૂપારેલિયાએ જણાવ્યું હતું. કૌશિકભાઈ ખુબ જ ઉત્સાહી, સેવાભાવી અને ધર્મનિષ્ઠ વ્યક્તિ છે. તેઓ હિન્દુ સનાતન પરંપરા અનુસાર થતા દરેક ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃત્તિક કાર્યક્રમોમા તન, મન, ધનથી સેવા આપવા હમેંશને માટે તત્પર હોય છે. તેઓ વિશ્વ હિન્દુ પરિષદમાં રાજકોટ પશ્ચિમ જિલ્લામાં જીલ્લાના મંદિર અર્ચક પુરોહીત સંપર્ક પ્રમુખ તરીકેની જવાબદારી પણ કુશળતા પુર્વક નિભાવી રહ્યા છે. કૌશિકભાઈ જેઓ પ્રમુખ બિલ્ડર્સના માલિક છે.

સુજીતભાઈ ઉદાણી ખુબ જ સેવાભાવિ અને કર્મ નિષ્ઠ વ્યક્તિત્વ ધરાવે છે. સમાજ સેવા અને રાષ્ટ્રહિતના કાર્યોમાં હમેંશા અગ્રેસર રહે છે. તેઓ વ્યવસાયે બિલ્ડર છે. તેઓ પોતાની પારીવારિક, વ્યવસાયિક અને સામાજીક જવાબદારીઓને ખુબ જ કુશળતા પુર્વક નિભાવીને સમાજમાં આગવી ઓળખ ધરાવે છે. તેઓ રાજકોટ બિલ્ડર એસોસીયેશનના મંત્રી ઉપરાંત ગુજરાત બિલ્ડર એસોસીયેશનના ઉપાધ્યક્ષ પદે પણ જવાબદારી નિભાવે છે. દિપકભાઈ બાબરીયા પોતે કોળી સમાજના અગ્રણી છે. તેઓ અનેક પ્રકારની ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહે છે. ગૌમાતા પ્રત્યે અનેરો પ્રેમ ધરાવતા દિપકભાઈ પ્રખર ગૌ ભક્ત અને ગૌ સેવક છે. ગૌ સેવા માટે તેઓ સતત અને હર હમેંશ તૈયાર રહે છે. વ્યવસાયે તેઓ બિલ્ડર છે. આ વર્ષે રામનવમી નિમિતેની રામોત્સવ રથયાત્રાને અનેરી અને અનોખી બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદના અનેક કાર્યકર્તાઓ અને સ્વયંસેવકો તનતોડ મહેનત કરી રહ્યા છે. પહેલા કરતા કાઈક નવું અને વિષેશ કરવાની ઈચ્છા ધરાવતા કાર્યકર્તાઓની બેઠકોનો દોર ચાલુ થઈ ગયો છે. જેમા હેનિલસિંહ પરમાર, મનિષભાઈ વડેરીયા, દિનેશભાઈ ચારણીયા, હર્ષ મુથ્રેજા, ધનરાજભાઈ રાઘાણી, રવિન્દ્રભાઈ બડગુજર, લલીતભાઈ ગોહેલ, ધ્વનિતભાઈ સરવૈયા, જયદીપભાઈ વિસપરા, પ્રદીપભાઈ ચૌહાણ, ડો.રવીભાઈ પાટડીયા, જીતેન્દ્રભાઈ વેગડા, ધર્મેશભાઈ ગોહેલ, અંકુરભાઈ, રાહુલભાઈ જાની, વિપુલભાઈ ગક્કર, સંજયભાઈ ગઢવી, કુલદીપભાઈ બારોટ ઉપરાંત મીતાબેન સોમૈયા, સોનલબેન ચારણીયા, મનિષાબેન પંડ્યા વગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.


કૌશિકભાઈ સરધારા | સુજીતભાઈ ઉદાણી | દીપકભાઈ બાબરીયા

## સ્પોર્ટ્સ અબતક

### આઈપીએલ શરૂ થાય તે પહેલા જ

# ઈજાગ્રસ્ત ખેલાડીઓ બેંગ્લોર, કોલકતા અને હૈદ્રાબાદ માટે માથાના દુઃખાવા સમાન બન્યાં!



### કોલકતાનો હર્ષિત રાણા આઈપીએલમાંથી બહાર: પથિરાના પણ ઈજાગ્રસ્ત, ટીમ બંનેનું રિપ્લેસમેન્ટ નહીં લે: રહેમાનની જગ્યાએ મુઝરબાનીને સિલેક્ટ કર્યો

**અબતક, રાજકોટ**

આઈપીલની આગામી સીઝન હવે ૨૮ માર્ચથી શરૂ થશે.બીસીસીઆઈએ જાહેરાત કરી છે કે પહેલી મેચ ૨૮ માર્ચે રમાશે. તે દિવસે આરસીબી અને એસઆરએચ બેંગલુરુમાં એકબીજા સામે ટકરાશે. દરમિયાન કેટલાક ખેલાડીઓ સીઝન શરૂ થાય તે પહેલાં તેમની ટીમમાં જોડાવામાં મોડું કરી રહ્યા છે, જે ટીમો માટે મુશ્કેલીઓ વધારી રહ્યું હોય તેવું લાગે છે. હાલમાં બે ટીમોને ઝટકો લાગતો જોવા મળે છે. એવું જાણવા મળ્યું છે કે ૨ ખેલાડીઓ તેમની ટીમમાં મોડા જોડાશે.જોશ હેઝલવુડ વગર કોઈ સમસ્યા તો નથી, પરંતુ બધા જાણે છે કે તેની ગેરહાજરીથી ટીમમાં તેનું સ્થાન કોણ લેશે તે જોવાનું રહેશે. જોશ હેઝલવુડ એક એવો બોલર છે જે ફક્ત થોડી ઓવરમાં જ મેચને પલટવામાં સક્ષમ છે. જો આ ૨ ખેલાડીઓ ઉપલબ્ધ ન હોય તો ટીમમાં તેમના સ્થાને કોને સામેલ કરવામાં આવે છે તે જોવાનું રસપ્રદ રહેશે.દરમિયાન સૌથી મોટું ટેન્શન હૈદ્રાબાદ માટે રહેશે. પેટ કમિન્સ માત્ર ટીમનો મેચ વિનર ફાસ્ટ બોલર જ નથી, પરંતુ તે ટીમનો કેપ્ટન પણ છે. આનો અર્થ એ છે કે ટીમ શરૂઆતની કેટલીક મેચો માટે કેપ્ટન વિના રહેશે. આવી પરિસ્થિતિમાં ટીમને નવો કેપ્ટન શોધવો પડશે. પરંતુ નવો કેપ્ટન કોણ હશે તે અંગે ટીમ દ્વારા હજુ સુધી કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ઈશાન કિશન ટીમની કમાન સંભાળી શકે છે. પરંતુ ઈશાન કિશને ક્યારેય સિનિયર લેવલે કેપ્ટનશીપ કરી નથી, તે ઘરેલુ ક્રિકેટમાં તેની ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો છે. આમ તેને કેપ્ટનશીપ માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

### કેકેઆરને પથિરાના ફિટ થવાની આશા

શ્રીલંકાનો ફાસ્ટ બોલર મથીશા પથિરાના પણ ઈજાના કારણે હાલ ઉપલબ્ધ નથી. જોકે,કેકેઆર તેને રિપ્લેસ કરવા માગતી નથી કારણ કે ફ્રેન્ચાઈઝીને આશા છે કે તે આઈપીએલ દરમિયાન કોઈ સમયે ટીમ સાથે જોડાઈ શકે છે.કેકેઆરએ મેગા ઓક્શનમાં પથિરાનાને ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સોમવારે તેના મેનેજરે કેકેઆર જર્સીમાં તેનો ફોટો શેર કર્યો હતો, જેનાથી તેની ટુર્નામેન્ટમાં રમવાની આશા વધી ગઈ છે.

### પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ શરૂઆતની મેચ નહીં રમે!

ઈન્ડિયન પ્રીમિયર લીગની તારીખોની જાહેરાત સાથે, ટીમોએ તેમના કેમ્પ શરૂ કરી દીધા છે. આ કેમ્પ તે સ્થળોએ ગોઠવવામાં આવી રહ્યા છે જ્યાં તેમની ટીમો સિઝનની તેમની પહેલી મેચ રમશે. આ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન અને શાનદાર ફાસ્ટ બોલર પેટ કમિન્સ તાત્કાલિક ટીમમાં જોડાશે નહીં. તેમના આગમનમાં વિલંબ થવાની ધારણા છે. આ દરમિયાન મીડિયા રિપોર્ટ મુજબ આરસીબીનો ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ પણ સિરીઝની શરૂઆતની મેચો ગુમાવશે.

### આઈપીએલ પહેલા રોહિત શર્મા ફીટ



રોહિત શર્મા ફરી એકવાર તૈયાર છે.આઈપીએલની આગામી સીઝન નજીક છે, અને ટીમોએ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્મા ઈન્ડિયન પ્રીમિયર લીગનીતૈયારી માટે મેદાનમાં ઉતર્યા છે.તેને પ્રેક્ટિસ દરમિયાન ફરી એકવાર આકાશને આંબી ગયેલી સિક્સર ફટકારી. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

રોહિત શર્માની વાત કરીએ તો તે હાલમાં ટીમનો કેપ્ટન નથી, પરંતુ તે થિંક ટેન્કમાં છે. તાજેતરના ભૂતકાળમાં તેની ફિટનેસ અંગે ઘણા સવાલો ઉભા થયા છે, પરંતુ હવે એવું લાગે છે કે તેને તેના પર કામ કર્યું છે. તેથી જ જ્યારે તે તૈયારી માટે મેદાનમાં ઉતર્યો ત્યારે તે એકદમ ફિટ જોવા મળ્યો હતો.

### રાહુલ દિલ્હી કેપિટલ્સ માટે ઓપનિંગ કરશે




આઈપીએલ ૨૦૨૬માં કે એલ રાહુલ ફક્ત દિલ્હી કેપિટલ્સનો ઓપનિંગ બેટ્સમેન જ નહીં, પરંતુ તેમનો વિકેટકીપર પણ હશે. અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી ફ્રેન્ચાઈઝીએ આ બંને પ્રતિબદ્ધતાઓની પુષ્ટિ કરી છે. આઈપીએલ ૨૦૨૫માં કેએલ રાહુલ પ્રથમ ૧૧ મેચોમાં મિડલ ઓર્ડરમાં રમ્યો હતો. પરંતુ જેક ફ્રેઝર મેકગર્કના ખરાબ ઓપનિંગ પ્રદર્શનથી કંટાળીને દિલ્હી ફ્રેન્ચાઈઝીએ કેએલ રાહુલને ઈનિંગની શરૂઆત કરાવી. રાહુલે આ તક ઝડપી લીધી અને ટીમ માટે સારું પ્રદર્શન કર્યું.


# પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંઘર્ષ વચ્ચે પીએસએલ રદ થઈ જશે?

### ઓસ્ટ્રેલિયાએ પોતાના ૧૭ ખેલાડીઓને પાકિસ્તાન ન જવા આપી ચેતવણી: રાવલપિંડી અને પેશાવરના હાઈ-રિસ્ક ઝોનમાં મેચોના આયોજન પર અસમંજસ: સ્મિથ-વોર્નર જેવા દિગ્ગજો હટી જશે તો પીસીબીને થશે કરોડોનું નુકસાન

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૬ શરૂ થાય તે પહેલાં એક મોટા સમાચાર સામે આવ્યા છે જેને ટુર્નામેન્ટને જોખમમાં મૂકી દીધી છે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પાકિસ્તાનના હવાઈ હુમલા બાદ પરિસ્થિતિ તંગ બની ગઈ છે અને હવે મીડિયા રિપોર્ટમ મુજબ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પાકિસ્તાની શહેર પેશાવરની મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે.કાબુલમાં થયેલા હવાઈ હુમલા બાદ જેમાં લગભગ ૪૦૦ લોકો માર્યા ગયા હતા, પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર પરિસ્થિતિ અત્યંત સંવેદનશીલ બની ગઈ છે. વધુમાં ઈરાન-ઈઝરાયલ-યુએસ સંઘર્ષે મુસાફરી પ્રતિબંધો વધારી દીધા છે, જેની અસર પાકિસ્તાન સુપર લીગ પર પડી રહી હોય તેવું લાગે છે.





દરમિયાન સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર, માર્નસ લાબુશેન અને ગ્લેન મેક્સવેલ સહિત ઘણા અગ્રણી ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ પીએસએલ ૨૦૨૬માં રમવાના છે. આ ટુર્નામેન્ટ ૨૬ માર્ચે શરૂ થશે, જે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ના માત્ર ૨ દિવસ પહેલા છે.પેશાવર ઝાલ્મી અને રાવલપિંડી રાઈડર્સ વચ્ચેની મેચ ૨૮ માર્ચે મારન ખાન ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાવાની છે. બંને ટીમોમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ છે. એરોન હાર્ડી ઝાલ્મી સાથે છે, જ્યારે જેક ફ્રેઝર-મેકગર્ક બીજી ટીમનો ભાગ છે. આનાથી મેચ પર સવાલો ઉભા થયા છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જો જરૂરી હોય તો ખાનગી ફ્લાઈટ્સ દ્વારા ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### અફઘાન ખેલાડીઓ પણ રમશે નહીં

પીએસએલ ૨૦૨૬ માટે ખેલાડીઓના ઓકશનમાંથી ઘણા અફઘાન ખેલાડીઓએ પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. મુજીબ ઉર રહેમાન, મોહમ્મદ નબી અને ફઝલહક ફારૂકી જેવા ખેલાડીઓએ આ પગલું ભર્યું હતું.પીએસએલ ૨૦૨૬ પહેલા સુરક્ષા અને રાજકીય તણાવે ટુર્નામેન્ટને મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધી છે. પરંતુ લીગ શેડ્યૂલ મુજબ શરૂ થવાની છે, પરંતુ વિદેશી ખેલાડીઓની સંપૂર્ણ ભાગીદારી પ્રશ્નાર્થમાં છે. હવે બધાની નજર તેના પર રહેશે કે પરિસ્થિતિ સુધરે છે કે પીએસએલ ફરીથી શેડ્યૂલ અને સ્થળો બદલવાની ફરજ પાડવામાં આવશે.

# હોકી વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન ગ્રુપ સ્ટેજમાં સામસામે ટકરાશે

### એફઆઈએચ હોકી વર્લ્ડકપ-૨૦૨૬ ૧૫ થી ૩૦ ઑગસ્ટ દરમિયાન નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં યોજાશે



**અબતક, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ જોવાના રસિયાઓ માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. આગામી વર્ષે 'હોકી વર્લ્ડકપ-૨૦૨૫' શરુ થાય તે પહેલા આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘે 'એફઆઈએચ પ્રો લીગ'નું શેડ્યુલ જાહેર કર્યું છે.

કાર્યક્રમ મુજબ, ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ બાદ હવે હોકીના મેદાનમાં સામસામે ટક્કર થવાની છે.

બંને દેશો વચ્ચે જૂન મહિનામાં હોકી મેચ રમાવાની છે.

એફઆઈએચ દ્વારા ૨૦૨૬ એફઆઈએચ પુરુષોના હોકી વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજનું ડ્રો જાહેર કરવામાં આવ્યું છે, અને તેમાં ભારત અને પાકિસ્તાન બંનેને એક જ પૂલમાં મૂકવામાં આવ્યા છે. આ મેચ બંને દેશો વચ્ચેની પરંપરાગત હરીફાઈને ફરી એકવાર વેગ આપશે!

ભારતીય ટીમનો યુરોપિયન પ્રવાસ જૂનમાં શરુ થશે. ૧૩થી ૨૧ જૂન ભારત નેધરલેન્ડ્સમાં ઓલિમ્પિક ચેમ્પિયન નેધરલેન્ડ્સ અને વર્લ્ડ ચેમ્પિયન જર્મની સામે ટકરાશે. ત્યારબાદ ટીમ ૨૩થી ૨૮ જૂન સુધી ઈંગ્લેન્ડ જશે, જ્યાં તેનો મુકાબલો યજમાન ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન સામે થશે. આ મેચ પર ખાસ કરીને ક્રિકેટ અને હોકી બંનેના ચાહકોની નજર રહેશે.

ભારત અને પાકિસ્તાન તાજેતરમાં બિહારમાં રમાયેલા એશિયા કપમાં સામસામે થવાના હતા.

જોકે, પાકિસ્તાને સુરક્ષા કારણોનો હવાલો આપીને ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પરત ખેંચી લીધું હતું. પ્રો લીગની છેલ્લી સિઝનમાં ભારત આઠમાંથી સાત મેચ હારી ગયું હતું,

જેના કારણે ભારત નવ ટીમોમાંથી આઠમા સ્થાને રહ્યું હતું. એફઆઈએચ હોકી વર્લ્ડકપ-૨૦૨૬ ૧૪થી ૩૦ ઑગસ્ટ દરમિયાન નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં યોજાશે.

# વિમેન્સ વન-ડે ક્રમાંકમાં મંધાના મોખરાના સ્થાને યથાવત



અબતક, રાજકોટ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ મંગળવારે જારી કરેલા વિમેન્સ વન-ડે ક્રમાંકમાં ભારતની સ્ટાર ઓપનર અને વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ તેનો મોખરાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો તો વિમેન્સ ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌર હવે સાતમા સ્થાને પહોંચી ગઈ છે. ન્યૂઝીલેન્ડની દિગ્ગજ ખેલાડી સોફી ડિવાઈન બે સ્થાન નીચે ઉતરીને નવમા ક્રમે આવતા હરમનપ્રિત કૌર એક સ્થાનના સુધારા સાથે સાતમા સ્થાને પહોંચી છે. ભારતની પ્રતિભાશાળી બેટર જેમિમાહ રોડ્રિગ્સ ૧૨મા ક્રમે ટકી રહી છે.ન્યૂઝીલેન્ડની બેટર મેડી ગ્રીને ઝિમ્બાબ્વે સામેની આઈસીસીસ વિમેન્સ ચેમ્પિયનશિપ સિરીઝની અંતિમ મેચમાં ૯૪ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. જેને કારણે તેને રેન્કિંગમાં નોંધપાત્ર ફાયદો થયો છે. ડ્યુનેડિનમાં રમાયેલી આ મેચમાં ૩૩ વર્ષીય ગ્રીનની ૭૩ બોલની ઈનિંગ્સે ન્યૂઝીલેન્ડને ૨૦૦ રનનો વિશાળ વિજય હાંસલ કરવામાં મદદ કરી હતી, જેનાથી તેની ટીમ ૩-૦થી શ્રેણી જીતી શકી હતી.

(અનું.આઠમાં પાને)

# બીસીસીઆઈએ એ-પ્લસ કેટેગરી દૂર કરતા બુમરાહને બે કરોડનો ફટકો પડશે!



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ખેલાડીઓના કેન્દ્રીય કોન્ટ્રાક્ટમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ગયા મહિને બીસીસીઆઈ દ્વારા એ + કેટેગરીને સંપૂર્ણપણે ખતમ કરી દીધી છે અને હવે માત્ર ત્રણ કેટેગરી રાખવામાં આવી છે. આ ફેરફારને કારણે ભારતના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની એ પ્લસ કેટેગરીમાંથી બહાર નીકળવાથી તેમના વાર્ષિક પગારમાં ૨ કરોડનો અંતર પડ્યો છે. આ કારણે બીસીસીઆઈ હવે પગારની રચનાને ફરીથી જોવાની વિચારણા કરી રહ્યું છે.પહેલાંની વ્યવસ્થા અનુસાર એ+ કેટેગરીમાં વાર્ષિક ₹૭ કરોડ મળતા હતા.એ કેટેગરીમાં ₹૫ કરોડ મળતા હતા.આથી એ +માંથી એમાં આવવાથી બુમરાહના પગારમાં ₹૨ કરોડનો ઘટાડો થઈ શકે છે. પરંતુ બીસીસીઆઈના અધિકારીઓએ પહેલાં જણાવ્યું હતું કે બુમરાહ જેવા ઓલ-ફોર્મેટ ખેલાડીઓને કોઈ પગાર કાપ નહીં કરવામાં આવે, કારણ કે તેઓ ત્રણેય ફોર્મેટમાં ભારતના પેસ અટેકનું નેતૃત્વ કરે છે, ભલે વર્કલોડ મેનેજમેન્ટને કારણે કેટલીક મેચો ચૂકી જાય.



# બીજી ટી-૨૦માં આફ્રિકાને હરાવી કિવિએ સિરીઝ સરભર કરી

### ન્યૂઝીલેન્ડના ૧૭૫ રનના સ્કોર સામે સાઉથ આફ્રિકા ૧૦૭માં આઉટ, કોનવે ઝળક્યો: ત્રીજી ટી-૨૦ મેચ શુક્રવારે

**અબતક, રાજકોટ**

ડેવોન કોનવેના શાનદાર ૬૦ રન બાદ લોકી ફર્ગ્યુસન અને બેન સિયર્સની વેધક બોલિંગની મદદથી ન્યૂઝીલેન્ડે રમાયેલી બજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી સાઉથ આફ્રિકાને ૬૮ રનથી હરાવીને પાંચ મેચની ટી૨૦ સિરીઝનો સ્કોર ૧-૧ સરભર કરી દીધો હતો. અગાઉ રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં કિવિ ટીમનો સાત વિકેટે પરાજય થયો હતો. ન્યૂઝીલેન્ડે મંગળવારે રમાયેલી બીજી ટી૨૦ મેચમાં પ્રથમ બેટિંગ કરીને છ વિકેટે ૧૭૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૧૫.૩ ઓવરમાં માત્ર ૧૦૭ રનમાં આઉટ થઈ ગઈ હતી.કિવિ ઝડપી બોલર્સ બેન સિયર્સ ૧૪ રનમાં ત્રણ તથા લોકી ફર્ગ્યુસને ૧૬ રનમાં ત્રણ વિકેટ લઈને શાનદાર બોલિંગ કરી હતી તો કોનવેએ ૪૯ બોલમાં ૬૦ રન ફટકાર્યા હતા. સાઉથ આફ્રિકા તરફથી એક માત્ર જ્યોર્જ લિન્ડેએ ૧૨ બોલમાં ૩૩ રન ફટકારીને થોડો પ્રતિકાર કર્યો હતો પરંતુ બાકીના બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. સાઉથ આફ્રિકાના કેપ્ટન કેશવ મહારાજે મેચ બાદ સ્વીકાર્યું હતું કે ઝાકળને કારણે પિચમાં પરિવર્તન આવશે તેવી ધારણા ખોટી પડી અને ન્યૂઝીલેન્ડની શાનદાર બોલિંગે તેમને દબાણમાં મૂકી દીધા હતા.ન્યૂઝીલેન્ડ તરફથી જોશ ક્લાર્કસને પણ અંતિમ ઓવરોમાં નવ બોલમાં ૨૬ રનની તોફાની ઈનિંગ્સ રમી હતી. પાંચ મેચની ત્રીજી ટી૨૦ મેચ હવે શુક્રવારે ઓકલેન્ડમાં રમાશે. આ વિજયય સાથે ન્યૂઝીલેન્ડે પાંચ મેચની સિરીઝમાં ૧-૧ની બરાબરી કરી લીધી છે. મંગળવારે ડેવોન કોનવેની અડધી સદી અને બોલરોના શિસ્તબદ્ધ પ્રદર્શનને કારણે પ્રવાસી આફ્રિકન ટીમ મેચમાં ક્યાંય ટકી શકી ન હતી. ઓપનર ડેવોન કોનવેએ ૬૦ રન ફટકારીને પાયો નાખ્યો હતો.

જોકે, મધ્ય ઓવરોમાં પિચ ધીમી પડતા રન નોંધાવવામાં મુશ્કેલી પડી હતી.

# બાર કાઉન્સિલની મત ગણતરીમાં ભારે અપસેટ સર્જાય તો નવાઈ નહીં

## એ એ અન્સારી, જે જે પટેલ અને દિલીપભાઈ પટેલનો એકડાની મતગણતરીમાં વિજય

## નવમા દિવસની મતગણતરીમા ૧૯૨૯ મતોનો કોટા પાર કરશે તેના ઉપર મીટ મંડાઈ રહી, નિમિષાબેન ધોત્રે, વંદનાબેન ભટ્ટ અને અમૃતાબેન ભારદ્વાજનો વિજય નિશ્ચિત

**અબતક, રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીના મત ગણતરીના આઠ દિવસ પૂરા થયા છે. હજુ માત્ર ૩ જ ઉમેદવારો એ એ અન્સારી, જે જે પટેલ અને રાજકોટના દિલીપભાઈ પટેલ એકડાની મતગણતરીમાં ચૂંટાયેલા જાહેર થયા છે. જ્યારે બાકીના ત્રણ થી ૨૩ ઉમેદવારો બગડાના મતની ગણતરી દરમિયાન આગળ પાછળ થતા રહ્યા છે. ગઈકાલની યાદી મુજબ પરેશભાઈ વાઘેલા ૧૭૭૮, મનોજભાઈ અનડકડ ૧૭૪૧, પી.ડી પટેલ ૧૭૩૫, કરણસિંહ વાઘેલા ૧૩૦૯ અને ભાવેશભાઈ રબારીને ૧૨૫૦ , હિતેશભાઈ પટેલને ૧૧૪૩, અનિલભાઈ કેલા ૧૦૮૩, મુકેશભાઈ કામદાર ૧૦૭૮, જીગ્નેશભાઈ પટેલ ૧૦૫૭, શંકરસિંહ ગોહિલ ૨૦૧૯, ધર્મેશભાઈ કાજીયા ૧૦૦૯, કિશોરભાઈ ત્રિવેદી, ભરતભાઈ ભગત ૯૯૫, મગનભાઈ ગઢવી ૯૯૨, હરેશ નાકરાણી ૯૩૪, શેખ ઝાંખી ૮૯૩, મગનભાઈ પરમાર ૮૮૩, મોહમ્મદ ઝુબેર પઠાણ ૮૫૫, દીપેન દવે ૮૪૯ અને અનિરુદ્ધસિંહ ઝાલા ૮૩૦ મત પ્રાપ્ત થયા છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે પાંચ મહિલાઓને ૩૦ ટકા અનામતની જગ્યા પર સમાવેશ કરવાનો હોય ઉપરોક્ત ૨૩ માંથી ફક્ત ૧૮ ક્રમાંક નંબર સુધી જેઓ પહોંચી શકશે તેઓને તાજેતરમાં જાહેર કરવામાં આવશે ૧૮ થી ૨૩ નંબર ઉપર મહિલા ઉમેદવારો કે જેવો માત્ર ૫૦૦ થી વધુ મત તો ધરાવે છે તેવા ઉમેદવારનો સમાવેશ કરીને કુલ ૨૩ નો આંકડો પૂરો કરવામાં આવશે અને આ ૨૩ ઉમેદવારો સત્તાવાર રીતે ચૂંટાયેલા જાહેર થયા બાદ ગુજરાત બહાર કાઉન્સિલ ની મીટીંગમાં બે કો ઓપ સભ્યોને પસંદ કરીને કુલ ૨૫ ઉમેદવારો નો સમાવેશ કરવામાં આવશે અને ત્યારબાદ ક્રમશ જેમ જેમ બાર કાઉન્સિલની બેઠકો યોજાશે તેમાં વિવિધ કમિટીઓની રચના કરીને કમિટીઓના ચેરમેન વાઈસ ચેરમેનને છૂટી કાઢવામાં આવશે ગઈકાલે આઠ દિવસની મતગણતરી પૂરી થયેલ પરંતુ હજુ સુધી કોઈ ઉમેદવાર ચોથા નંબરે ચૂંટાઈ આવેલ નથી આજે નવમા દિવસે મત ગણતરી ચાલી રહી છે ત્યારે સાંજ સુધીમાં કોણ ઉમેદવારો ૧૯ ૨૯ મતોનો કોટા પાર કરશે તેના ઉપર મીટ મંડાઈ રહી છે. છેલ્લી માહિતી મુજબ છે પાંચ મહિલા ઉમેદવારો નિમિષાબેન ધોત્રે, વંદનાબેન ભટ્ટ, અમૃતાબેન ભારદ્વાજ, પ્રગતિબેન જોષી અને હિરલબેન પાનવાલા માટે ઉજળા સંજોગો ઊભા થયા છે. ૧ થી ૧૮ નંબરનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ ઉપરોક્ત પાંચ મહિલા ઉમેદવારોને બાદ કાઉન્સિલ ની સત્તાવાર ચૂંટાયેલા જાહેર કરશે તેવું જાણવા મળેલ છે

### અમૃતાબેન મહિલા અનામતના કોટામાં વિજય: જીતની સત્તાવાર જાહેરાત બાકી



ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ૩૨૩૧ અનામત જગ્યા માંથી પાંચ મહિલા ઉમેદવારોની જગ્યા નિશ્ચિત છે ત્યારે રાજકોટ ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી સ્વ અભયભાઈની પુત્રી અમૃતાબેનનો મહિલા અનામતમાં ભવ્ય વિજય થયો છે હાલમાં મતગણતરી ચાલુ તેમની જાતની સત્તાવાર જાહેરાત કરવાની બાકી છે ચાર નંબરની નંબરના ઉમેદવારને વિજય થયા બાદ તેમ જાણવા મળે છે અમૃતાબેન ભારદ્નાજ નાની ઉંમરે બાર કાઉન્સિલની ચૂંટણીમાં પ્રથમવાર ઉમેદવારી નોંધાય છે અને વિજય થયાનો જાણવા મળે છે પાંચ મહિલા ઉમેદવારોમાં હાલ તેઓને પ્રથમ હોવાનું જાણવા મળ્યું છે ૭૨૭ મતે થી ચૂંટાયા છે હજુ મત ગણતરી ચાલી રહી છે. મહિલા વકીલોમા ખુશીની લાગણી જન્મી છે બાર કાઉન્સિલની મતગણતરી પૂર્ણ થયા બાદ તેમની જીતની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે

### બીસીજીમાં દિલીપ પટેલ ત્રીજી વખત પ્રતિનિધિત્વ કરશે

#### બે ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવી પ્રથમ ક્રમાંકે વિજેતા થયા હતા : વિવિધ વકીલ મંડળો દ્વારા શુક્રવારે વિજય સરઘસ



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીની ચાલી રહેલી મતગણતરી દરમિયાન પૂર્વ ચેરમેન અને હાલ બીસીઆઈ સહઅધ્યક્ષદિલીપભાઈ પટેલ પણ ક્વોટા મુજબના મત મેળવીને ત્રીજા નંબરે વિજયી ઘોષિત થતા રાજકોટમાં બાર એસોસિએશનના હોદ્દેદારો સહિત સમર્થક વકીલોમાં ખુશીની લહેર ઉઠી છે.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીની મત ગણતરીમાં બુધવારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ અધ્યક્ષ અને બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન દિલીપભાઈ પટેલે આ પ્રતિષ્ઠાભર્યા જંગમાં આજરોજ ૧૯૨૯ મતનો ક્વોટા પાર પાડી દેતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી કમિટીએ ત્રીજા ક્રમાંકે વિજેતા જાહેર કરેલ છે.હાલની ચૂંટણીમાં અગાઉ આફતાબ અન્સારી અને જે જે પટેલ પ્રથમ અને બીજા નંબરે વિજયી ઘોષિત થયા હતા, જોકે બીસીજીની આ અગાઉની બે ચૂંટણીમાં દિલીપભાઈ પટેલ પ્રથમ ક્રમાંકે સમગ્ર ગુજરાતમા ચૂંટાયેલા જાહેર થયેલ હતા. દિલીપભાઈ પટેલ વકીલોના હમદર્દ તથા હમસફર અને પોતીકા ઉમેદવાર તરીકે વકીલોમાં ગણાય છે. હાલની ચૂંટણીમાં પણ મત ગણતરી પૂર્વે વિજયી ઘોષિત થવા બદલ ઠેર ઠેરથી દિલીપભાઈ પટેલને વોટ્સએપ તથા ફોનથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.તેમજ દિલીપભાઈ પટેલના સમર્થકો લીગલ સેલ, રેવન્યુ બાર એસોસિએશન, ક્લેઈમ બાર એસોસિએશન, નોટરી બાર એસોસિએશન, મહિલા બાર એસોસિએશન દ્વારા તા ૨૦-૦૩-૨૦૨૬ ને શુક્રવારે સવારે ૧૦:૩૦ વાગ્યે વિજય સરઘસ કાઢવાનું નક્કી કરેલ છે.

### મતગણતરીમાં પારદર્શિતાનો અભાવ હોવાનો ઉમેદવારે વાંધા સાથે હાઈકોર્ટમા કરી રાવ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઉમેદવાર શિતલ પી. ઉપાધ્યાયે મહિલા અનામત અંગે રજૂઆત કરી છે. મતગણતરી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓ, અસ્પષ્ટતા અને પારદર્શિતાના અભાવ અંગે ગંભીર વાંધા ઉઠાવ્યા છે. હાઈકોર્ટના જસ્ટિસને તાત્કાલિક અરજી કરી છે. મતગણતરી પ્રક્રિયામાં ઉમેદવારો તથા એજન્ટોને ઉપસ્થિત રહી ચકાસણીની પરવાનગી અપાઈ નથી, પ્રથમ પસંદગીના મતોની ગણતરીની પદ્ધતિ પારદર્શક રીતે દર્શાવાઈ નથી, રિજેક્ટેડ બેલેટ પેપર્સ બતાવાયા નથી, બેલેટ બોક્સના સંગ્રહ, સ્ટ્રોંગ રૂમના સીલિંગ-ઓપનિંગ અંગે ગંભીર પ્રશ્નો છે. મતગણતરી પ્રક્રિયા પર સ્થગિત બેલેટ પેપર્સ, બોક્સ, રિજેક્ટેડ બેલેટ્સ સહિતનું સંરક્ષણ કરવા વિનંતી કરી છે. આ અરજી કોપી ચીફ રિટર્નિંગ ઓફિસર હસમુખ પરીખ તથા એડવોકેટ જનરલ કમલ બી. ત્રિવેદીને પણ મોકલાઈ છે.

# તરઘડી ગામે પિતાની હત્યાના ગુનામાં પુત્રીની જામીન અરજી રદ

## મળવા આવેલા પિતાનું પુત્રી, જમાઈએ ધોકો, સળિયાથી ઢીમ ઢાળી દીધું હોવાના અને પુરાવાના નાશ કર્યાના સીસીટીવી ફૂટેજ ઉપરાંત નજરે જોયા સાહેદનું બનાવને સમર્થન

**અબતક, રાજકોટ**

પડધરીના તરઘડી ગામે નવેક માસ પહેલાના બનાવમાં મોરબીના ધુંટુ ગામેથી મળવા આવેલા પિતાની લાકડી, લોખંડનો સળિયો ઝીંકી હત્યા કરવાના ગુનામાં જેલહવાલે થયેલા પુત્રી-જમાઈ પૈકી પુત્રીએ કરેલી રેગ્યુલર જામીન અરજી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ, પડધરીના સુવાગ ગામે ખીરસરા રોડ ઉપર આવેલ શનીદેવ મંદિર પાસે રોડની બાજુમાં અજાણ્યા પુરૂષની લાશ પડેલ હોવાની સરપંચના પ્રતિનિધિએ પડધરી પોલીસને જાણ કરતા પોલીસની તપાસમાં ગુજરનારની ઓળખ હિંમતસિંહ વીરસંગ ડામોર (રહે. જી. જાંબવા, મ.પ્ર.) હોવાનું અને તે સુવાગ ગામે પુત્રીને મળવા આવ્યા હોવાનું ખુલ્યું હતું. ત્યારબાદ દિકરી ખેતાબેન અને તેના પતિ ગણપતભાઈને અને ગુજરનાર હિંમતસિંહ ના દિકરા કાંતીભાઈ (રહે. ધુંટુ ગામ, તા. જી. મોરબી)ને પણ પડધરી પોલીસ સ્ટેશને બોલાવેલ અને પુછપરછ દરમીયાન પુત્રી ખેતાબેન અજનારે કબુલાત આપેલ કે ગઈ તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ પિતા હિંમતસિંહ તેના ઘેરે આવેલા અને તે વખતે પિતા સાથે તેને તથા તેના પતિને ઝઘડો થતા તેને લાકડી વડે અને તેના પતિએ લોખંડના સળીયા વડે તેના પિતાને મોતને ઘાટ ઉતારી લાશને ખીરસરા રોડ તેની મો.સા. પર બેસાડી તરઘડી આવી ગયા હતા. ફરીયાદ ગુજ. ના દિકરાએ પડધરી પો.સ્ટે. માં તા. ૦૨/ ૦૭/ ૨૦૨૫ના રોજ લખાવી હતી. પોલીસે આરીપોઓ સામે બી.એન.એસ. કલમ-૧૦૩ (૧), ૨૩૮, ૫૪ વિગેરે મુજબ ગુનો નોંધી આરોપીઓની ધોરણસર કાર્યવાહી અને તપાસ બાદ ચાર્જશીટ ફાઈલ થતા આરોપી ખેતાબેને જામીન અરજી કરી હતી. સદરહુ કામે સરકારી વકીલ પરાગ એન. શાહે હાજર થઈ પોલીસ પેપર્સ, સોગંદનામું વિગેરે પેપર્સ રજુ કરેલા અને તે મુજબની દલીલો આરોપીઓ સામે પ્રાઈમાફેસી કેસ છે. સદર કામના અરજદારે જે ગુજ. ના સગા દિકરી છે સદરહુ લાશને આરોપીની બાજુમાં રહેલ એક સાહેદે જોયેલ હતી. અને તે આરોપીઓના ઘરના સીસીટીવીમાં તથા અન્ય સીસીટીવીમાં આ કામના અરજદાર આરોપી તથા તેના પત્ની ગુજરનારની લાશને તેના મો.સા.માં લઈ જતા હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. જે ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી ખેતાબેન ગણપતભાઈ અજનારની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી હતી. આ કામે સરકાર તરફે સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયા હતા.

# પોલીસની ફરજમાં રૂકાવટના ગુનામા બે શખ્સો નિર્દોષ

## મહિલા પીએસઆઈ અને પોલીસ મેન ને કહેલ કે ટ્રાફિકની ખોટી રીતે કામગીરી કરો છો તેમ કહીને અશોભનીય વર્તન કરી ધમકી આપી

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા સવન સીયનેટ ની સામે ટ્રાફિક પીએસઆઈ અને કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ કરી ધમકી આપવાના ગુનાનો કેસ ચાલી જતા બે શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રૈયા રોડ પર ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા ત્યારે લષ ૩ સલ ૧૯૯ નંબરના બુલેટને અટકાવતા ઋષિકેશભાઈ અનિલભાઈ ઓઝા અને આર્યન રાજેશભાઈ ઓઝા ઉસકેરાઈ જઈ મહિલા પીએસઆઈ એમડી વાળા અને પોલીસ મેન ને કહેલ કે ટ્રાફિકની કામગીરી ખોટી રીતે કરો છો તેમ કહીને તેઓની સાથે અશોભનીય વર્તન કરી ધમકી આપ્યા અંગેની પોલીસ મેન વિપુલભાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે ઋષિકેશભાઈ ઓઝા અને આર્યનભાઈ વ્યાસ ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું હતું. કોર્ટમાં કેશ ચાલવા ઉપર આવતા ફરીયાદ પક્ષ કેસ પુરવાર કરવામા નીષ્ફળ રહેલ છે આરોપીના એડવોકેટ સંજય પંડયા દ્વારા સાક્ષી પુરાવા ઉલટ તપાસ અને દલીલ ધ્યાને લઈ એડી. ચીફ. જયુ. મેજી.એ બન્ને શખ્સોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ સંજયભાઈ પંડયા, મનિષભાઈ પંડયા, જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા અને દક્ષાબા એમ. જાડેજા રોકાયેલ છે.

# છૂટાછેડાના ચાલુ દાવે પત્નીની વચગાળાના ભરણપોષણની અરજી કોર્ટે ફગાવી

## પત્ની અન્ય પુરૂષ સાથે કરારથી રહેતી હોવાના પુરાવા અદાલતમાં રજૂ કર્યા

**અબતક, રાજકોટ**

અલગ રહેતી પત્ની સામે લગ્ન વિચ્છેદ (છુટાછેડા)નું હુકમનામું મેળવવા પતિએ ફેમિલી કોર્ટમાં કરેલા દાવામાં સામાવાળા પત્નીએ કરેલી વચગાળાના ભરણપોષણની અરજી પ્રિન્સિપલ જજે ના મંજૂર કરી છે.

આ અંગેની હકીકત મુજબ, પતિએ પત્ની સ્વછંદી જીવન જીવતી હોવાના મતલબના આક્ષેપ કરી હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૧૩( એ) હેઠળ લગ્નવિચ્છેદ મેળવવા ફેમિલી કોર્ટ સમક્ષ દાવો દાખલ કર્યો છે. આ દરમિયાન પત્નીએ હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૨૪ હેઠળ ભરણપોષણ મેળવવાની અરજી સાથે વચગાળાનું ભરણપોષણ મેળવવા અરજી કરી હતી. અરજીમાં જણાવ્યું હતું કે, તેમની પાસે આવકનો કોઈ સ્વતંત્ર સ્રોત નથી અને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે પતિ પાસેથી આર્થિક મદદ જરૂરી છે. પતિ પાસે પૂરતી આવક હોવા છતાં તેઓ ભરણપોષણ આપવા તૈયાર નથી. જે સામે પતિના એડવોકેટ પ્રકાશ બેડવાએ દલીલ કરી હતી કે, પત્ની પોતાની મરજીથી અલગ રહે છે અને હાલ અન્ય પુરુષ સાથે રહેતી હોવાથી ભરણપોષણ મેળવવા હકદાર નથી. આ અંગેના ફોટોગ્રાફ્સ અને એક કરાર પણ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે નોંધ્યું છે કે, રજૂ કરાયેલ કરાર પર બંને પક્ષો તેમજ પત્નીના મિત્રના પણ હસ્તાક્ષર છે. તે અમલમાં મુકાયેલ હોવાનો પ્રાથમિક દૃષ્ટિએ અંદાજ આવે છે. તેથી હાલના તબક્કે પત્ની ભરણપોષણ મેળવવા હકદાર નથી, એવી નોંધ લઈને અદાલતે વચગાળાના ભરણપોષણની અરજી નામંજૂર કરી હતી. આ કામમાં પતિ તરફથી એડવોકેટ પ્રકાશ નથુભાઈ બેડવા, માધવભાઈ બગડા, અશોકભાઈ વાઘેલા, અભીભાઈ ચોલેરા, મદદનીશ જોશનાબેન જી. સોલંકી, આર.કે. વાઘેલા અને હિતેષભાઈ બેડવા રોકાયા છે.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના સજાના હુકમ સામે અપીલમાં આરોપીને વચગાળાની રાહત

## ટ્રાયલ કોર્ટે ફરિયાદીની ઉલટ તપાસમાં ફરિયાદ કરતા વિપરીત હકીકતો ધ્યાને લીધી હોવાની દલીલો

**અબતક, રાજકોટ**

રાજકોટ પંથકની પેપર મિલમાંથી જથ્થાબંધ પુઠાની ખરીદી પેટે આપેલા રૂ. ૧૦-૧૦ લાખના ચાર ચેક રિટર્નના કેસમાં નીચલી અદાલતે અમદાવાદના વેપારીને ફટકારેલી સજાના હુકમ સામેની અપીલ સેશન્સ કોર્ટે દાખલ કરીને આરોપીની સજાના હુકમ સામે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે.

આ કેસોની વિગત એવી છે કે, નિલકંઠ પેપર્સ એન્ડ પલ્પના પ્રોપરાઈટર, આર.જે.ગોંડલિયા, (રહે. નાના અમરેલી, જી. રાજકોટ) દ્વારા ચિત્રા કોર્પોરેશન અમદાવાદના માલિક એમ. આર. કલાર્થી (રહે દિલ્હી દરવાજા, અમદાવાદ) વિરુધ્ધ વર્ષ ૨૦૧૬ તેમજ વર્ષ ૨૦૧૮માં કુલ રૂ.૪૦ લાખના પેપર પૂઠાની ખરીદી કરેલ હતી, તેમજ અન્ય રૂ.૨૦ લાખના પેમેન્ટ ચૂકવાઈ ગયેલ. ત્યાર બાદ એમ આર કલાર્થી રૂ. લાખના વિવિધ ચેક આપવામાં આવેલ તે રીટર્ન થયા અંગે ફરિયાદી ભાગીદારી પેઢીના બે અલગ અલગ ભાગીદારો દ્વારા વિવિધ મુદ્દે રૂ.૧૦-૧૦ લાખના ચાર ચેક રિટર્ન થયા અંગે ૪ ફોજદારી ફરિયાદ જ્યુડિશિયલ ફર્સ્ટ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હતી, જે કેસોમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા સજાના કરવામાં આવેલા હુકમો બાદ તે તમામ હુકમ સામે ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ સમક્ષ કન્વિકશન અપીલ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા એપેલન્ટ આરોપી તરફથી અદાલતનું આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ હતું કે ટ્રાયલ કોર્ટમાં ફરિયાદીની ઉલટ તપાસના સ્ટેજે ફરિયાદની હકીકત કરતા અલગ હકીકતો રેકર્ડ ઉપર આવેલ હતી. અને દલીલ થયેલ કે, આ પુરાવા આરોપીની ફેવર માં હોવા છતાં નીચલી અદાલત દ્વારા તેને નજર અંદાજ કરવામાં આવેલ હતા, આવી વિવિધ બાબત ધ્યાને લઈ અપીલના સ્ટેજે આરોપીને રૂ.૪૦ લાખની કુલ ૪ કેસોમાં થયેલ સજા ઉપર સ્ટે ફરમાવી સેશન્સ જજ દ્વારા શરતી વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવેલ હતો. આ કામે અપીલકર્તા આરોપી તરફે એડવોકેટ ભાવિન એ.વ્યાસ રોકાયા છે.

# ધ્રાંગધ્રાના તબીબને ડ્રગ્સ કેસમાં ફસાવી તોડનો પ્રયાસ કરવામાં કોન્સ્ટેબલ સહિત છ ઝડપાયા

## માલવણ નજીક કાર અટકાવી આઈ.બી.ના અધિકારી તરીકે ઓળખ આપી બ્લેક મેઈલીંગ કર્યું: મહિલા સહિત તમામ રિમાન્ડ પર

**અબતક, સલીમ ધાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના ઓર્થોપેડિક ડો.આશિષ ચંપકલાલ શાહને ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી લાખો રૂપિયાનો તોડ પાડવાનો શરમજનક પ્રયાસ પોલીસ તપાસમાં બહાર આવ્યો છે બોગસ આઈ.બી. અધિકારી બની ડોક્ટરની કારમાં ડ્રગ્સ જેવી પડીકી મૂકી બ્લેકમેઈલિંગ કરવાનો ભાંડાફોડ થતાં પોલીસે મહિલા સહીત ૬ આરોપીઓને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, ધ્રાંગધ્રાના ડોક્ટર હાઉસ હોસ્પિટલ ધરાવતા ઓર્થોપેડિક સર્જન આશિષ ચંપકલાલ શાહ તા.૧૧ માર્ચે ધ્રાંગધ્રાથી અમદાવાદ પોતાના ઘરે જવા માટે કારમાં નીકળ્યા હતા. તે દરમિયાન માલવણ-વિરમગામ હાઈવે ઉપર આવેલા ટોલબુથ નજીક કેટલાક શખ્સોએ તેમની કાર રોકી હતી આ ટોળકીમાં હિંમતનગરમાં રહેતો અને ભૂવા તરીકે ઓળખાતો કેતન હસમુખલાલ રાવલ ખાખી ડ્રેસમાં આવેલી મહિલા સહિત અન્ય સાથીદારો સાથે હાજર હતો કેતને પોતે આઈ.બી. વિભાગનો અધિકારી હોવાનું કહી કારની તપાસ શરૂ કરી અને ચોરીથી કારમાં ડ્રગ્સ જેવી પડીકી મૂકી દીધી. ત્યારબાદ મોબાઈલમાં વીડિયો બનાવી ડોક્ટરને ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી પૈસા પડાવવાનો ષડયંત્ર રચાયું પરંતુ ડો. આશિષ શાહ ઠગ ટોળકીના દબાણમાં આવ્યા નહીં અને આખરે બજાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આખું કાવતરું બહાર આવ્યું. પોલીસ તપાસમાં કેતનકુમાર હસમુખભાઈ રાવલ, રહે હિંમતનગર, સાબરકાંઠા બી. ડિવિઝનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વૈભવસિંહ મહેન્દ્રસિંહ તથા હોમગાર્ડ આશિફશા ઈકબાલશા દીવાનભાઈ, નિલેશભાઈ ઉમેદરામ રહે મોરબી જીલ્લો હમપુર, હિતેષકુમાર ચંદુભાઈ પંચાલ રહે અમદાવાદ ગોતા, કુપાબેન વા/ઓ હિતેષભાઈ ચંદુભાઈ પંચાલ, રહે અમદાવાદ ગોતા, સહિત ૬ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે ઝડપાયેલા આરોપીઓને કોર્ટમાં રજુ કરતા ૨૦ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. જો કે, આ સમગ્ર તોડકાંડનો મુખ્ય સૂત્રધાર કેતન હસમુખલાલ રાવલ પણ પોલીસની પકડમાં આવી ગયો છે. બોગસ અધિકારીઓ બની લોકોને બ્લેકમેઈલ કરવાની ગંભીર ગેંગ સક્રિય હોવાનો ભાંડાફોડ થયો છે.

# ગ્રાહક સુરક્ષા મંડળના સભ્યો નવનિયુકત ડી.આઈ.જી.નિર્લીપ્ત રાયને મળ્યા

## સ્વાગત કરી સુરક્ષા માંગી, ગ્રાહક જાગૃતિ સપ્તાહની ઉજવણી કાયદો વ્યવસ્થા અંગે ચર્ચા કરી

**અબતક, રાજકોટ**



રાજકોટમાં ગ્રાહક સુરક્ષા સંગઠનના સભ્યોએ નવ નિયુકત ડી.આઈ.જી.નિર્લીપ્તરાયની મુલાકાત કરી હતી. આ બેઠક દરમ્યાન કાયદો-વ્યવસ્થા, ગ્રાહક જાગૃતિ સપ્તાહની ઉજવણી અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત રાજકોટ શહેરમાં ચાલતી વિવિધ ઝુંબેશ અંગે પણ વાતચિત કરી હતી.

ગ્રાહક સુરક્ષા સંગઠન પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણીના નેતૃત્વમાં રાજકોટના પદાધિકારીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ બેઠક દરમિયાન ગ્રાહક સુરક્ષા સંગઠન રાજકોટ સીટી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ ઝુંબેશો અને સામાજિક કાર્યો અંગે એડવોકેટ અતુલભાઈ જોષીએ રજુઆત કરીને ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને ગ્રાહક જાગૃતિ, સાઈબર અવેરનેશ અને ફુડમાં થતી ભેળસેળ અંગેની જાગૃતિ ક્ષેત્રે કરાતી કામગીરીથી ડી.આઈ.જી.ને સવિસ્તૃત રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા. ''વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ''ની ''ગ્રાહક જાગૃતિ સપ્તાહ' ઉજવાય છે તે વાતથી પરિચિત કર્યા હતા. પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી તથા લાયજન ઈન્ચાર્જ એડવોકેટ અતુલભાઈ જોષીની રજુઆતથી પ્રભાવિત થઈ તમારી સંસ્થાને મારી કાંઈ જરૂર હોય તો ચોકકસ જણાવશો. હું કાયદાના દાયરામાં રહી ને ચોકકસ સપોર્ટ કરીશ તેવો કોલ આપેલ. આ શુભેચ્છા મુલાકાતમાં સંગઠન પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી, ઉપપ્રમુખ ધર્મેશભાઈ જીવાણી, અને ગોપીભાઈ પટેલ, સેક્રેટરી મનિષભાઈ પટેલ, લાઈજન ઈન્ચાર્જ એડવોકેટ અતુલભાઈ જોષી, દિપકભાઈ કલ્યાણી, અવેરનેસ ઈન્ચાર્જ પ્રકાશભાઈ કલ્યાણી, કારોબારી મેમ્બર અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# બજરંગ ગ્રુપ દ્વારા ચકલી બચાવો અભિયાનમાં સેવા આપનાર હર્ષદસિંહ જાડેજાનું સન્માન

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ દ્વારા દ્વીતીય પરિચય પસંદગી મેળામાં સર્વોતમ સતત જાગૃત, નિવૃત પોલીસ અધિકારી અને અમારી સંસ્થાના મોભી, નિસ્વાર્થ બાજ નજર સેવા માટે તેમજ લુપ્ત થઈ રહેલ ચકલીને બચાવવા માટે લાકડીના માળાના વિતરણ કાર્યક્રમમાં તેમની સેવા આપનાર હર્ષદસિંહ જાડેજાનું સન્માન સંસ્થાના સ્થાપક કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, ખજાનચી દિનેશભાઈ તન્ના દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના માર્ગદર્શક તરીકે સંસ્થાના પ્રમુખ હસુભાઈ ગણાત્રા, પ્રોજેકટ ડાયરેકટર જતીનભાઈ ભીંડોરા રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હર્ષભાઈ માતવડીયા, રાકેશભાઈ ગુણવંતભાઈ દવે, તુલસીભાઈ ટહેલરામ, વિગેરે કાર્યરત રહ્યા હતા. આગામી દિવસોમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવશે.

●●●●●● બાપા તું બડો ધણી તુજશે બડો ન કોઈ, તું જીસ કે સર પે હાથ રખે વો જગમેં બડો હોઈ ●●●●●●

# સંત શિરોમણી પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથિએ પાટડીમાં રવિવારે ભાવ વંદના

## શ્રી જગાબાપા પ્રેરિત પાટડી ઉદાસી આશ્રમના સીતારામ પરિવાર દ્વારા ભકિતસભર આયોજનઃ ભજન, ભોજન અને ભકિતનો મહાસંગમ

**રાજયભરના ભાવિકોને ઉમટી પડવા સીતારામ પરિવાર દ્વારા સ્નેહ નિતરતું આમંત્રણ**





**અબતક,રાજકોટ**

સંતો ભલે સદેહ આપણી વચ્ચે ઉપસ્થિત ન હોય પરંતુ તેઓની કૃપા દ્રષ્ટિનો સાક્ષાત્કાર નિયમીત સમયાંતરે ભાવિકોને થતો રહે છે. સૌરાષ્ટ્રની ભૂમિને સંતો અને સુરાની ભૂમિ માનવામાં આવે છે. સૌરાષ્ટ્રના પ્રથમ પંકિતના સંત શીરોમણીમાં જેમની ગણના થાય છે. તેવા પાટડીના ઉદાસી આશ્રમના પ્રણેતા પ.પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીના અવસરે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં પાટડી ગામે ખારાગોઢા રોડ સ્થિત ઉદાસી આશ્રમ ખાતે આગામી ૨૨મી માર્ચના રોજ ભકિતસભર ઉજવણી કરવામાં આવશે ભાવવંદના અંતર્ગત પૂ. બાપાને શિષ્યભાવે સ્મરણાંજલી અર્પણ કરશે ભજન, ભોજન અને ભકિતનો મહાસંગમ રચાશે. પૂ. બાપાની સમાધીનું પણ ભાવીગણો દ્વારા ભકિતભાવ સાથે પૂજન કરવામાં આવશે. પાટડીમાં શ્રી જગદીશ્વર મહાદેવ તપોભૂમિમાં દુ:ખ દરિદ્રતા, પંડ પીડાનો કાયમી અંત એવા સંત શિરોમણી પૂ. જગાબાપા સમાધિ સ્વરૂપ બિરાજે છે તેઓનાં પરચાનો સાક્ષાત શિષ્યગણોને સતત પ્રાપ્ત થઈ રહ્યો છે. જગાબાપા એ ભલે વિદાય લીધાને સવા દાયકા જેવો સમય વિતી ગયો છે. પરંતુ ભાવિકોના એક સ્મરણે બાપા આજેય પીડા હરવા માટે પરચા પૂરે છે. આગામી ૨૨મી માર્ચના રોજ પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથી છે. આ પાવન અવસરે સીતારામ પરિવાર દ્વારા ભાવવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે વહેલી સવારે યજ્ઞનો આરંભ થશે. ત્યારબાદ સવારે ૧૦.૧૫ કલાકે મૂતિપૂજન અને બપોરે ૧.૩૦ કલાકે ભાવિકો માટે પ્રસાદ પિરસાશે. બપોરે ૪ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળશે જેમાં ચાંદ મીર એન્ડ ગ્રુપ એચ.વી. સાઉન્ડના સથવારે શોભાયાત્રામાં રાહુલ આજણા, જયમીન ડભોણા, સુરેશ ડુમાણા અને વિપુલ સુસરા જમાવટ કરશે. શિષ્યગણો તથા જાહેર જનતા માટે સાંજે ૭ કલાકથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના ૯ કલાકે જાહેર સંતવાણીનો કાર્યક્રમ યોજાશે જેમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહીર, ભજનીક ફરીદાબેન મીર, લોક ગાયક દેવ પગલી, ભજનીક જયમંતભાઈ દવે, લોક ગાયક ઉદયભાઈ ધાંધલ, લોક ગાયક જીજ્ઞેશભાઈ બારોટ, ઉમેશભાઈ બારોટ, હાસ્ય કલાકાર હકાભા ગઢવી, ભજનીક શિવરાજભાઈ ગઢવી, મોજીલો માલધારી મેરૂભાઈ રબારી, ભુવાજી ગમનભાઈ

(અનુ. આઠમા પાને)

**ઉદાસી આશ્રમનો સેવાયજ્ઞ**

- અન્નક્ષેત્રની સેવા
- અભિયાગતની સેવા
- ગૌ શાળા પર્વની ઉજવણી
- અમાસે કષ્ટ નિવારણ વૈદિક યજ્ઞ
- આપાત કાલે અનિવાર્ય સેવાઓ

**યજ્ઞ, સમાધીપૂજન, મહાપ્રસાદ સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશેઃ મહંત પૂ. ભાવેશ બાપુ અને લઘુમહંત વૈભવ બાપુ ભકતગણોને આર્શિવચન પાઠવશે**

**અબ તક CHANNEL પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીએ ભાવ વંદના અબતક પર લાઈવ નિહાળો ૨૨મીએ રાત્રે ૯:૦૦ કલાકે**

**સમાધી પૂજન, વિશાળ શોભાયાત્રા, સંતવાણીમાં માયાભાઈ આહીર, ફરીદાબેન મીર, દેવ પગલી, જયમંત દવે, ઉદય ધાંધલ, જીજ્ઞેશ બારોટ, ઉમેશ બારોટ સહિતના નામી –અનામી કલાકારો ચાંદ મીર એન્ડ ગ્રુપ એચ.વી. સાઉન્ડના સથવારે ભાવિકોને ભકિતરસમાં તરબોળ કરશે**

# રોડ કોન્ટ્રાકટરોને રસ્તાની ગુણવત્તાના આધારે પેમેન્ટ ચૂકવાશે

## રોડની ગુણવત્તા જાળવવા ગુજરાતમાં ઓપીઆરસી પધ્ધતિ લાગુ કરશે રાજ્ય સરકાર

**અબતક, રાજકોટ**

રાજ્યમાં રસ્તાનું આયુષ્ય વધારવા અને ખર્ચમાં ઘટાડો કરવા નવી પધ્ધતી અમલમાં આવશે. કોન્ટ્રાકટરોને હવે રસ્તાની લંબાઇના આધારે નહી પરંતુ રસ્તાની ગુણવત્તાના આધારે પેમેન્ટ કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા ખાતે માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચા દરમિયાન મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસનો નવો રોડમેપ રજૂ કર્યો હતો.

મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં રાજ્યનું રોડ નેટવર્ક ૧ લાખ કિ.મી. હતું, જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧.૩૫ લાખ કિ.મી.થી વધુ થયું છે.

આઉટપુટ એન્ડ પરફોર્મન્સ બેઝ્ડ રોડ કોન્ટ્રાકટ પદ્ધતિ અને સ્માર્ટ મેઈન્ટેનન્સ અંગે જણાવ્યું હતું કે, રાજ્યના બજેટમાં રસ્તાઓની ગુણવત્તા અને આયુષ્ય વધારવા માટે કેટલીક ક્રાંતિકારી પદ્ધતિઓ જાહેર કરવામાં આવી છે. ઓપીઆરએસ પદ્ધતિ માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જેમાં રકમની ચૂકવણી કામના જથ્થાને બદલે રસ્તાના પર્ફોર્મન્સના આધારે થશે, જે રાજ્ય સરકારનો ખર્ચ ઘટાડશે અને રસ્તાનું આયુષ્ય વધારશે.

આ ઉપરાંત રાજ્ય હસ્તકના સ્ટેટ હાઈવેની શોર્ટ ટર્મ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મુજબ જાળવણી માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એક નવી પહેલના ભાગરૂપે ૫૦ કિ.મી.ની લંબાઈના રસ્તાનું કલ્સટર બનાવી કોન્ટ્રાકટ કરવામાં આવશે. જેમાં મરામતની તમામ કામગીરીઓનો સમાવેશ કરવામાં આવશે.

ગુજરાતમાં મુખ્યમંત્રી રોડ અને એસેટ મેઈન્ટેનન્સ પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવશે. રાજ્યમાં ૭૦ થી ૮૦ ટકા ટ્રાફીક વહન કરતા અગત્યના હાઈવેનું સુચારૂ મેઈન્ટેનન્સ થાય, માર્ગોની સતત ક્ષમતા વધારવા, રાઈડીંગ કવોલિટી સુધારવા, રોડ સેફ્ટી સુનિશ્ચિત કરવા તથા રાજ્યના હાઈવે નેટવર્ક અને એસેટ્સ માટે પદ્ધતિસર લાઈફ સાયકલ મેનેજમેન્ટ થાય તે હેતુથી રોડ અને એસેટ મેન્ટેનન્સ માટે એક સંકલિત પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં હાલમાં મોટા પાયે માર્ગ નિર્માણની કામગીરી ચાલી રહી છે તેમ જણાવતા મંત્રીએ ઉમેર્યું હતું કે, પ્રગતિપથ યોજના હેઠળ રાજ્યના એક છેડેથી બીજા છેડે ૬ થી ૮ કલાકમાં પહોંચી શકાય તે માટે ૯ કોરિડોરનું ચાર માર્ગીયકરણ

(અનુ. આઠમા પાને)

# 'પી.એમ. રાહત' યોજના હેઠળ ગુજરાતમાં પ્રથમ કેશલેસ કલેમ મંજુર

## મહેસાણા જિલ્લાના અકસ્માત પીડિત યુવાનને મળી નિઃશુલ્ક સારવાર

**અબતક, રાજકોટ**

મહેસાણા આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા નાગરિકોને ત્વરિત અને વિનામૂલ્યે સારવાર મળી રહે તે હેતુથી અમલમાં મૂકવામાં આવેલી પીએમ - રાહત યોજના અંતર્ગત ગુજરાત રાજ્યનો પ્રથમ સફળ કલેમ મહેસાણા જિલ્લામાં નોંધાયો છે. આ યોજના હેઠળ કડી તાલુકાના ગોઠીયા ગામના ૩૫ વર્ષીય યુવાન અમરતભાઈ લબાભાઈને માર્ગ અકસ્માતમાં ઈજા થતા યોજનાનો લાભ આપી ઓર્થોપેડિક સર્જરી કરવામાં આવી હતી. આ સારવારનો અંદાજે રૂ. ૪૭,૩૦૦/- જેટલો ખર્ચ સંપૂર્ણપણે કેશલેસ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો, જેના પરિણામે દર્દીના પરિવાર પર કોઈ આર્થિક ભાર પડ્યો નથી અને સફળ સારવાર બાદ તેઓ હાલ સ્વસ્થ થઈ રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના પીએમ જેએવા - એમએ ઈકોસિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવી છે, જેમાં માર્ગ અકસ્માત બાદ પ્રથમ ૭ દિવસ સુધી અથવા વધુમાં વધુ રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર સંલગ્ન સરકારી અને ખાનગી

(અનુ. આઠમા પાને)

# ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી

## બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા ચકાસણી દરમિયાન કશુ જ શંકાસ્પદ ન મળતા હાશકારોઃ અમદાવાદની પણ અનેક સ્કુલને ઉડાડી દેવાની ધમકી મળી



**અબતક, રાજકોટ**

શાળા, કોલેજો અને અદાલતોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ-મેઈલ ગુજરાતમાં છાશવારે મળી રહ્યા છે. દરમિયાન આજે વ્હેલી સવારે ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. તાત્કાલીક અસરથી વિધાનસભાને ખાલી કરાવવામાં આવી હતી. સત્રમાં હાજરી આપવા માટે આવેલા મંત્રીઓ, ધારાસભ્યો, સચિવો અને અધિકારીઓને તાત્કાલીક અસરથી ગૃહની બહાર કાઢવામાં આવ્યા હતા. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકિંગ દરમિયાન કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુ ન મળતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ગૃહની કામગીરી એક કલાક મોડી શરૂ થઈ હતી ઈ-મેઈલ કયાંથી આવ્યો છે તેની સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. હાલ ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. આજે સવારે ગૃહની કામગીરી ૯ વાગ્યે શરૂ થવાની હતી તે પૂર્વ એક ધમકી ભર્યા ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં ગુજરાત વિધાનસભા ગૃહ અને પરિસરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકી ભર્યા ઈ-મેઈલના કારણે સલામતીના ભાગરૂપે તાત્કાલીક અસરથી ગૃહને ખાલી કરાવવામા આવ્યું હતુ.

સત્રમાં હાજરી આપવા માટે આવેલા મંત્રીઓ અને ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલ ૨માં મોકલી દેવામાં આવ્યા હતા. સચિવ અને અધિકારીઓને પણ બહાર મોકલી દેવાયા હતા. સમગ્ર વિસ્તારને પોલીસ દ્વારા વોર્ડન કરી લોકોની અવર જવર અટકાવી દેવામાં આવી હતી. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સઘન ચેકીંગ શરૂ કરી દેવાયું હતુ. જેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો અનુભવ્યો હતો. મંત્રી અને ધારાસભ્યોને પરત બોલાવી દેવામાં આવ્યા હતા. બજેટ સત્રની કામગરી એક કલાક મોડી શરૂ થઈ હતી.

મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ જયાં બેસે છે તે બિલ્ડીંગને ઉડાડી દેવાની ધમકી મળતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઉપરાંત આજે અમદાવાદની ૬ સ્કુલોને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ મેઈલ મળતા પોલીસ ધંધે લાગી ગઈ હતી. રાજયમાં છાશવારે શાળા, કોલેજ, કોર્ટ બિલ્ડીંગને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળે છે. હવે વિધાનસભા ગૃહને ઉડાડી દેવાની ધમકી મળી છે.

**ધમકી ભર્યા ઈ-મેઈલ મળતા તાત્કાલીક ગૃહને ખાલી કરાવાયુંઃ ધારાસભ્યોને બહાર કઢાયા, ગૃહની કામગીરી એક કલાકથી વધુ સમય મોડી શરૂ થઈ**

# એફઆરસીએ પાંચ ટકાથી ઓછો ફી વધારો માંગનારી ૫૨૨ ટેકનિકલ કોલેજોની ફી જાહેર કરી

## ૨૧ સંસ્થાઓએ કોઇ વિગતો ન મોકલી, ૧૨ કોર્સ બંધ કરવા દરખાસ્ત

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યની સ્વનિર્ભર ટેકનિકલ અને વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મહત્વના સમાચાર આવ્યા છે. ફી નિયમન સમિતિ (ટેકનિકલ) દ્વારા આગામી ત્રણ શૈક્ષણિક વર્ષ (૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮ અને ૨૦૨૮-૨૯) માટે ફી નિર્ધારણની પ્રક્રિયાના પ્રથમ તબક્કાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૫ ટકાથી ઓછો વધારો માંગનારી ૫૨૨ કોલેજોની ફી જાહેર કરી દેવામાં આવી છે. જેની સામે ૧૦૩ કોલેજો એવી છે કે જેણે ૫ ટકાથી વધારે ફી વધારો માંગ્યો હોવાથી તેમને નિર્ધારિત સમયમાં દરખાસ્ત કરવાની સૂચના આપવામાં આવી છે. ૫ ટકાનો વધારો માગનારી કોલેજોમાં સૌથી વધુ અદાણીની ૧.૯૦ લાખ ફી મંજૂર કરાઈ છે.ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા ગત તા.૫મી ડિસેમ્બર ૨૦૨૫ થી ફી નિર્ધારિણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને રાખીને ૨૬ ડિસેમ્બરના રોજ નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરાઈ હતી. જે અંતર્ગત ઓનલાઈન પોર્ટલ પર ડેટા અપડેટ કરવાની અને હાર્ડ કોપી જમા કરાવવાની તક અપાઈ હતી. કુલ ૭૦૫ સંસ્થાઓમાંથી ડેટા મંગાવવામાં આવ્યો હતો. ફી કમિટીના સૂત્રો કહે છે કે, કુલ ૭૦૫ કોલેજો માટે ફી નિર્ધારતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૫૬૯ કોલેજોએ ૫ ટકાથી ઓછો વધારો માંગ્યો હતો. જે પૈકી ૬ સંસ્થાઓએ કોઈ દસ્તાવેજો રજૂ કર્યા નથી. ૪૧ સંસ્થાઓ એવી છેકે, જેની ફી જાહેર કરવામાં આવી નથી. આમ,હાલમાં ૫૨૨ કોલેજોની ફી જાહેર કરી દેવામાં આવી છે. મહત્વની વાત એ કે, ૪૯ કોલેજો એવી છે કે,

(અનુ. આઠમા પાને)

# વાતાવરણમાં પલ્ટા-માવઠાની આગાહી વચ્ચે રાજકોટ સૌથી ગરમ શહેર

## આજથી ત્રણ દિવસ રાજયના અલગ અલગ વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહીઃ ભારે પવન ફૂંકાશે

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્ર્સના કારણે આજથી રાજયભરમાં ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. વાતાવરણમાં પલ્ટા અને માવઠાની આગાહી વચ્ચે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું છે. આજે જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં છુટાછવાયા વિસ્તારોમાં માવઠા વરસી શકે છે. વીજળીના કડાકા ભડાકા સાથે ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય શકે છે.

રાજયમાં છેલ્લા ચારેક દિવસથી કાળઝાળ ગરમીમાં રાહત જોવા મળી રહી છે. ગઈકાલે મંગળવારે ૩૮.૫ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. જયારે સુરેન્દ્રનગર ૩૭.૭ ડિગ્રી, અમરેલી ૩૭.૧ ડિગ્રી, કંડલા એરપોર્ટ પર ૩૭.૧ ડિગ્રી, ભૂજ ૩૭ ડિગ્રી, અમદાવાદ ૩૬.૭ ડિગ્રી, ગાંધીનગર ૩૬.૫ ડિગ્રી અને વડોદરાનું તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું હતુ.વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર તળે આજથી ત્રણ દિવસ રાજયભરમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે જામનગર, મોરબી, દેવભુમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં આવતીકાલે રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ગીર સોમનાથ, કચ્છ અને દિવમાં દરમિયાન શુક્રવારે કચ્છ અને ઉતર ગુજરાતના અમુક વિસ્તારોમાં માવઠું વરસી શકે છે. વીજળીના કડાકા-ભડાકા સાથે કેટલાક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય શકે છે.

માવઠાની આગાહીના પગલે સૌરાષ્ટ્રના અનેક માર્કેટીંગ યાર્ડમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. જયારે ખેડુતોને જણસી લઈને ન આવવા પણ અપીલ કરવામાં આવી છે. આજે સવારે રાજયના અમૂક વિસ્તારોમાં વાતાવરણ પલટાયેલું જોવા મળ્યું હતુ.

# રિલાયન્સે સેમસંગ સાથે ગ્રીન એનર્જીમાં કર્યો મોટો સોદો ૧૫ વર્ષ સુધી 'ગ્રીન એમોનિયા' પૂરું પાડશે

## આ ભાગીદારીથી ભારતના ગ્રીન હાઈડ્રોજન મિશનને વેગ મળશે અને દેશ પ્રદૂષણ મુક્ત ઉર્જાનું કેન્દ્ર બનશે

**અબતક , રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દક્ષિણ કોરિયાની સેમસંગ કંપની સાથે એક ઐતિહાસિક સમજૂતી કરી છે. આ સોદા મુજબ રિલાયન્સ આગામી ૧૫ વર્ષ સુધી સેમસંગને 'ગ્રીન એમોનિયા' (એક પ્રકારનું પ્રદૂષણ મુક્ત બળતણ) પૂરૂં પાડશે. આ સોદાની કુલ કિંમત ૩ અબજ ડોલર હોવાનું મનાય છે. આ સપ્લાય વર્ષ ૨૦૨૯ના બીજા ભાગથી શરૂ થશે.

ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં આ દુનિયાના સૌથી મોટા સોદાઓમાંથી એક છે આ સોદાથી ભારત ગ્રીન હાઈડ્રોજન અને બળતણની નિકાસમાં વિશ્વનું હબ બનવા તરફ આગળ વધશે. રિલાયન્સના ડાયરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું કે, "આ ભાગીદારીથી ભારતના ગ્રીન હાઈડ્રોજન મિશનને વેગ મળશે અને દેશ પ્રદૂષણ મુક્ત ઉર્જાનું કેન્દ્ર બનશે."

દક્ષિણ કોરિયા સરકારે પણ 'નેટ ઝીરો' (ઝીરો પ્રદૂષણ) લક્ષ્યાંકો નક્કી કર્યા છે. સેમસંગને તેના મોટા જહાજો ચલાવવા, ફેક્ટરીઓ ચલાવવા અને ખાતરના વ્યવસાય માટે મોટી માત્રામાં એવા બળતણની જરૂર છેજે પ્રદૂષણ ન ફેલાવે. 'ગ્રીન એમોનિયા' આ માટે શ્રેષ્ઠ વિકલ્પ છે.

રિલાયન્સના શેરમાં પણ આ કારણે તેજી જોવા મળી છે(સોમવારે શેર રૂ.૧,૩૯૫ પર બંધ રહ્યો).

Reliance Industries Limited

### શું છે ગ્રીન એમોનિયા?

સૂર્યપ્રકાશ કે પવનમાંથી મળેલી ચોખ્ખી વીજળી વપરાય છે. સામાન્ય એમોનિયા ગેસ કે કોલસાથી બને છે જે પ્રદૂષણ ફેલાવે છે. જ્યારે ગ્રીન એમોનિયા સૂર્યપ્રકાશ કે પવન ઉર્જાનો ઉપયોગ કરી પાણી અને હવામાંથી બનાવાય છે. આ પ્રક્રિયામાં ઝીરો પ્રદૂષણ થાય છે. પાણીના અણુઓને તોડીને તેમાંથી હાઈડ્રોજન મેળવવામાં આવે છે અને હવામાંથી નાઈટ્રોજન લેવામાં આવે છે. આ હાઈડ્રોજન અને નાઈટ્રોજનને ભેગા કરીને જે એમોનિયા બને તેને 'ગ્રીન' કહેવાય છે. મુખ્યત્વે ખેતી માટેના ખાતર બનાવવામાં અને દરિયાઈ માર્ગે ચાલતા વિશાળ જહાજોમાં બળતણ તરીકે તેનો ઉપયોગ થશે.

### રિલાયન્સનો શું રોલ છે?

જામનગરમાં ૫,૦૦૦ એકરમાં ફેલાયેલું 'ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેક્સ' આ ગ્રીન એમોનિયાનું ઉત્પાદન કેન્દ્ર બનશે. રિલાયન્સે ૨૦૩૫ સુધીમાં 'નેટ કાર્બન ઝીરો' કંપની બનવાનું લક્ષ્ય રાખ્યું છે. સોલર પેનલથી લઈને હાઈડ્રોજન બનાવવા માટેના ઈલેક્ટ્રોલાઈઝર સુધીનું તમામ ઉત્પાદન રિલાયન્સ પોતે ભારતમાં જ કરશે. અત્યાર સુધી ભારત ક્રૂડ ઓઈલની આયાત કરતું હતું, પણ રિલાયન્સના આ પ્લાનથી ભારત હવે ગ્રીન ફ્યુઅલનો વિશ્વમાં સૌથી મોટો નિકાસકાર બનશે. અત્યાર સુધી ભારત પેટ્રોલ-ડીઝલ માટે બીજા દેશો પર નિર્ભર હતું, પણ ગ્રીન એમોનિયાના ઉત્પાદનથી ભારત હવે દુનિયાને બળતણ નિકાસ કરતો દેશ બનશે.